gujaratilexicon

# સન્ડે ઈ-મહેફીલ

## ઈ-બુક

### ભાગ-૧૩




રજુઆત : ઉત્તમ-મધુ ગજ્જર

આ સદીની સિદ્ધિરૂપ, ૪૫ લાખ જેટલા શબ્દોના

મહાભારત જેવા શબ્દભંડોળની, ગુજરાતીઓને

‘ગુજરાતીલેક્સિકોન’

મારફત ચિરંજીવ ભેટ અર્પનાર એના રચયિતા અને

‘સન્ડે ઈ–મહેફિલ’ના વરિષ્ઠ સમ્પાદક

હૃદયસ્થ **રતિલાલ ચંદરયા**ને આ ઇ–બુક ભાવાદરપૂર્વક

અર્પણ..



**જન્મ** : વીજયાદશમી : ૨૪/૧૦/૧૯૨૨ .. **નિર્વાણ** :

વીજયાદશમી : ૧૩/૧૦/૨૦૧૩

(સ્વર્ગસ્થ પત્નીનું નામ પણ ‘વીજયા’)

ઈ–બુક

# ‘સન્ડે ઈ–મહેફીલ’

## ભાગ-013

‘સ.મ.’ ક્રમાંક 301 થી 325

: રજુઆત :

ઉત્તમ.મધુ ગજ્જર

.સુરત.

નેટ વાપરનારાઓને જેણે વાચનને છંદે વળગાડ્યા તે, ૨૦૦૫થી શરૂ થયેલી ‘સુ–વાચનયાત્રા’–‘સન્ડે ઈ–મહેફીલ’માં રજુ થયેલી સઘળી રચનાઓને, અગીયાર ભાગમાં રજુ કરતી નાનકડી આ ઈ–પુસ્તીકાઓ, સઘળી કૃતીના સર્જકો અને સૌ વાચકો–ભાવકોને સમર્પીત...

: સમ્પાદકો :

Late - Ratilal Chandaria,
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

Arnion Technologies Pvt Ltd
303-A, Aditya Arcade,
Opp. Choice Restaurant,
Near Swastik Cross Road
Navrangpura, Ahmedabad - 380 009
Phone No – 079 4004932

# પ્રાસ્તાવીક

વીશ્વભરમાં વસેલાં ગુજરાતી પરીવારોને દર રવીવારે કશુંક બે પાન જેટલું, જીવનપોષક ગુજરાતી વાચન મળી રહે તે હેતુથી અમે May 29, 2005ના દીવસથી આ 'સન્ડે ઈ–મહેફીલ' નામે 'વાચનયાત્રા' શરુ કરેલી. ત્યારે તો આ ગુજરાતી યુનીકોડ ફોન્ટ નહોતા. તેથી અમે 'કલાપી' અને પછીથી 'વીજયા' નનયુનીકોડ ફોન્ટ વાપરતા. પછીથી યુનીકોડ ફોન્ટ 'શ્રુતી' આવતાં જ અમે તે વાપરવા શરુ કર્યા. શરુઆતમાં માંડ બસોથી બે હજાર પરીવારોને પહોંચતી આ 'સ.મ.', આજે પંદરેક હજારથીયે વધારે વાચકોને (હવે દર પંદર દીવસે) નીયમીત મોકલીએ છીએ. એક વાચકનો પ્રતીભાવ યાદ આવે કે : "તમારી આ 'સ.મ.', એ મારા ઘરનું 'અખંડ આનંદ' છે." આ પ્રતીભાવને સાચો પાડવા અમે સતત પ્રયત્નશીલ છીએ. તેના બધા અંકોનું ઈ–બુક સ્વરુપનું સંકલીત વાચન આપ સમક્ષ રજુ કરવાનો અને અવકાશે જ્યારેય સમય મળે ત્યારે વાંચી શકાય કે કોઈને મોકલવા સુલભ કરી આપવાનો આ પ્રયાસ છે..

'સ.મ.'ને સક્રીય અને જીવન્ત સાથ–સહકાર આપનાર સૌ વડીલો અને મીત્રોનો અમે, તા. ૨૫ મે ૨૦૦૮ની '૧૫૫–એ'ની 'વીદાય–સલામ' નામક 'સ.મ'માં વીગતે આભાર માન્યો છે. તોય ત્યાર પછીની 'કાવ્ય–

ગઝલ'ની અત્યાર સુધીની બધી 'સ.મ.'ના અતીથી સમ્પાદક તરીકે નીષ્ઠાથી સેવા આપનાર સુરતના ગઝલકાર શ્રી ગૌરાંગ ઠાકર અને તેવી બધી 'સ.મ.'નું પ્રેમથી અક્ષરાંકન કરી આપનાર મીત્ર શ્રી સુનીલ શાહના અમે સવીશેષ આભારી છીએ.

આ નવ વરસમાં દુનીયાના એકેએક દેશમાં વસતા વાચનપ્રેમી ભાવકોનો સહયોગ, પ્રોત્સાહન અને હુંફ અમને મળ્યાં. ભરોસો મુકે એવા હજારો મીત્રો મળ્યા. 'સ.મ.' પહોંચે ને પ્રતીભાવોનો વરસાદ વરસે. સ્વ–પ્રશસ્તીના દોષને ખાળવા અમે તેને જાહેરમાં પ્રકાશીત કરવાનું શરુઆતથી જ ટાળ્યું છે. હા, તેવા દરેક પ્રતીભાવકને અંગત મેલ લખી તેમને દીલી આભાર પહોંચાડવાનું અમે ચુક્યા નથી. છતાં પણ એક જ વાર, આવો દોષ ગણો તો દોષ, અમે કર્યો છે.

થયું એવું કે ૧૫૫ સપ્તાહ પછી અમે 'સ.મ.'ને બંધ કરવાનું નહીં; માત્ર વીરામ આપવાનું જાહેર કર્યું. (જુઓ, 'સ.મ.' ઈ–બુક ક્રમાંક – ૭માં, 'સ.મ.' 'વીદાય–સલામ' 155-1 : 18-05-2008). આ 'સ.મ.' વાચકોને પહોંચતાં જ અમારા પર પ્રતીભાવોની મુશળધાર વર્ષા થઈ.. ફરી શરુ કરવાના આગ્રહની ઝડી વરસી. તેમાંના એક સો જેટલા વાચકોના ઉદગાર યથાતથ અમે એક 'સ.મ.'માં પ્રકાશીત કર્યા હતા. (જુઓ, 'સ.મ.' ઈ–બુક ક્રમાંક – ૭માં, 'સ.મ.' 'We salute your 'FEELINGS' for 'SeM'' 155-2 : 13-07-2008). એણે અમને એવા ભાવવીભોર કર્યા કે અમારે માત્ર

બે જ માસના વીરામ પછી 'સ.મ.' ફરી શરૂ કરવી પડી જે હજી ચાલુ છે. અલબત્ત, હવે તે પાક્ષીક બની છે. સાથે સાથે બહુ નમ્રતાપુર્વક અનુભવે એટલું તો કહી શકાય કે ઈ–બુકનો કોઈ પણ ભાગ વાંચવાનું શરૂ કરનારને તેની દીલપસંદ એકાદબે કૃતી તો મળી જ રહેશે. કાવ્ય, ગઝલ, વાર્તા, આરોગ્ય, હાસ્ય, શીક્ષણ અને જીવનપોષક કંઈ કેટલીય કૃતી! પોતાની કૃતી 'સ.મ.'માં મુકવાની હેતથી પરવાનગી આપનાર આપણા માનીતા સર્જકોનો આભાર માનવા તો અમારી પાસે શબ્દો જ નથી!

આર્નીયન ટૅક્નૉલૉજીસમાંથી બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) નો ભક્તીભાવભર્યો સહકાર 'સ.મ.'ને ન મળ્યો હોત તો પંદર હજારથી ઘણા વધારે વાચકો સુધી દર પખવાડીયે પહોંચવાનું અમારાથી શક્ય ના બનત. રોજે રોજ નવા વાચકોની આઈડી ઉમેરવાની, કો'કની બદલાઈ હોય તો તે સુધારવાની, મંગળવારથી 'સ.મ.' મોકલવાનું શરૂ કરવાનું તે.... છેલ્લો લૉટ શુક્રવારે રવાને થાય! સૌનો સાથ લઈ બહેન શ્રુતી નીષ્ઠાપુર્વક આ બધું કરે. આ ઈ–બુક બનાવવાનુંય પછી તો શ્રુતીએ માથે લીધું. આપના સ્ક્રીન પર 'સ.મ.'ની જે બુક છે તેમાં અનેકોની સાથે બહેન શ્રુતીના હૃદયનો ભાવ ભર્યો છે..

જનહીતનું કોઈ પણ નીઃસ્વાર્થ અને સારું કામ કદી અટકતું નથી એ વાતની પાકી પ્રતીતી અમને

'લેક્સીકોન' નીર્માણના લાંબા પ્રવાસે કરાવેલી. તે જ વાત અહીં પણ સાચી પડી રહી છે..

આજનો સમય ઝડપથી 'ઈ–બુક' વાચનનો જમાનો બનવા જઈ રહ્યો હોય તેવી તેની ગતીવીધીની અમને પ્રતીતી થઈ રહી છે તેથી જ આ ઈ–બુક સૌ વાચકોને સપ્રેમ..

કદાચ નવાયુગને પીછાણીને જ આદરણીય શ્રી રતીલાલ ચંદરયાએ આપણ સૌ ગુજરાતીઓને ગુજરાતી ભાષાનો આખો 'ઈ–શબ્દસાગર' સમો 'ગુજરાતીલેક્સીકોન' (http://gujaratilexicon.com/) આંગળીનાં ટેરવાંવગો કરી આપ્યો છે. ભવીષ્ય માટે નીર્માયેલ આ અદ્ભુત વારસાની ખુબી અને વીશીષ્ટતાઓ વીશે પણ અમે થોડી જાણકારી આપતા રહીશું, જેથી સૌ કોઈ એમાં મળતી સવલત–સુવીધાથી પરીચીત થતા રહે અને તેનો ભરપેટ લાભ લેતા રહે.

ઈ–બુક બનાવવાની પ્રેરણા આપનાર અમેરીકાસ્થીત સ્નેહી ભાઈ અતુલ રાવલ (http://www.ekatrabooks.com/) નો, તે 'ઈ–બુક'ને આઈ–પૅડ માટે વાચનક્ષમ ઈ–બુક બનાવવામાં પોતાનો સક્રીય સાથ–સહકાર આપનાર જૅક્સન–મીસીસીપી, અમેરીકાના આલ્ફાગ્રાફીક્સના માલીક રમેશ–શીલ્પા ગજ્જર (rgajjar@alphagraphics.com) નો, પીસી માટે વાચનક્ષમ ઈ–બુક બનાવી આપનાર અમારા અઝીઝ મીત્રો–સાથીદારો અને શરુઆતથી જ લેક્સીકોન સાથે

ભાષાસેવાના કાર્યમાં દીલ રેડનાર ભાઈ અશોક કરણીયા (ashok@gujaratilexicon.com), ભાઈ કાર્તીક મીસ્ત્રી (http://kartikm.wordpress.com/), તથા આર્નીયન ટેક્નૉલૉજીસમાંનાં સૌ ભાઈ–બહેનો, ખાસ કરીને બહેન શ્રુતી પટેલ(shruti@arniontechnologies.com) અને બહેન મૈત્રી શાહ (maitri@arniontechnologies.com) વગેરે સૌનો હૃદયપુર્વક ખુબ ખુબ આભાર..

હજી બીજા બે સાવ અંગત અંગત નામોલ્લેખ કર્યા વીના રહેવાતું નથી. અતીવ્યસ્તતા છતાં છેલ્લી ઘડીએ ભક્તીભાવપુર્વક આ ઈ–બુકનું સરસ મુખપૃષ્ઠ-ટાઈટલ બનાવી આપનાર અમદાવાદની રેડીયન્ટ એડવર્ટાઈઝીંગ (http://www.radiantmedia.co/) ના માલીક શ્રી જયેશ–ઉર્વશી મીસ્ત્રી (jayesh.mistry@radiantmedia.co.in) નો ખુબ ખુબ આભાર..

અને જેનો સૌથી પહેલો આભાર માનવો જોઈએ તેનો સૌથી છેલ્લે માનું : ૨૦૦૦ની સાલમાં, કમ્પ્યુટરનો ‘ક’ નહીં જાણનાર મારા જેવા અભણને, સ્નેહને નાતે; પણ હઠપુર્વક લેપટૉપ ભેટ આપી કમ્પ્યુટરના આ નેટક્ષેત્રમાં પ્રવેશવા માટે ધકો મારનાર ફ્લોરીડાની વીખ્યાત ડીજીટ્રૉન સીસ્ટમ્સ (http://www.digitronsystems.com) ના માલીક શ્રી. દીપક–ભાવના મીસ્ત્રી (dipak@digitronsystems.com)નો તો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. નીવૃત્તી પછી શું કરવું તેનો નકશો જેની પાસે ન હોય તેને, કોઈ આગ્રહપુર્વક કામે લગાડી

દે અને તે પાછું તે જ તેના જીવનનું ધ્યેય બની રહે તે તો કોના નસીબમાં!

## વીશેષ ઋણ

બહેન શ્રુતી પટેલ સંજોગવસાત નીવૃત્ત થતાં ૨૦૧૩ના ડીસેમ્બરથી હજારો વાચકોને 'સ.મ.' મોકલવાની જવાબદારી બહેન મીનલ MINAL MEWADA (minal@arniontechnologies.com)એ સ્નેહથી અને સફળતાપુર્વક સંભાળી. હવે ભાઈ હિતેન્દ્ર – HITENDRA VASUDEV (hitendra@arniontechnologies.com) બખુબી તે સંભાળી રહ્યા છે. આપ જે વાંચી રહ્યા છો તે 'સ.મ.'ની ઈ.બુકનો આ તેરમો ભાગ બહેન મીનલ મેવાડાએ અને તેની ઈ.પબ રાબેતા મુજબ બહેન મૈત્રી શાહે MAITRI SHAH (maitri@arniontechnologies.com) તૈયાર કરી છે.

....ઉત્તમ.મધુ ગજ્જર..

લેક્સીકોન માટે સતત કાર્યરત રહેતાં અર્નીયન કંપનીના આ યુવા ભાઈ–બહેનોનો અમે દીલથી આભાર માની તેમને અભીનંદીએ છીએ.

સૌ ઈ–બુક વાચનરસીયા વાચકોનું અમે ભાવભીનું સ્વાગત કરીએ છીએ અને શ્રદ્ધા રાખીએ છીએ કે અમારો આ પ્રયાસ પણ સૌને પસંદ પડશે.

.રજુઆત.

ઉત્તમ.મધુ ગજ્જર

: સમ્પાદકો :

Late - Ratilal Chandaria,
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

 

325 વાચનસામગ્રીની આવી તેર ઈ.બુક્સ છે. જે ભાગ ન મળ્યો હોય તે મંગાવવા લખો : uttamgajjar@gmail.com

10th October 2015

# અનુક્રમણીકા

## 'સન્ડે ઈ–મહેફીલ' – 013


| ક્રમ | કૃતી | કર્તા | તારીખ | પાન |
|---|---|---|---|---|
| 301 | ગઝલ | કુલદીપ કારીયા | 27-07-2014 | 13 |
| 302 | વીજલમા | ડૉ. શરીફા વીજળીવાળા | 10-08-2014 | 22 |
| 303 | સાવ મામુલી(વાર્તા) | રજનીકુમાર પંડ્યા | 24-08-2014 | 28 |
| 304 | ગઝલ | ભગવતીકુમાર શર્મા | 07-09-2014 | 36 |
| 305 | નામનું રાજકારણ(વાર્તા) | આશા વીરેન્દ્ર | 21-09-2014 | 45 |
| 306 | સીનીયરનામા(હાસ્ય) | હરનીશ જાની(અમેરીકા) | 05-10-2014 | 50 |
| 307 | ગીત | અનીલ ચાવડા | 19-10-2014 | 57 |
| 308 | ધરતીની સોડમ | કામીની સંઘવી | 02-11-2014 | 66 |
| 309 | જીન્દગીએ કરવટ બદલી | હુસૈન કચ્છી | 16-11-2014 | 74 |
| 310 | ગઝલ | ભાવેશ શાહ | 30-11-2014 | 79 |
| 311 | સોમાંથી નવ્વાણું બેઈમાન.. | સુધા મુર્તી | 14-12-2014 | 88 |
| 312 | નાનીયો આઈસક્રુટવાળો(વાર્તા) | 'હરીશ્ચન્દ્ર' | 28-12-2014 | 97 |
| 313 | ગઝલ | હેમંત ગોહીલ | 11-01-2015 | 102 |
| 314 | વનાંચલ | જયન્ત પાઠક | 25-01-2015 | 114 |

| | | | | |
|---|---|---|---|---|
| 315 | પત્ની મારા સુખનો સુરજ છે.. | અવન્તીકા ગુણવન્ત | 08-02-2015 | 125 |
| 316 | ગઝલ | ડૉ. કીશોર મોદી | 22-02-2015 | 133 |
| 317 | વાચનયાત્રા | સંકલન: મહેન્દ્ર મેઘાણી | 08-03-2015 | 143 |
| 318 | માને સુવા દો(વાર્તા) | આશા વીરેન્દ્ર | 22-03-2015 | 152 |
| 319 | મત્લાવીશેષ | સંકલન : સુનીલ શાહ | 05-04-2015 | 158 |
| 320 | મારી ગુજરાતી ભાષા | ફાધર વર્ગીસ પૉલ | 19-04-2015 | 165 |
| 321 | મારા દાજીબાપુ | હરનીશ જાની | 03-05-2015 | 174 |
| 322 | ગઝલ | પંકજ વખારીયા | 17-05-2015 | 182 |
| 323 | મારે મરવું નથી કારણ કે.. | સોનલ પરીખ | 31-05-2015 | 192 |
| 324 | જીવતરનો નીચોડ | આશા વીરેન્દ્ર | 14-06-2015 | 203 |
| 325 | ગઝલ | પારુલ ખખ્ખર | 28-06-2015 | 208 |


વાચકોને વીનન્તી :

અનુક્રમણીકાના ‘ક્રમાંક’ પર ક્લીક કરતાં જ તે લેખ ખુલશે અને શીર્ષકના બૉક્સની નીચે ઝીણા અક્ષરે ‘અનુક્રમણીકા’ પર ક્લીક કરતાં ફરી અનુક્રમણીકા પર જવાશે..

આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે..

..આભાર..

301 : 27-07-2014

# ગઝલ

–કુલદીપ કારીયા

અનુક્રમણીકા

.1.

કોઈ ભુલથી આડે હાથે મુકી દીધેલા ચશ્માં શોધે,
એવી રીતે મારી આંખો બે-ત્રણ જુના સપનાં શોધે.

એમ જ કાયમ હું ને ઈશ્વર એકબીજાને શોધ્યા કરતા,
બચ્ચું એની માને શોધે, મા પણ એના બચ્ચાં શોધે.

શબ્દોની સીમાને લક્ષ્મણ–રેખા સમજી બેઠી દુનીયા,
આંખોને હું જેલ કહું તો તરત આંખમાં સળીયા શોધે!

હીમાલયની જેમ જ, ત્યાં પણ બરફ ઉગે એ સાચી વાત,
કીન્તુ એવો તર્ક લઈને તું ફ્રીઝરમાં ગંગા શોધે?

કેવી ગરમીથી પીડાયા છે આ લોકો જરા જુઓ તો!
મેં નીસાસો નાખ્યો તો સહુ મારી અંદર પંખા શોધે!

.2.

આ રીતે મેં હાલ ઘરનું મન મનાવ્યું છે,
ભીંત પર અજવાસનું પોસ્ટર લગાવ્યું છે.

મારું બચપણ રોજ સાંજે પ્રશ્ન પુછે છે,
આભમાં આ સંતરું કોણે ચગાવ્યું છે?

આંખ છે અડધી સુકાયેલી નદીનો પટ,
સ્મીતનું ચ્હેરા ઉપર ટેટુ છપાવ્યું છે.

જો તમારી આંખમાં દમ હોય તો જુઓ,
મેં હવા પર 'આઈ લવ યુ' કોતરાવ્યું છે.

તું બરાબર વાંચ, તારું નામ આમાં છે,
ભાગ્ય મેં માથે ઉભા રહીને લખાવ્યું છે.

સેવ થાતો જાય અનુભવ, જાત થાય અપડેટ,
જીવવાનું કમ્પ્યુટર જેવું બનાવ્યું છે.

.3.

હવે તમારું જીવન લમણાઝીંક વગરનું છે,

નવા વરસનું કેલેન્ડર તારીખ વગરનું છે.

વાત અહીંથી ક્યાંય જશે નૈ, છોડી દે ચીંતા,
જે ઘરમાં તું બેઠો છે એ ભીત વગરનું છે.

આજ ખરેખર જનમ્યા પહેલાં મરી ગયું જંગલ,
ઉગી ગયું છે ઝાડ; પરન્તુ બીજ વગરનું છે.

મારા ઘરનું ડીમોલીશન બહુ જ અઘરું છે,
એનું ચણતર ઈંટ અને કોન્ક્રીટ વગરનું છે.

તારી આંખોની અંદર આવીને કરવું શું?
કે એમાં દરીયાનું હોવું બીચ વગરનું છે!

.4.

ઝાટક્યો પલંગ ત્યાં તરત બહાર નીકળ્યા,
ઓશીકાની ખોળમાંથી પણ વીચાર નીકળ્યા!

કેટલાક આગીયા સુરજથી તેજમય હતા,
એ વળી રુવા-રુવાની આરપાર નીકળ્યા!

બ્લેડથી બચી ગયા છતાંય લોહી નીકળ્યું,
રુનાં પુમડાં હતાં જે ધારદાર નીકળ્યાં!

આંખ આસપાસ ચીહ્ન રૈ ગયાં છે આજ પણ,
શીતળાની જેમ આંસુ એકવાર નીકળ્યાં!

જેવી રીતે કોઈ બેડરુમમાંથી નીકળે,
એ રીતે અમે શરીરમાંથી બા'ર નીકળ્યા.

.5.

આજે ભલેને ચોતરફ એનો વીરોધ છે,
મારી ગઝલની કુંડળીમાં રાજયોગ છે.

મેં ખોલી શબ્દસૃષ્ટીની અગીયારમી દીશા,
દીક્પાલને ય એટલી વાતે જ ક્રોધ છે.

આવા હજી હજાર અખતરા કરીશ હું,
ખુશ્બુ ઉગાડવાનો આ પહેલો પ્રયોગ છે.

તારા ઉપર લખી રહ્યું છે કોણ જીન્દગી,
પૃથ્વી મને જણાવ કે તું કોનો બ્લોગ છે?

‘કુલદીપ’ને તું પી શકે દરરોજ સ્હેજ સ્હેજ,
જોજે, બહુ પીતો નહીં, એ હેવી ડોઝ છે.

.6.

જોઈ શકાતું હોય જો ધુમ્મસની આરપાર,
તો દૃશ્ય પણ વહી શકે, નસનસની આરપાર.

અજવાળું ઉગશે, હજારો વાર ઉગશે,
અંધારું નીકળ્યું ભલે ફાનસની આરપાર.

એણે કહેલો માર્ગ ક્યાં સમજી શક્યું કોઈ!
ખીલાની જેમ સૌ ગયા જીસસની આરપાર.

પુછો નહીં કે એ પછી આકાર શો થયો
ચારેય રેખા વીસ્તરી ચોરસની આરપાર.

સાચી ગઝલ હશે તો કશું પણ થશે નહીં,
તલવાર જઈ શકે નહીં તાપસની આરપાર.

સંબંધ આપણો કદી જાહેર ના થયો,
એક આગ આવી નૈ કદી બાકસની આરપાર.

.7.

ચશ્માંને એક વાતનો અફસોસ માય નૈ,
ખુશ્બુ બીલોરી કાચથી કેન્દ્રીત થાય નૈ.

અવકાશમાં અવાજ કોઈ સાંભળે નહીં,
મેગેઝીનોમાં કોઈ દી કલરવ છપાય નૈ.

થોડીક લાગણી અમે પીરસી તો એ કહે:
'મારે તો ડાયેટીંગ છે', મારે જરાય નૈ!

લીલાશ ફુટે કેમ મને એ જ પ્રશ્ન છે,
પાણી, પ્રકાશ છે જ નૈ, ટીપું હવાય નૈ.

ટેબલ બનેલા વૃક્ષ પર બેઠી છે પાનખર,
કેવો સ્વભાવ છે કે મરે તોય જાય નૈ?

નભને બધા તારામાં નીચાજોણું થઈ ગયું,
'કુલદીપ' આટલું બધું ઉંચે જવાય નૈ.

.8.

બે-ત્રણ કીરણ કરતાં વધુ ચોરી ન થઈ શકે,

આખા સુરજની કોઈથી કોપી ન થઈ શકે.

આકાશમાંથી છીપમાં હર જન્મમાં પડે,
એક ટીપું કે જે કોઈ દી' મોતી ન થઈ શકે.

કપમાં ભરીને પીઉં છું અફસોસ એ જ કે,
તારા કડક સ્વભાવની કૉફી ન થઈ શકે.

શું એને ફેવીક્વીકથી ચોંટાડી દીધી છે?
કે ભુખ પેટથી કદી નોખી ન થઈ શકે?

ટેટુની જેમ જીભ પર ત્રોફાવશે બધા,
સૌરાષ્ટ્ર જેવી ક્યાંય પણ બોલી ન થઈ શકે.

.9.

ઝાડવું ને સ્ટ્રીટલાઇટ પાસપાસે છે,
જોઈએ કે કોને–કોનો ચેપ લાગે છે!

વાદળાં આકાશમાં વ્યાપેલ ખેતર છે,
કોઈ એને ખેડીને પાણી ઉગાડે છે.

બારી પાસે જો નથી કાતર તો શેનાથી,

એ સ્વયંના કદ મુજબ આકાશ કાપે છે!

વ્હેતા પડછાયામાં નાહી લો ધરાઈને,
સારું છે, તમને નદીનું સપનું આવે છે.

બારણાં પાસે બધાં દૃશ્યો થયાં ભેગાં,
જલ્દી અંદર ધુસવા સૌ ધક્કા મારે છે.

એકબી પર જઈ અને સુંઘી શકે છે સૌ,
ફુલ જે ઘરથી હજારો ગાઉ આઘે છે.

હુંફમાં પણ મેળવણ જેવી અસર છે કે,
ભાન ખોવાતું જતું ને ઉંઘ જામે છે.

.10.

તું અને આ શુદ્ધ અંધારું ખપે, બીજુ કશું રાખી નથી શકતા,
બેડરુમમાં સ્ટ્રીટલાઈટનુંય અજવાળું અમે સાંખી નથી શકતા.

કાનને કે આંખને કે ચામડી કે પેનને પણ સ્વાદગ્રંથી છે,
આ જગતમાં કેટલુંક એવુંય છે જે જીભથી ચાખી નથી શકતા.

સૌ પ્રથમ ચશ્માં કરાવ્યાં ને પછી મેં લેન્સ ફેરીનેય જોયું છે,
આવનારા સંજોગો કેવા હશે એ સ્હેજ પણ ઝાંખી નથી શકતા.

આંખમાં તીરાડ જેવું છે જ નૈ ને તોય કીરણો માર્ગ શોધી લે,
પાંપણોને કચકચાવો તોય તે સરખી રીતે વાંખી નથી શકતા.

સામે ઉભાં ગામડાંનું શું થશે આ વ્હેણ જોઈને કહો જોશી,
હસ્તરેખા જેવા બબ્બે કાંઠા જોઈને તમે ભાંખી નથી શકતા?

ના, અમે કંજુસ તો હરગીઝ નથી; પણ મોસમી મજબુરી છે,
'કુલદીપ',
એટલી ગરમી છે ખીસ્સામાં કે એમાં હાથ પણ નાખી નથી
શકતા.

કવીસમ્પર્ક:
કુલદીપ કારીયા
'ભવાની કૃપા' 2- વીદ્યુત નગર, પ્લોટ નં.37, રૈયા રોડ,
રાજકોટ-360 007
મોબાઇલ નંબર: 940940 4796
ઈ.મેલ – kuldeepkaria@gmail.com

♦●♦

302 : 10-08-2014

# વીજલમા

–ડૉ. શરીફા વીજળીવાળા

અનુક્રમણીકા

એમનું ખરું નામ શું હતું એ તો ખબર્ય નથી; પણ અમે બધાં એમને ‘વીજલમા’ કહેતાં. હું સમજણી થઈ ત્યારથી અમારા ઘર્યે આવતાં જોતી. મધ્યમ કાઠી, એકવડીયો; પણ ખડતલ બાંધો. પરસેવાથી ઝગારા મારતું, છુંદણાંવાળું મોં. મોઢા પર અને આખ્યુંમાં એવું તેજ જે એમને બાકીનાં બધાંથી નોખાં તારવે... ભુખરી જીમી, કાળો પછેડો ને ભુખરું કાપડું પહેર્યું હોય... કાનમાં ઢગલોએક રૂપાની વાળીયું પહેરેલાં વીજલમા એમના વાસની બાકીની બાયુંની જેમ કાનમાં ઠોળીયાં ને હાથમાં બલોયાં કેમ નો’તાં પેરતાં એ તો મોટાં થયાં ત્યારે સમજાયેલું. આપણે ત્યાં સ્ત્રી પરણેલી છે કે વીધવા છે તે વગર કીધે સમજાઈ જાય એવાં ધારાધોરણો સમાજે ઉભાં કરી આપેલાં છે અને ડાહીડમરી સ્ત્રીઓ હોંશે હોંશે એ પાળતી આવી છે. ધણીના લાંબા ગામતરા પછી વીજલમાએ ત્રણેય દીકરીયુંને એકલા હાથે સારે ઠેકાણે વરાવી–પરણાવી... વાર–તે’વારે અમારા ઘરમાં પાલી–બે પાલી બાજરી–જાર ઠાલવી જતાં, અમારા હાથમાં રુપીયો–રડો પકડાવી જતાં વીજલમા અમારાં શું સગાં થતાં’તાં? બા એને માશી કે’તાં. દાડી–

દપાડી કરીને પેટનો ખાડો ભરતી આ ડોશી મારી બાને દેવામાં કોઈ દા'ડો ચુક્યાં હોય એવું હૈયે નથી ચડતું... એક દી પુછી નાખ્યું કે, 'વીજલમા, તમે મારી બાનાં શું સગાં થાવ? તો જવાબ મળ્યો, 'બટા, તારી માનીને મારી પીયરની એક દશ... બે જ ગાઉનો ગાળો... હું એની 'દશ–માશી' થાઉં... તારી માને મા નઈં અટલે પશી મારે જ ટાણું હાસવવાનું હોય ને?'

અઠવાડીયે પંદર દા'ડે વીજલમા એકાદ આંટો જરૂર મારે... જઈ આવે તઈં એના પશેડાના છેડે કાંક્ય ને કાંક્ય બાંધ્યું જ હોય... ફળીયામાં પાર વગરના ખાટલા ઢાળેલા હોય; પણ ઈ ધરાર હેઠાં જ બેહે... અમે રાડ્યું નાખીએ... 'વીજલમા આંયા મારી પાંહે આવતાં રયો, ઘણો માગ સે...' પણ ઈ ધરાર બેઠાં હોય ન્યાંથી નો હલે... 'ના બુન, હું મારે આંયા કણે ઠીક સું...' અમે જેમ જેમ મોટાં થતાં ગયાં, સમજણાં થતાં ગયાં. એમ એમ અમારો વીરોધ સજ્જડ થતો ગયો. આવું કેમ? એ પ્રશ્ન ધાર પકડતો ગયો. વીજલમા આવે એટલે અચુક ચા મેલાય. અમારા ઘરને ફરતી આરપાર કાંય નો દેખાય એવી મોટી ડીંડલીયા થોરની વાડ્ય હતી. વાડ્ય માલીપા કંઈક જીવજંતું પડ્યાં રયે, જાતભાતનાં પંખી માળા બાંધે... ઈ વાડ્યની એક બખોલમાં એક ડાંડલા વગર્યનો કૉપ પડ્યો રયે, કાયમ... જેવી ચા કીટલીમાં ગળાય કે તરત જ વીજલમા ઉભાં થાય. ફળીયામાં માંડેલી કોઠીએ જઈને પેલો કૉપ વીછળે, પછી એમાં ચા ગળાય ને મારું મગજ ફાટી જાય... હું

ધરાર રકેબીમાં ચા ગાળું; પણ વીજલમા નો લ્યે... 'ના બુન, અમે ઢેઢ કેવાઈં, તમારો ધરમ અભડાય તો મું નરકમાં પડું...' ને હું મનોમન એવા ધરમને મણ મણની જોખીને દેતી. આમેય અભડાવાની વાતે હું કાળઝાળ થઈ જતી પેલેથી જ.. અમારા કેટલાય ગોઠીયા અમારા ગોળાનું પાણી નો પીતાં... ને કેટલાયને ઘર્યે 'ખોબો ધર્ય, પાણી રેડું' કે'વાતું... નાની હતી ત્યારે તો ખોબો ધરતી; પણ સમજણી થઈ ત્યારથી નક્કી કરેલું કે જે આપણાથી અભડાય એનાથી આપણેયે અભડાવું... એના ઘરનું પાણી અગરાજ ગણવું... હવે એમાં મારા જ ઘરમાં વીજલમા રકેબીમાં ચા નો પીવે ઈ કેમનું ખમાય? પણ મરતાં લગી એમણે એમનો એ ડાંડલા વગર્યનો કોંપ ન મેલ્યો તે ન જ મેલ્યો.. મારા ઘર્યે મેમાન આવે એટલે વીજલમા 'લે બુન, સા–મોરસના પૈસા... હંધાય હાટું અસલની રગડા જેવી ચા મેલ્ય જોઈં...' કહીને બેસે... એના ઘરની ચાથી અભડાવાય એટલે આવો રસ્તો નીકળે... અમારી અકળામણથી મારી બા કે વીજલમા કોઈનું રુંવાડુંયે નો ફરકે... વીજલમાને પેટમાં દુખે ત્યારે હાથ–પગ–પેટ બધું ચોળી દેતી મારી મા કે ખાવા–પીવાની નાનીથી મોટી ચીજ અમારી ઓસરીમાં ઠલવી જતાં વીજલમા.. આ બેઉનું અભડાવું મને કોઈ દી ગળે ન ઉતર્યું.

અમારા ઘરમાં એ કાઠાં વર્ષોમાં ગમે તેટલા ટાંટીયા સંકોરીએ તોય ચાદર ટુંકી જ થાતી'તી. ઘરમાં ચુલાનો દેવતા

ટાઢો પડવાની તૈયારીમાં હોય, નાખી નજરે કોઈ નો દેખાતું હોય, તંઈ છેલ્લે બા વીજલમા પાંહે હાથ લાંબો કરે... ને ઈ ડોશી ગમે ન્યાંથી સો–બસોની સગવડ કરી દ્યે... પોતે વ્યાજે લાવે ને મારી બાને ઉછીના દ્યે... દર ખીહર્યે પોટલું લઈને આવે : 'લે બુન, આ ખીહર્યનો ખીસડો...' પોટલામાં બે–અઢી પાલી ઘઉં, બાજરી કાં તો જાર્ય હોય. ઓસરીમાં ઠાલવતાંક બે–ત્રણ રુપીયા અમારા હાથમાં પકડાવીને વાજોવાજ નીકળી જાય ફળીયા બા'રાં... મારી બાના નીમાણા મોઢા સામે જોવાની એમનામાં હામ નો'તી. બધા વાર–તેવાર ભુલ્યા વગર સાચવે. તલ, ડોડા, ચીભડાં, શીંગ, બોર, શેરડી... મોસમે–મોસમની ચીજુંનો ફળીયામાં ઘા કરતાં જાય.. એમના ઘર્યે કાંય વાડી–વજીફાં નો'તાં.. ઈ પોતે દાડીયું કરતાં.. ને ન્યાંથી જે મળે એમાં અમારો ભાગ અચુક પાડે... દાડીયું હાલે ન્યાં લગી દાડી કરે ને ઉનાળાના માથું ફાડી નાખતા તડકામાં ડુંગરે–ડુંગરે રખડી–રવડીને પાણકંદા ખોદે અને વેચે... ને તોયે ઈ કાઠા કાળમાં એણ્યે મારી બાને કેટલી વાર મદદ કરી હશે ઈ તો ઈ બે જાણે... ને ત્રીજો ઉપરવાળો જાણે, જો હોય તો... કારેક ખીહર્યનો ખીસડો તો કંઈક નવા વરસની બોણી... સાતમ્ય–આઠમ્ય ને ભીમ અગીયારસ... તેવારના આપણે ક્યાં દુકાળ સે? વીજલમાને દેવા માટે બહાનાં નો'તાં કાઢવાં પડતાં ને મારી માને એમની પાંહેથી લેવામાં નાનમ નો'તી લાગતી... પણ જાતી જીન્દગીએ જંઈ કર હાલતા બંધ થ્યા તંઈ આ ડોશીની લાચારી

કોરી ખાતી... જેના ધણીએ જીન્દગી આખી દીધું જ હોય ને સપનામાંય હાથ લાંબો નો કર્યો હોય... એની જીભ માગતાં ઉપડે કેમની? ને અમારા ઘરમાં તો ઉઘાડો ઉઘાડાને શું ઢાંકેના ખેલ હતા... પણ મોટીબેન કમાતી થઈ પછી થોડા–ઘણા દેતી થઈ... પૈસા લ્યે; પણ રાતાં પાણીએ રોતાં જાય...'અરે બુન, આ દીકરીની કમાણી ખાઈને મું કયે ભવ સુટવાની?' એવું બોલતાં જાય... ફાર્મસી પુરૂં કરીને હું એલેમ્બીકમાં ટ્રેઈની તરીકે જોડાઈ. મહીને ૪૫૦ રૂપીયા મળતા. મારા પેલ્લા પગારમાંથી મેં ૫૦ રૂપીયાની નોટ વીજલમા માટે સાચવી રાખેલી. ઘરની બા'રાં નીકળ્યાં ત્યારે રસ્તા વચાળ જઈને મેં ઈ નોટ એમને દીધી ત્યારે નીતરતી આંખે એમણે જેટલા આશીર્વાદ આપેલા એટલા તો કદાચ મારી માએ પણ કોઈ દી નહીં દીધા હોય...

–ડૉ. શરીફા વીજળીવાળા

નવેમ્બર ૨૦૧૧માં પ્રકાશીત થયેલા લેખીકાના પુસ્તક 'સમ્બન્ધોનું આકાશ' (કુલ પાન : 71+8; કીમ્મત રૂપીયા 80; પ્રકાશક અને પ્રાપ્તીસ્થાન – 'સ્વમાન પ્રકાશન', આલ્ફા ભવન, 12– સુહાસનગર, સેલ્સ ઈન્ડીયાની પાછળ, ઑફ આશ્રમ રોડ, દીનેશ હૉલ રોડના છેડે, સંકલ્પ રેસ્ટોરાંની સામેની ગલીમાં, અમદાવાદ-380 009. ફોન : +91 94276 06956 ઈ-મેઈલ : mdave.swaman@gmail.com )માંથી લેખીકાની પરવાનગીથી સાભાર..

સર્જક–સમ્પર્ક:

Dr. Sharifa Vijliwala,

(Associate Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University, Surat -395 007)

Resi. B-402, Vaikunth Park,

B/H Bejanwala Complex,

Cause-Way Road, Tadwadi,

Surat-395 009

eMail : skvijaliwala@yahoo.com

♦●♦

303 : 24-08-2014

# સાવ મામુલી

–રજનીકુમાર પંડ્યા

અનુક્રમણીકા

‘હેતુ?’

‘શાળા બનાવવી છે.’

‘પણ એમાં તમને મારી આટલી બધી જમીન જોઈએ?’

‘જોઈએ તો ખરી, મનચંદાણી શેઠ, વધારે જોઈએ. કારણ કે સરકારી કાનુન મુજબ શાળા ખોલવી હોય તો સાથે પ્લેગ્રાઉન્ડ પણ જોઈએ અને સેનીટેશનની પણ પુરી સગવડ જોઈએ.’

મનચંદાણી શેઠે કશ લઈને સીગારેટવાળો હાથ જમણી તરફ પડેલી ઍશ-ટ્રે તરફ લંબાવ્યો અને થુલી ખંખેરી પછી સામેના વૉલપીસ તરફ તાકી રહ્યા. નીર્ણયની ઘડી સુધી પહોંચતાં લગી વીચારોનાં નાનાંમોટાં બોગદાંમાંથી પસાર થવું પડે. એ બધું ચહેરા પર સ્પષ્ટ વરતાઈ આવે. ક્યાં પહોંચી ગયા?

•

૧૯૪૭ના ભાગલા વખતે નીર્વાસીત બનીને સીંધના સખ્ખર (સક્કર) પ્રદેશમાંથી ગુજરાતમાં ઉતરી આવ્યા હતા. કોઈ બંદુકનો ભડાકો ધણધણે અને પંખીઓ એકસામટાં માળામાંથી પાંખો ફફડાવીને ઉડી જાય એમ જ થયું હતું. એ વખતે ઉડતાં પંખીમાંથી એકાદને પકડીને કોઈ એની છાતીએ ટચલી આંગળી મુકે તો પણ સમજાઈ જાય કે પાંખોમાં ફફડાટ પછી જનમ્યો હશે;

પહેલાં પ્રાણ ફફડી ઉઠ્યો હશે. ભયે આંખોનો આકાર બદલી નાખ્યો હશે.

એવા દીવસો હતા. ગંદકીથી છલોછલ. એ દીવસોની દુર્ગંધ તો હજુ નાકમાં સચવાઈ રહી છે. ખેર, પણ એ વાતનો આ લોકો શાળા માટે મફત જમીન માગવા આવ્યા છે એની સાથે શો સમ્બન્ધ? શાળા ખોલવી કે એ માટે મદદરૂપ થવું એ ઉમદા કામ છે. નીર્વાસીત બનીને અહીં આવ્યા ત્યારે પહેરેલે કપડે આવ્યાં હતાં. આજે મબલખ પૈસો અને પ્રોપર્ટી છે. ચાલીસ વરસના યુદ્ધમાં આ બધું જીત્યું ને જમા કર્યું. ત્યાંથી આવ્યા પછીનાં ચાલીસ વરસ એ રીતે યુદ્ધનાં હતાં. મનચંદાણી ત્યાં શીક્ષક હતા અને અહીં વેપારમાં પડ્યા અને તરી ગયા. દુઃખ માત્ર એક જ વાતનું હતું કે નાના છોકરાનો સખ્ખરમાં અધુરો છોડેલો અભ્યાસ આગળ ધપાવી શક્યા નહીં. છોકરાને ધંધામાં જોતરી દેવો પડ્યો.

•

‘નાના શેઠ નથી?’ શાળાના એક ટ્રસ્ટીએ માત્ર વીવેકથી પુછ્યું.

‘એ બહાર ગયો છે.’ મનચંદાણી બોલ્યા : ‘પણ તમે ચીંતા ના કરો. ડીસીશન તો હું જ લઈશ.’

‘નાનક શેઠના હાથે જ ભુમીપુજન કરાવીએ.’ એક જણ બોલ્યો. નાનક શેઠ એટલે મનચંદાણીનો દીકરો.

મનચંદાણી જરા દુઃખથી મરકીને બોલ્યા : ‘અભણના હાથે શાળાનું ભુમીપુજન ના કરાવાય.’

‘અભણ?’ એક ટ્રસ્ટી બોલ્યા: ‘હોય નહીં ’

‘હોય નહીં; હોવા પણ ના જોઈએ.’ મનચંદાણીએ કહ્યું અને એકાએક બે શબ્દો પર સો મણનું વજન મુકીને બોલ્યા :

'પણ છે. અમે સીંધથી આવ્યા ત્યારે એણે અભ્યાસ છોડી દેવો પડ્યો હતો.'

'પણ શેઠ,' એક જણ બોલ્યો : 'એ વખતે તો એડમીશનના બહુ પ્રશ્નો ક્યાં હતા? તરત જ એડમીશન આપી દેતા હતા. એમાંય નીરાશ્રીતોનાં બાળકોને તો તરત જ.'

'નીરાશ્રીત ના કહો.' મનચંદાણી એકદમ શીક્ષકના ભાવમાં આવી જઈને બોલ્યા : 'નીર્વાસીત કહો. કોઈ કોઈને આશરે નથી હોતું; ભરોસે હોય છે. છાપરાના મકાનધણીને છાપરાનો ભરોસો હોય છે. અમે શેના નીરાશ્રીત? અમે તો અમારા દેશના જ બીજા ભાગમાં, અમારાં જ સ્વજનો વચ્ચે આવ્યાં હતાં.'

'સાચું.' એક જણ બોલ્યો ને પછી શુદ્ધ માખણના સ્વરમાં ઉમેર્યું : 'પણ જુઓને, અહીં આવીને આપે કેવાં કેવાં સારાં કામ કર્યાં? એ બધું આપના પુરુષાર્થનું જ ફળ ને?'

'પણ મનચંદાણી શેઠ,' બીજો ટ્રસ્ટી બોલ્યો. 'નાના શેઠને જોઈને કોઈ એમ ના કહી શકે કે એ ભણ્યા નથી.'

'ભણેલો છઠ્ઠી અંગ્રેજી સુધી.' મનચંદાણી બોલ્યા, 'પણ અહીં આવીને અમારે ચાર-પાંચ ગામ બદલવાં પડ્યાં, તે પણ એને ભણાવવાના હેતુથી જ.'

'તે પછી શું કંઈ મુશ્કેલી ઉભી થયેલી?' પહેલા જણે પુછ્યું.

મનચંદાણીના મનમાં એ ત્રણ-ચાર માસની મુશ્કેલી ફરી સજીવ થઈ ઉઠી. થોડોક સમય તો રેફ્યુજી કૅમ્પમાં રહ્યા હતા; પણ પછી ભાડે મકાન શોધવા નીકળ્યા હતા. પણ હીંદુસ્તાનમાં મકાન!

એ દૃશ્યો યાદ આવી ગયાં.

•

'કેવા છો?

'ઓહ, નીરાશી? (નીરાશ્રીત) સીંધી!'

મનચંદાણી કંઈ બોલ્યા નહોતા. વધેલી દાઢી પર હાથ ફેરવી રહ્યા હતા.

'ત્યારે તો માંસ-મચ્છી ખાતા હશોખરું ,?'

જુઠું બોલવાનું મન તો થયું; પણ બોલી ન શકાયું. બોલ્યા : 'ક્યારેક, પણ અમારા ઘરની બહાર એની ગંધ પણ ના આવે.'

'નથી આપવું, ભાઈ, અમારે મકાન.' કહીને મકાનધણી અપમાનભરી નજર ફેંકીને ઉભો થઈ ગયો હતો.

'અરે, અરે!', મનચંદાણી બોલવા ગયા, 'શેઠ, તમે કહેશો તો નહીં ખાઈએ.'

પણ મકાનધણીનું મોં બગડી ગયું હતું. જાણે કે સામે જ મચ્છી ન તળાતી હોય! મનચંદાણી બીજે ગયા.

આખરે 'કહેશો ત્યારે ખાલી કરી દઈશું'–ની શરતે એક જગ્યાએ રૂમ-રસોડું-ઓસરી મળ્યાં હતાં. શરત એ હતી કે માંસ-મચ્છી-ઈંડાં કશું રાંધવામાં નહીં આવે.

મનચંદાણીનો એક માસ તો માંડમાંડ સુખચેનથી પસાર થયો. અહીં નાનક નીશાળે પણ જવા માંડ્યો હતો. પણ એક દીવસ સવારમાં જ -

'ભાઈ, રોજેરોજ અમને આ ના પોસાય.' મકાનમાલીક અને એની બૈરી સામે જ ઉભાં હતાં. આ શબ્દો એમના હતા.

'શું સાહેબ?' મનચંદાણીએ પુછ્યું. મકાન-ધણીયાણીનું મોં એકદમ બગડી ગયું. એ બોલી : 'તમે અમને બે દી'માં મકાન ખાલી કરી દો.'

'અરે, પણ શું થયું?' મનચંદાણીએ પુછ્યું.

'અમારાથી તમારા રસોડાની વાસ સહન નથી થાતી રોજરોજ.'

'પણ બહેન', મનચંદાણી એકદમ દયામણો ચહેરો કરીને બોલ્યા : 'અમે અહીં કંઈ જ અખાજ ખાતા નથી. અરે ઈંડાં પણ નહીં!'

'પણ ડુંગળી-લસણ તો ખાઓ છો ને!' એની વાસ અમારું મગજ ફેરવી નાખે છે. સવાર-સાંજ અમારા ઘરમાં પુજાપાઠ થાય. ડુંગળી-લસણનું તો અમારાથી નામ ના લેવાય. અમે ધરમધ્યાનમાં માનવાવાળાં. અમારાથી આવું સહન થાય જ નહીં.'

મનચંદાણીએ બે દીવસમાં ગમે તેમ કરીને બહુ દુરના વીસ્તારમાં મકાન તો શોધી લીધું; પણ નાનકાને ચાલુ નીશાળ છોડાવવી પડી. નાનકાનો જીવ પણ આ ઉથલધડાને કારણે ભણવામાં રહ્યો નહોતો. અંતે ધંધામાં જોતરાઈ ગયો. છઠ્ઠી અંગ્રેજીથી મૅટ્રીકનું સ્ટેશન પછી કદી આવ્યું જ નહીં !

આ બધી વાત કરીને મનચંદાણીએ ટ્રસ્ટીઓને કહ્યું : 'પણ ખેર, એ બધી ગઈ ગુજરી જવા દો.'

'આપણાં લોક જરી ધરમ-કરમવાળાં વધુ ને!' એક ટ્રસ્ટી બોલ્યા ને એ જ ક્ષણે મનચંદાણીના મનમાં ત્રીસ વરસ પહેલાંની

પેલી મકાન-ધણીયાણીની છબી ઉપસી આવી. એણે ફરી પેલાને પુછ્યું : 'શું કહ્યું આપે?'

'ચુસ્ત મરજાદીમાં અમારામાં લસણ-ડુંગળી ના ખાય.' પેલાએ એકદમ ઠાવકાઈથી કહ્યું.

મનચંદાણીને હવે બાંસઠ ઉપર થઈ ગયાં હતાં. પોતાની વાત સામાના ગળે ઉતારવાના નીષ્ફળ મરણીયા પ્રયત્નની લાંબી જફા કરવા કરતાં; વાતનો સાવ બંધવાળી દેવાની સુખ આપનારી સમજણ મનમાં બરાબર વીકસી ચુકી હતી. એટલે એમણે કહ્યું : 'ખેર, તમારે જમીન જોઈએ છે ને? હું આપીશ. માત્ર મને અઠવાડીયાનો સમય આપો. મને કાગળીયાં તપાસી લેવા દો. વકીલને પુછી લેવા દો. સમજી ગયા ને?'

ઉઠતાં ઉઠતાં એ લોકોએ પુછ્યું : 'જાહેરાત કરી દઈએ?'

'ના.' મનચંદાણીએ કહ્યું: 'એટલું બાકી રાખો.' બહાર નીકળીને એક ટ્રસ્ટી બોલ્યા : 'મનચંદાણી શેઠ બોલ્યું પાળે જ. એમાં બેફીકર રહેવું.....'

•

'આપને વકીલે ના પાડી?' ટ્રસ્ટીઓએ સાવ દયામણા ચહેરે પુછ્યું.

'ના.' મનચંદાણી બોલ્યા : 'તમે ગયા પછીના આ પંદર દીવસમાં હું મારા વકીલને એકે વાર મળ્યો નથી.'

'તો?' બીજો ટ્રસ્ટી બોલ્યો : 'અમારો કંઈ વાંક?'

'વ્યક્તી તરીકે આપનો કોઈ જ વાંક નથી.' એમણે કહ્યું, 'વાંક તો મારો કે મેં આપને લગભગ વચન આપ્યું અને પાળ્યું નહીં.'

'અમને તમારા પ્રત્યે વધારે દુઃખ એ માટે છે....' એક ટ્રસ્ટી ઠંડી કંપારીવાળા અવાજથી બોલ્યા : 'તમે અમને જમીન ના આપી તો કંઈ નહીં; પણ પેલા ઈસ્લામીયા મદ્રેસાવાળાને આપી દીધી!'

'શેઠ.' બીજો જણ બોલ્યો : 'કોઈ પાકીસ્તાન ચાલ્યા ગયેલા મેમણની જમીન મદ્રેસા ટ્રસ્ટને મળે તો સમજ્યા. પણ આપણી હીંદુની! અને એમાં પણ સીંધીની?' એક ટ્રસ્ટીને બહુ ગરમી થતી હતી.

બોલ્યો : 'તમે જરા વીચાર તો કરો!મનચંદાણી શેઠ , આ એ જ મુસલમાનો છે કે જેમણે તમને તમારા વતનમાંથી હાંકી કાઢ્યા.' બોલતાં બોલતાં એના મોં પર ધીક્કારની રેખાઓ સળવળી ગઈ. એ બોલ્યો : 'આમાં આપણી હીન્દુ કોમની એકતા ક્યાં રહી?' એનું મોં એવી રીતે બગડી ગયું કે મનચંદાણીને અચાનક ત્રીસ વરસ પહેલાં જોયેલી મકાન-ધણીયાણીના ખુબસુરત ચહેરાની 'કુરૂપતા' યાદ આવી ગઈ!

એમણે કહ્યું : 'મને મારા હીન્દુ ધર્મ પ્રત્યે અપાર લાગણી છે, ભાઈ. ને એવું પણ નથી કે હું દુશ્મન છું ધર્મનો. ને એવું પણ નથી કે ઈતીહાસને હું સમજ્યો નથી. સમજ્યો છું, એટલે જ મને.....'

'માફ કરજો, શેઠ' એક ટ્રસ્ટી બોલ્યો : 'આ બાબતમાં આપ અમને સમજાવી નહીં શકો.'

'તમને કોઈ વાતમાં સમજાવી શકતો નથી એ જ તો મારી બદનસીબી છે.' મનચંદાણી બોલ્યા : 'ને સમજાવવા પણ નથી માગતો. પણ એટલું સમજો તો સારું કે ત્યાંથી અમને હાંકી

કઢાવનાર જે મુસલમાનો હતા, તે આ નહોતા. ને એટલું પણ સમજવા ના માગતો હો તો કહું કે.... ભાઈ, તમને ખબર છે કે જ્યારે અમારી રહેણી-કરણી, ખોરાક કે ડુંગળી-કાંદા જેવી આદતને કારણે છેલ્લે છગન જાદવજી ગાંધી અને એની બૈરીએ બે દીવસમાં મકાન ખાલી કરાવ્યું ત્યારે મકાન મને કોણે આપ્યું હતું?'

કોઈના પણ જવાબની રાહ જોયા વગર એ બોલ્યા : 'એક મુસલમાને જ મને મકાન આપ્યું હતું. ને એ મકાનમાં અમે એકધારાં સોળ વરસ કાઢ્યાં હતાં. કદી કોઈ વાંધોવચકો પણ પડ્યો નહોતો.'

•

'ઉંહ!' બહાર નીકળીને એક ટ્રસ્ટી બોલ્યા : 'જમીન ના આપવી હોય તો કાંઈ નહીં; પણ તમે જોયું? માણસો બહાનાંય કેવાં કેવાં આગળ ધરે છે?'

'સાવ મામુલી.' બીજો બોલ્યો અને સૌ એક સાથે એક ટોળીમાં ચાલવા લાગ્યા.

–રજનીકુમાર પંડ્યા

સર્જકસમ્પર્ક:

Rajnikumar Pandya,
D-8, Rajdeep Park, Baliyakaka Road, Meera Talkies Char Rasta, Maninagar, Ahmedabad-380 028.
Gujarat. INDIA eMail : rajnikumarp@gmail.com
Blog : http://zabkar9.blogspot.in/
Contact: +91 79 253 237 11 Mobile : +91 98980 15545
(Avoid calling between 2 to 4 pm)

♦●♦

304 : 07-09-2014

# ગઝલ

–ભગવતીકુમાર શર્મા

અનુક્રમણીકા

.1.

હા, બને ઘટનાઓ; પણ દૃશ્યો વગર;
ફુલ મારાં ઉઘડે, સુર્યો વગર,

હું અવાજોની સપાટી પર તરૂં;
મારૂં પુસ્તક હોય છે, પૃષ્ઠો વગર.

શ્વાસમાં છે ટેરવાંનું દળકટક;
પુષ્પને પામી શકું, રંગો વગર.

સપ્તરંગી મારાં આકાશો નથી:
ઉડતાં શીખ્યો છું હું, પાંખો વગર.

એક નહીં; પણ સુર્ય ડુબ્યા બે ભલે:
રથ તો ચાલે છે અહીં, અશ્વો વગર.

ક્યાં છે? શું છે? કોણ છે? કેવુંક છે?
જીવવાની ટેવ છે, પ્રશ્નો વગર.

રંગ, રેખા, રૂપ, આકારોથી દુર;
તોય હું જીવ્યા કરૂં, સુર્યો વગર.

આંખ પર છે કાળા સુરજનો કડપ;
કીન્તુ ક્ષણ પણ ક્યાં વીતે, સ્વપ્નો વગર?

.2.

માંડ જીવતી રાખી છે મેં આ ક્ષણ અંગત;
કેમ જીવાડી, તેનું પાછું કારણ અંગત!

આશા છે કે મૃગજળમાં પણ ભરતી ચઢશે,
તેથી તો અકબંધ રહ્યું મારૂં રણ અંગત.

ટોળામાં તો ટાંકો પણ તુટવા નહીં દીધો;
રહ્યા સતત વીખરાતા મારા કણ કણ અંગત.

વ્યાખ્યાની ઓળખચીઠ્ઠીનો અર્થ નથી કંઈ;
શબ્દ, લોહી, સંકેતથી પણ એક સગપણ અંગત.

સહીયારા સંબંધોનો એક ટાપુ જુદો;
વાસ્તવમાં તો હું પણ અંગત, તું પણ અંગત.

ભીંત ભરાઈ ગઈ છે મારી છાયાઓથી;
ચાલ, વસાવી લઉં આજે એક દર્પણ અંગત.

બારે મેઘથી લથબથ ધરતીને શું કરવી?
મને ખપે છે મારો સુકો શ્રાવણ અંગત.

.3.

ચકલીએ ચાંચ મારી ને ફોટો પડી ગયો,
દીવાલ પરથી આખો કબીલો પડી ગયો!

વરસાદમાંય આવીને તેઓ મળી ગયાં,
આંગણમાં થોડો સોનેરી તડકો પડી ગયો.

સંવાદ યાદ નહોતા ને મહોરાં જડ્યાં નહીં,
સારૂં થયું કે મંચ પર પરદો પડી ગયો.

એને તો કુટવાની હતી ટેવ, તે છતાં;
અડક્યું પીંછું ને કાચ પર ગોબો પડી ગયો.

લુંટી ગયું'તું કોઈ ફક્ત લાગણી છતાં,
શ્વાસોના આખા શહેરમાં સોપો પડી ગયો!

ભારે પડી ગઈ બહુ સુરજની દોસ્તી,
પડછાયો અંધકારમાં ખુલ્લો પડી ગયો.

જીવન સમા જીવનની કશી ના રહી વીસાત,
સોદો કર્યો જે મોતથી, મોંઘો પડી ગયો.

.4.

યાદ આછી ફરફરે વરસાદમાં,
આંખ ઝીણું ઝરમરે વરસાદમાં.

બારીની જળમાં થઈ કાલાપલટ,
બારણું ડુસકાં ભરે વરસાદમાં.

કેટલી વ્યાકુળ તરસની છે તરસ!
કુવાથાળે કરગરે વરસાદમાં.

મીટ્ટીની ખુશ્બુને પુરી પામવા,
આભ હેઠું ઉતરે વરસાદમાં.

મોરના ટહુકા ને સણકા છાતીના;
કોણ, ક્યાં ક્યાં વીસ્તરે વરસાદમાં!

પાતળો કાગળ લઈ આકાશનો;
કોઈ હોડી ચીતરે વરસાદમાં.

આંખ ને નભ સર્વ એકાકાર છે;
કોણ આવે ખરખરે વરસાદમાં!

.5.

શ્વાસથી છે સગાઈ જીવું છું,
આમ તો ખોટ ખાઈ જીવું છું...

મેદનીથી કપાઈ જીવું છું,
મારી ભીતર લપાઈ જીવું છું...

હું ગુનેગાર તો નથી, તો પણ;
પંડથી પણ છુપાઈ જીવું છું...

શ્વાસની તો નથી ગતાગમ પણ,
વાંસળીમાં પુરાઈ જીવું છું...

સ્પર્શ કરશો તો માત્ર ખાલીપો,
હું તો સ્મરણે સમાઈ જીવું છું...

આ ગઝલ મારી છે હયાતી પણ,
તારે હાથે લખાઈ જીવું છું...

.6.

અંગત ક્ષણોની મ્હેકમાં સંભારજે મને,
કોઈ અજાણ્યા પુષ્પરૂપે ધારજે મને.

હોઈશ કઈ દશામાં – મને પણ ખબર નથી,
આવું જો તારે દ્વાર તો સત્કારજે મને.

ઝળહળતો થઈ જઈશ પછી હું ક્ષણાર્ધમાં,
તારી નજરના સ્પર્શથી શણગારજે મને.

ભીની ભીની વીદાયનો કોઈ વસવસો નથી,
આંસુ બનાવી આંખથી તું સારજે મને.

સુનકાર ચારે કોરથી ભીંસી વળે તને,
ટહુકાની જેમ ત્યારે તું પોકારજે મને.

તારી જ લાગણી છું; મને વ્યક્ત કર હવે,
શબ્દો મળે કુંવારા તો ઉચ્ચારજે મને.

તારે ઝરુખે વ્યોમ થઈ વેરાયો છું હવે,
વરસાદી કોક' સાંજે તું મલ્હારજે મને.

.7.

હૃદયમાં જ તારા પ્રથમ તું નીરખને!
પછી દસ દીશામાં પરમ તું નીરખને!

અગમ તું નીરખને! નીગમ તું નીરખને!
દ્યુતીની ઝલક ચારેગમ તું નીરખને!

મળ્યો છે તને તે ધરમ તું નીરખને!
આ કાગળ, આ ખડીયો, કલમ તું નીરખને!

હવે ક્ષણનું છેટું એ અપરાધ તારો;
આ લીલા અકળ એકદમ તું નીરખને!

છે પીડાના સણકા હજી કષ્ટપ્રદ, પણ
રુઝાઈ રહેલા જખમ તું નીરખને!

છે તરણાં સમા અન્યના દોષ કીન્તુ,
શીલા જેવું તારું અહમ તું નીરખને!

અટકશે કશું પણ ન તારા વીનાયે;
ગતીનો સનાતન નીયમ તું નીરખને!

.8.

સાધે જો કાયાકલ્પ તો ભમરો કમળ બને;
સુર્યાસ્ત-સુર્યોદયની સફર તો સફળ બને.

શોષાયેલાં નવાણ નયનમાં ફુટે કદી;
ખાબોચીયુંયે ત્યારે સમન્દર સકળ બને.

થીજી જવાનું ભાગ્ય બરફને મળ્યું છતાં
સુરજ ઉગી શકે તો હીમાલય સજળ બને.

તુટી પડે જો વૃક્ષની ટોચેથી પાંદડું;
મારી હયાતી મુલથી આકળવીકળ બને.

.9.

આશ્ચર્ય છે કે તારા વગર જીન્દગી ગઈ,
દરીયો મળી શક્યો ન તો રણમાં નદી ગઈ.

ભીની હતી જો આંખ તો જીવંત રહી ગઈ,
રેતીમાં પડતાંવેંત મરી માછલી ગઈ.

શ્વાસો ખુટી ગયા અને મીંચાયાં બે નયન,
પહેલાં પવન પડ્યો પછી રોશની ગઈ.

તોયે ટકી રહ્યો છું હું એકાકી વૃક્ષ શો,
રસ્તો ગયો, એ ઘર ગયું, તારી ગલી ગઈ.

બાળકની જેમ ભીડમાં ભુલી પડી જશે,
છોડાવી મારી આંગળી ક્યાં લાગણી ગઈ?

આવ્યો છું કંઈ સદી પછી તારે આંગણે,
ગાળી'તી ચાર ક્ષણ ને મને ઓળખી ગઈ?

સુમસામ માર્ગ પર હજી તાજી સુગંધ છે,
કોઈ કહો, વસંતની ક્યાં પાલખી ગઈ?

.10.

બુદ્ધીની દલીલો પર લાગણીની સરસાઈ; એ ક્ષણો ગઝલની છે;
કંટકો કળી સમ્મુખ દાખવે સલુકાઈ; એ ક્ષણો ગઝલની છે.

ગુફતેગોય કરવી છે, એય પાછી એકાંતે ને વળી પ્રીયા સાથે;
આ શરત પુરી થાતાં વાગે જ્યારે શરણાઈ, એ ક્ષણો ગઝલની છે.

પુષ્પની તુરંગોમાં કેદ ખુશ્બુને કરવી શક્ય એ બને ક્યાંથી?
પ્રેમમાં મળે ઉર્મી સાથે ભીની રુસ્વાઈ; એ ક્ષણો ગઝલની છે.

વૈભવો વસંતોના પાનખરના પાલવમાં જાય છે ઢબુરાઈ;
તે પછીયે ફરફરતી ફુલની ફકીરાઈ, એ ક્ષણો ગઝલની છે.

સાવ ઝીણો અંતરપટ શીવ ને જીવની વચ્ચે, શક્ય એનું ઓગળવું;
માશુકા-ખુદા વચ્ચે હોય ન અદેખાઈ, એ ક્ષણો ગઝલની છે.

ભગવતીકુમાર શર્મા

સર્જકસમ્પર્ક:
બી-૩૨, પવીત્રા રો હાઉસ, બીજો ગેટ, આનન્દ મહલ રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯ ફોન : ૦૨૬૧૨૭૪૩૯૬૭

305 : 21-09-2014

# નામકરણનું રાજકારણ

–આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

પત્નીના અવસાન પછી શેઠ દીનાનાથ સાવ એકલવાયા થઈ ગયા. પત્ની હતી ત્યાં સુધી બેઉને એકમેકનો આધાર હતો. આમ તો બબ્બે દીકરા હતા; પણ એક સ્થાયી થઈ ગયો હતો અમેરીકામાં અને બીજો ઓસ્ટ્રેલીયામાં. દીનાનાથજી હવે ઘણી વાર વીચારતા કે જો વરસો જુનો વીશ્વાસુ બુધીયો ન હોત તો પોતે શું કરત?

‘બુધીયા, તું છે તો હું ટકી રહ્યો છું; નહીંતર હુંય તારી શેઠાણીની પાછળ જ ચાલી નીકળ્યો હોત!’

‘એવું હું બોલો છો હેઠ! અમે તો તમારા રોટલા ખાઈને જ જીવતા છે.’ બુધીયો બે હાથ જોડીને ભક્તીભાવથી શેઠને કહેતો.

એવામાં એક દીવસ ગામમાંથી સમાજસેવી સંસ્થાના કાર્યકરો શેઠ પાસે પહોંચ્યા. ‘શેઠ, જમાનો કેવો આવ્યો છે! જે મા–બાપે મોંમાંથી કોળીયો કાઢીને ખવડાવ્યો એમને છોડીને જતાં આજકાલના જુવાનીયાઓ ઘડીભર માટેય વીચારતા નથી.’

પહેલાં તો શેઠને લાગ્યું કે એ લોકો પોતાની જ વાત કરી રહ્યા છે. પણ હકીકતમાં તેઓ એક વૃદ્ધાશ્રમની દરખાસ્ત લઈને

આવ્યા હતા. આમેય શેઠ દીકરાઓના વર્તનથી દુભાયેલા તો હતા જ! મા જેવી મા મૃત્યુ પામી તોયે બેમાંથી એક્કેને ઘરે આવવાની ફુરસદ નહોતી મળી. એમાં વળી કાર્યકર્તાઓની રજુઆત સાંભળીને શેઠનું હૈયું મીણની જેમ પીગળવા લાગ્યું. એમને થયું કે, મારા જેવા બીજા કેટલાય હશે જેમને ઢળતી ઉંમરે કોઈ સહારાની જરૂર હશે. આ સત્કાર્યમાં સાથ આપીશ તો એવા કેટલાય વયોવૃદ્ધ લોકોના આશીર્વાદ મળશે. ‘ફુલની પાંખડી’ની અપેક્ષાએ આવેલા કાર્યકારોના હાથમાં એમણે ‘ફુલોનો આખો ગુચ્છો’ જ મુકી દીધો!

‘ઠીક ચાલો, મારા મારા ફાર્મ–હાઉસની પચાસ લાખની જમીન હું વૃદ્ધાશ્રમ બનાવવા માટે દાનમાં આપું છું.’

શેઠનો જયજયકાર થઈ ગયો. મંત્રીશ્રીને બોલાવીને ખાતમુહુર્ત કરવામાં આવ્યું, ભવ્ય કાર્યક્રમ યોજાયો અને ખાલી જમીન પર મોટું બોર્ડ લગાવી દેવામાં આવ્યું – ‘શેઠ દીનાનાથ વૃદ્ધાશ્રમ માટેની જમીન.’

શેઠના નામનું બોર્ડ બીચારું મહીનાઓ સુધી કે કદાચ એકાદ વરસ સુધી ત્યાં ને ત્યાં ખોડાઈ રહ્યું. ફક્ત જમીન મળવાથી શું થાય? મકાન બનાવવા માટે ફંડ–ફાળા ઉઘરાવવાની કાર્યકર્તાઓ મહેનત તો કરતા હતા; પણ બે–પાંચ હજારના ટીપે ટીપે સરોવર ભરાય એમાં વાર તો લાગે ને! નાનાં નાનાં દાન તો

ઘણાં મળતાં હતાં; પણ જો કોઈ મોટી રકમ આપનાર દાનેશ્વરી મળી જાય તો કામ ઝડપથી આગળ વધે. ત્યાં તો એક દીવસ –

‘સાંભળ્યું તમે! ગઈ કાલે રાત્રે ઉંઘમાં જ દીનાનાથ શેઠનું અવસાન થઈ ગયું!’

‘અરેરે, આપણી સંસ્થાને તો મોટી ખોટ પડી ગઈ. આપણા એક જ બોલ પર એમણે આટલી બધી જમીન આપી દીધેલી!’

હજી તો શેઠના ગયાનો અફસોસ પુરો વ્યક્ત થાય ન થાય ત્યાં તો બીજા એક ખુશીના સમાચાર આવ્યા.

‘વૃદ્ધાશ્રમ માટે કનૈયાલાલ શેઠ પચીસ લાખ આપવા તૈયાર છે; પણ એમનું નામ બોર્ડ પર લખાય તો જ.’

‘આમેય જે જુનું બોર્ડ કેટલા વખતથી પડી ગયું છે એની કોઈને ખબરેય નથી. આટલા રુપીયા મળતા હોય તો નવા બોર્ડ પર લખી દઈએ એમનું નામ! એમાં શું?’

કારોબારીના સભ્યોની સમ્મતીથી નવા ચીતરાવેલા બોર્ડ પર લખવામાં આવ્યું, ‘શેઠ દીનાનાથ તથા શેઠ કનૈયાલાલ વૃદ્ધાશ્રમ.’

હવે મકાનનું કામ જોરશોરથી ચાલવા લાગ્યું. રહેવાસીઓ માટેના ઓરડા, રસોઈ–ઘર, ભોજનખંડ, ટી.વી. અને લાઈબ્રેરી રુમ, એક નાનકડું મન્દીર – આ બધું જેમ જેમ બનતું ગયું તેમ તેમ વધુ ને વધુ નાણાંની જરુર ઉભી થવા લાગી. વળી

પાછા કાર્યકરો ખભે થેલો લટકાવી નીકળી પડયા! આ વેળા તો રાઘેબાબુને પકડવા જ પડશે.

'આટલા મોટા વેપારી થઈને સાવ મુઠ્ઠી વાળી દો એ થોડું ચાલે?' રાઘેબાબુએ કંઈ વધુ રકઝક ન કરી. 'દસ લાખ આપું તો ખરો; પણ મારું નામ ક્યાં ને કેવી રીતે મુકશો?'

'અરે સાહેબ, મુલાકાતીઓ માટેના ખંડના દરવાજા પર આરસની તક્તી લગાવીશું. એમાં મોટા, સુવર્ણ અક્ષરે લખાશે – 'સૌજન્ય : રાઘેબાબુ પરીવાર.'

રાઘેબાબુ ખુશ થઈ ગયા. ચાલો, બે નંબરનો પૈસો સારા કામમાં વપરાશે. વળી મોટો ફાયદો એ કે મારું નામ અમર થઈ જશે. બધું લગભગ પુર્ણતાને આરે પહોંચ્યું હતું. માત્ર કલાત્મક, ભવ્ય પ્રવેશદ્વારના પાંચ લાખ જ ઉભા કરવાના હતા. જીલ્લાના સાંસદશ્રી માટે એ કંઈ મોટી વાત નહોતી. એમને માટે તો આ ડાબા હાથનો ખેલ (કે મેલ?) કહેવાય. એમ તો તેઓ ઉદાર હૃદયના હતા. એમણે કહ્યું,

'સાંસદ નીધીમાંથી આ રકમ ફાળવવા હું તૈયાર છું. પણ એ માટે મારી બે શરતો છે : એક તો એ કે, ઉદ્ઘાટન મારા શુભ હસ્તે જ થવું જોઈએ અને બીજું, મુખ્ય પ્રવેશદ્વાર પર મારું નામ આવવું જોઈએ.'

'એ તો એમ જ હોયને, કીશનસીંહજી! આપે કહેવાની જરુર જ ન હોય. ઉદ્ઘાટન આપના વરદ્ કર–કમળથી થાય એમાં જ

સૌની શોભા કહેવાય.' કાર્યકર્તાઓએ લળી લળીને સાંસદશ્રીની ખુશામત કરી.

પ્રવેશદ્વાર તો સુંદર બન્યું જ હતું; પણ એની પર ચમકતા, રુપેરી અક્ષરોથી લખાયેલું 'માનનીય સાંસદ શ્રી કીશનસીંહજી' બહુ ધ્યાનાકર્ષક લાગતું હતું. નીચે સાવ ઝીણા અક્ષરે લખેલું હતું 'પ્રવેશદ્વાર-સાંસદનીધી દ્વારા'. પણ એ અક્ષરો એટલા ઝીણા અને ઝાંખા હતા કે, એ તરફ કોઈનું ધ્યાન જાય એમ નહોતું. એની નીચે એક કમાન બનાવીને એની પર લખવામાં આવ્યું હતું – 'કનૈયાલાલ દીના વૃદ્ધાશ્રમ.' કનૈયાલાલનું નામ તો આગળ લખવું જ પડે કેમ કે, તેઓ હયાત હતા ને દીનાનાથનું 'દીના' થઈ જાય એનો વાંધો નહીં, એ તો હવે 'નાથ' પાસે પહોંચી ગયા હતા.

આ બધું નામનું કમઠાણ જે હોય તે; પણ લોકો તો એને 'કીશનસીંહજી આશ્રમ'ના નામથી જ જાણે છે. આ આખી વાર્તા સાંભળ્યા પછીય શું તમે કહી શકો કે, 'વોટ ઈઝ ધેર ઈન એ નેમ?' (ડૉ. શશી ગોયલની હીન્દી લઘુકથાને આધારે)

–આશા વીરેન્દ્ર

સર્જક–સમ્પર્ક : બી–401, 'દેવદર્શન', હાલર, વલસાડ–396 001

ફોન : 02632 251 719 મોબાઈલ : 94285 41137 ઈ–મેઈલ : avs_50@yahoo.com

♦●♦

306 : 05-10-2014

# સીનીયરનામા

–હરનીશ જાની

અનુક્રમણીકા

વરસો પહેલાં મારા બાપુજી ગુરુદત્તની ફીલ્મ ‘સાહેબ, બીબી ઔર ગુલામ’ જોઈને આવ્યા. મેં તેમને પુછ્યું, ‘ફીલ્મ કેવી લાગી?’ ત્યારે તે બોલ્યા, ‘બહુ સરસ હતી. તેમાં નીરુપા રૉયનો રોલ સરસ હતો. મને ગમ્યો.’ ‘સાહેબ, બીબી ઔર ગુલામ’ અને નીરુપા રૉય?’ મારાથી બોલાઈ ગયું. મેં આગળ ચલાવ્યું, ‘ગુરુદત્તે બીજું પીક્ચર બનાવ્યું લાગે છે. બાકી એ ફીલ્મમાં તો મીનાકુમારી છે!’ મારા બાપુજી બોલ્યા, ‘મને તો બધીઓ સરખી જ લાગે છે. જે હોય તે, મને તેમાં કાંઈ ફેર લાગતો નથી.’

ત્યારે હું વડોદરા કૉલેજમાં ભણતો હતો. બાપુજી રીટાયર્ડ થઈને રાજપીપલામાં રહેતા. મને અચાનક મારા બાપુજી યાદ આવી ગયા. મેં મારા દીકરા સંદીપને કહ્યું, ‘રામલીલા ફીલ્મમાં ઐશ્વર્યા રાયના ગરબા બહુ જ સરસ લાગે છે. જાણે કોઈ ગુજરાતણ ન કરતી હોય?’ સંદીપકુમાર કહે, ‘ડૅડ, એ તો દીપીકા હતી. ઐશ્વર્યાનો ‘ઢોલી તારો ઢોલ બાજે’ ગરબો તો ‘હમ દીલ દે ચુકે સનમમાં છે.’ મેં કહ્યું કે ‘મને તો બધી સરખી જ લાગે છે. મને કોઈનામાં કાંઈ ફેર લાગતો નથી.’ મારો દીકરો કહે કે ‘ડૅડ,

યુ આર નાઉ ઓલ્ડ.' અને મેં 'હરનીશનીયમ' બનાવી દીધો કે 'જ્યારે સૌન્દર્યવાન છોકરીઓમાં જેઓને કોઈ ફેર ન દેખાતો હોય તેને 'સીનીયર' કહેવાય અને તેમણે છોકરીઓ જોવાના શોખને તીલાંજલી આપી દેવી જોઈએ.' દુ:ખની વાત એ છે કે તેમ કરવાનું હવે ગમે છે. ડોસાઓને પત્ની કરતાં ચશ્માંની જરુર વધુ હોય છે. તેમ છતાં આપણને 'ડોસા' શબ્દ કરતાં 'સીનીયર' શબ્દ વધારે ગમે છે.

નામ જે હોય તે, હાડકાં બન્નેનાં દુ:ખે છે અને મગજ બન્નેનાં જલદી થાકી જાય છે. અમેરીકામાં 'ઓલ્ડ' થઈએ તે તરત નથી સમજાતું. ઈન્ડીયામાં તો જ્યારથી અજાણ્યાં છોકરાં આપણને 'કાકા–કાકા' કરે ત્યારથી માની લેવાનું કે હવે આપણને ગમે કે ન ગમે; પણ જુવાન નથી રહ્યા. હવે સીનીયર કાંઈ એમને એમ થોડું થવાય છે? સીનીયરનું તો એક પૅકેજ હોય છે. હવે જીવન જીવવાની ફીલસુફી શીખી લીધી છે. હવે રોજ દાઢી કરવી જોઈએ એવું કાંઈ નથી. કપડાંને ઈસ્ત્રી હોવી જ જોઈએ એવું જરુરી નથી. અરે! પેન્ટની ઝીપર બંધ થાય પણ ખરી અને ન પણ થાય. એવી કોઈ મોટાઈ નહીં. મને ડાયાબીટીસ છે. એટલે ઘણી વખતે રાતે સુતી વખતે પગમાં બળતરા થાય છે. એટલે ડૉક્ટરે મને 'ગેબેનોપેન્ટીન' નામની દવા આપી છે. ડૉક્ટર કહેવાનું ભુલી ગયા કે પગની બળતરા તો જશે; પણ સાથેસાથે યાદશક્તી પણ જશે. કેટલાય જાણીતા ચહેરા તરત ઓળખાતા નથી. જો કે તેનો વાંધો

નથી. પણ જેને કદી મળ્યો નથી, તે મને ઓળખીતા જેવા લાગે છે અને એમને ખોટું ન લાગે એટલે તેમને સામેથી બોલાવું છું. મઝાની વાત તો તે છે કે એ વ્યક્તી ગુંચવાઈને મને કહેશે, ‘કેમ છો? સોરી, તમારું નામ હું ભુલી ગયો છું’. ગયા અઠવાડીયે ‘ક્રેકર બ્રીજ’ મૉલમાં ગયો હતો. મેં સીયર્સના સ્ટોર પાસે મારી કાર પાર્ક કરી અને હું અંદર ગયો. કલાક પછી એક શર્ટ ખરીદીને બહાર નીકળ્યો. બહાર આવીને જોયું તો મારી કાર ન મળે. ખુબ ફાંફાં માર્યા. મને એવો પણ વીચાર આવ્યો કે મેં મારી કાર મેસીઝ પાસે પાર્ક કરી હોય અને મગજમાં સીયર્સ ઘુસી ગયું. એટલે મેસીઝ સામે પણ ચેક કર્યું પછી. સીક્યુરીટી ગાર્ડને મળ્યો અને કમ્પ્લેઈન નોંધાવી. પછી ઘેર પત્નીજીને ફોન કર્યો : ‘મારી કાર ચોરાઈ ગઈ છે. મને આવીને લઈ જા.’ પત્નીજીએ જવાબ આપ્યો : ‘તારી કાર અહીં ઘેર ડ્રાઈવ–વેમાં પડી છે. તું મારી કાર લઈને ગયો છે. મારી કાર શોધ.’ યાદશક્તી ઓછી થાય એનું સૌથી મોટું દુ:ખ એ છે કે આપણે હમ્મેશાં સાચું બોલવું પડે અને ખોટાં બહાનાંઓ બનાવવાનાં છોડી દેવાં પડે.

હવે હું ઘણી બધી વસ્તુઓ ભુલી જાઉં છું. ઘરના સૌ જાણે છે. તેમાં મારી દીકરીને હું જો કોઈ વચન આપું છું તો તે લખાવી લે છે. જ્યારે પત્ની ફેબ્રુઆરીમાં આવતા વેલેન્ટાઈન ડેની ગીફ્ટ તો ડીસેમ્બરમાં ક્રીસમસ ટાણે જ લઈ લે છે. તે પણ હું ખરીદીને આપું તે પહેલાં પોતે મારા કાર્ડ પર મારા તરફથી ખરીદી લે છે.

મારું સૌથી મોટું દુ:ખ એ છે કે ઘણી વખતે એ લોકો મને બનાવે છે. મેં કશું ન કહ્યું હોય તોય મને કહેશે કે 'તમે જ તો તેમ કરવાનું કહ્યું હતું! તમને યાદ રહ્યું નથી.' હમણાંનો મને એવો વહેમ ઘુસાડવામાં આવ્યો છે કે મને બરાબર સંભળાતું નથી. કારણ કે મારાં પત્ની થોડી થોડી વારે બુમ પાડશે કે 'આટઆટલી રીંગ વાગે છે ને તું ફોન ઉપાડતો નથી!' પછી મને લાગવા માંડ્યું કે આપણામાં કાંઈક ગરબડ છે. પરંતુ ડૉકટરે કહ્યું કે 'તમારામાં નહીં; પણ બહેનના કાનમાં 'રીંગીંગ ઈફેક્ટ' થાય છે. એને માટે કાંઈ કરવું પડશે.'

અમેરીકામાં જેટલા કાર એક્સીડન્ટ થાય છે. તેમાં મોટા ભાગના એક્સીડન્ટમાં સીનીયર સીટીઝન સંડોવાયલા હોય છે. એટલે મારાં પત્નીએ મારા ડ્રાઈવીંગને સહેલું બનાવવા મને પુછ્યા સીવાય નીયમ બનાવ્યો છે. 'તારે ડ્રાઈવ કરવાનું અને હું રોડ પર નજર રાખીશ' અને તેને માટે પાછા હાથના સીગ્નલ બનાવ્યા છે. કોઈને આશીર્વાદ આપતો જમણો હાથ ઉંચો થાય એટલે મારે સમજવાનું કે 'સ્પીડ ઓછી કર.' ઘઉંમાંથી કાંકરા દુર કરતી હોય એ રીતે હાથ હાલે તો મારે સમજી જવાનું કે કાર બીજી બાજુ જાય છે, એને સેન્ટરમાં લાવ; જો આગળ લાલ લાઈટ છે; ચાલ હવે ગ્રીન થઈ. મેં કહ્યું કે 'આના કરતાં તો તું જ ડ્રાઈવ કરી લે ને!' તો તે બોલી 'ગાડી ચલાવવાની મઝા અહીં બેઠા બેઠા વધારે આવે છે. ત્યાં બેસું તો ખોટ્ટો એક્સીડન્ટ થઈ જાય.'

હું સીનીયર થયો છું. જ્યારે રીટાયર્ડ થયો ત્યારે મને, કશુંય કર્યા સીવાય દીવસ આખો પસાર કરવો અઘરો લાગતો. ત્યારે મારાથી સીનીયર મીત્રને મેં પુછ્યું કે, ‘મારો સમય પસાર થતો નથી.’ તો તે કહે કે ‘રોજ બપોરે ત્રણ કલાક સુઈ જાવ. સમયની પછી ચીંતા જ નહીં! ઉઠશો, ડીનર લેશો કે પાછો સુવાનો ટાઈમ થઈ જશે.’ મેં જોયું કે જેઓ બપોરે ઉંઘતા નથી તેઓ ટી.વી.ની સામે ચોંટી જાય છે. એટલે નોકરીયાતને ખબર નહીં હોય; પણ બપોરે આ ‘ડોસાઓ’ માટે બધા રોગોની દવાઓની કમર્શીયલ બધી ચેનલો પર આવે છે. એ લોકો જેટલા રોગોના સીમ્પ્ટમ્સ બતાવશે, એટલા બધાં જ મને બંધબેસતા થાય છે. મને મારામાં એ બધા રોગ દેખાય છે. વાયગ્રા સીવાય બધી મેડીસીનના ઓર્ડર આપવાનું મન થાય છે. બીજું તો કાંઈ નહીં; પણ મારા દાદા વાપરતા હતા એવી મજેદાર લાકડી પણ મંગાવી છે. આ લાકડીથી મારો વટ પડે તે કરતાં લોકો મને મદદ કરવા કાયમ તત્પર રહે છે, સ્ટોરના બારણાં ખોલી દે છે અને મારા હાથમાંની થેલી પણ માંગીને ઉંચકી લે છે. મારી દીકરીને તે લાકડી નથી ગમતી. તેનું કહેવું છે કે લાકડી મને વધારે ‘ડોસો’ બનાવી દે છે અને તે મને પોતાની સાથે બાબા રામદેવના યોગાસનોનો પ્રોગ્રામ જોવા બેસાડી દે છે. હવે જ્યાં સુધી છાતી ફુલાવવાની વાત આવે છે ત્યાં સુધીનું મને માન્ય છે. તેમાં પણ તે કહેશે : ‘છાતી ફુલાવવાની છે; પેટ નહીં. તમે તો પેટ ફુલાવો

છો!' ઉંડા શ્વાસ લેવાની વાતો માન્ય છે; પરંતુ બાબા તેમના ટાંટીયા ઉંચાનીચા કરે છે તે જોઈને જ મને હાંફ ચઢે છે અને પરસેવો વળે છે. એટલું ખરૂં કે આટલું કર્યા પછી ભુખ લાગે છે.

મારો એક નીયમ છે કે કોઈ પણ સીનીયરને તેની તબીયતના સમાચાર નહીં પુછવા. દસમાંથી નવ જણને કાંઈકને કાંઈક દુ:ખ હશે અને જો પુછવાની ભુલ કરો તો તે જુવાનીમાં કેટલા સ્ટ્રોંગ હતા અને પચીસ રોટલી ખાતા હતા ત્યાંથી ચાલુ કરશે, તે આજ સુધીમાં કેટલાં ઓપરેશનો થયાં ત્યાં સુધીની રામાયણ કરશે. તે લોકોને એમના રોગોની વાતો કરવાની ખુબ ગમશે. કારણ કે એમના રોગની કોઈને પડી નથી હોતી. જ્યારે ચારપાંચ ડોસાઓને સાથે વાતો કરતાં જુઓ તો માની લેવું કે તે એક બીજાના રોગોની વાતો કરતા હશે. એટલું જ નહીં; પણ પોતે અજમાવેલા ઉપાય પણ સુચવશે. જો કે પોતાને તે ઉપાયથી ફાયદો થયો હતો કે નહીં, તે તો ભગવાન જાણે! અમેરીકન પ્રેસીડન્ટ લીન્ડન જ્હોનસને પ્રેસ કોન્ફરન્સમાં શર્ટ ખોલીને તેમના એપેન્ડીક્સના ઓપરેશનનો કાપ બતાવ્યો હતો. પ્રેસીડન્ટ હોય એટલે શું થયું? તે ડોસા તો હતા જ ને! એ બધી વાતોથી બચવા સીનીયરોનાં દુ:ખડાં સાંભળવા ન પડે તેથી તો હું સીનીયર સેન્ટરમાં જતો નથી. હું હમ્મેશાં યાદ રાખું છું કે 'સર પે બુઢાપા હૈ; મગર દીલ તો જવાં હૈ.'

આ બધી વાતનો નીષ્કર્ષ  એટલો જ કે દરેક સીનીયર પાસે જીવન આખાના અનુભવ હોય છે. તેમ છતાં, દરેક નવી પેઢી પોતાની જ ભુલોથી નવા પાઠ ભણશે અને નવું ડહાપણ શીખશે. નવી પેઢીને સીનીયરોની સલાહની કે એમના અનુભવની જરુર નથી. માટે, કશી ચીન્તા કર્યા સીવાય બાકીનું જીવન નીજાનંદમાં જીવો.

મરીઝ સાહેબની જેમ :

‘જીન્દગીને જીવવાની ફીલસુફી સમજી લીધી,

જે ખુશી આવી જીવનમાં, આખરી સમજી લીધી.’

–હરનીશ જાની

લેખકસમ્પર્ક :

Harnish Jani, 4, Pleasant Drive, Yardville, NJ 08620-USA

ઈ.મેલ : harnishjani5@gmail.com   ફોન : 1-609-585-0861

27th April 2014

307 : 19-10-2014

## ગીત

– અનીલ ચાવડા

અનુક્રમણીકા

.1.

જડ્યો, જડ્યો, હું જડ્યો છેવટે મને ખરેખર જડ્યો,
ધરતીને કીરણો અડકે એમ જ્યારે તમને અડ્યો.
નાનકડો એક રજકણ હું તો
ક્યાં ઓળંગું સીમા?
ધુળ અને ઢેફાંની માફક
પડ્યો હતો માટીમાં;
પીંડ તમે બાંધ્યો મારો તો હુંય ચાકડે ચડ્યો.
જડ્યો, જડ્યો, હું જડ્યો છેવટે મને ખરેખર જડ્યો.
એક સવારે આમ તમારું
સવાર જેવું મળવું;
છાતી અંદર રોકાયું ના
રોકાતું કુંપળવું!
પવન વગર પણ પાન ઉપરથી ઝાકળ જેવું દડ્યો.
જડ્યો, જડ્યો, હું જડ્યો છેવટે મને ખરેખર જડ્યો.

.2.

શીયાળુ ટાઢોડે થાતું નવસેકા આ તડકાની હું રાબ બનાવી પી લઉં...

થયા કરે છે લઈ ટેરવે પ્રભાતનું આ ઝાકળબીંદુ આંખોમાં હું આંજું,

એ રીતે આ પાંપણ નીચે પડી રહેલાં વર્ષો જુનાં દૃશ્યોને હું માંજું;

તાજી તાજી સુર્યકીરણની સળીઓને પણ લાવ ચામડી નીચેથી સીવી લઉં,

શીયાળુ ટાઢોડે થાતું નવસેકા આ તડકાની હું રાબ બનાવી પી લઉં...

એવું થાતું ફુલ થઈને હુંય મજાની કોઈ ડાળ પર હળવેથી ઉગી જઉં,

મ્હેક થઈને પ્રસરું હું ને પછી હવાના કાન મહીં કોઈ વાત સુગંધીત કહી દઉં;

પરોઢના ઝાંખાં ઝાંખાં ધુમ્મસના દરીયાની અંદર લાવ માછલી જેમ તરી લઉં,

શીયાળુ ટાઢોડે થાતું નવસેકા આ તડકાની હું રાબ બનાવી પી લઉં...

www.gujaratilexicon.com

.3.

ધબ્બ... દઈ હૈયામાં ફાળ પડી તોય કેમ આવ્યો નૈં કંઈયે

અવાજ?

કંઠ સુધી આવેલી ચીસને દબાવવાનો પાડ્યો આ કોણે રીવાજ?

અંદર ને બ્હાર બેઉ બાજુથી પીગળીએ

તોય કેમ રેલો દેખાય નૈં?

કુહાડી વાગતાં જ વૃક્ષમાંથી નીકળતાં

પાણીને આંસુ ક્હેવાય નૈં?

નવા નક્કોર મળે શ્વાસ તોય કેમ નથી રહેવાતું કાયમ નવા જ?

ધબ્બ... દઈ હૈયામાં ફાળ પડી તોય કેમ આવ્યો નૈં કંઈયે

અવાજ?

ક્યાંથી આ આવે છે અદકેરું પંખી

જે છાતીમાં બાંધે છે માળો?

જાય વળી ઉડી ક્યાં અધકચરી ઈચ્છાની

બટકેલી મુકીને ડાળો?

એવા તે જીવતરને શું કરવું બોલો જે આવે છે પાછું જવા જ?

ધબ્બ... દઈ હૈયામાં ફાળ પડી તોય કેમ આવ્યો નૈં કંઈયે

અવાજ?

.4.

અમે રંગની સાથે સાથે જાત અમારી ધોળી છે,
અને એમની આંખે જોયું એમાં પણ રંગોળી છે...
હું મઘમઘતો કેસુડો એ ખળખળ વહેતું પાણી,
એકમેકમાં ભળી જઈને કરીએ ખુબ ઉજાણી...
અને ઉજાણી કરવા આવી રંગોની કૈં ટોળી છે,
અમે રંગની સાથે સાથે જાત અમારી ધોળી છે...
યુગોયુગોથી સપનાંઓ પણ હતાં બ્લેક ને વ્હાઈટ,
રંગ તમારો ભળ્યો શ્વાસમાં થયું બધુંયે રાઈટ.
અડ્યા તમે તો લાગ્યું ઈચ્છા કેસર અંદર બોળી છે,
અમે રંગની સાથે સાથે જાત અમારી ધોળી છે...

.5.

તમને ખાલી મળવું'તું, ભીતરથી ઝળહળવું'તું;
નસમાં વહેતા શાંત લોહીને ઝરણા જેમ ઉછળવું'તું.
ના, ના એવું ખાસ નથી,
પણ છાતી અંદર શ્વાસ નથી;
હમણાં હમણાંથી આંખોમાં
ટકતું બહુ આકાશ નથી.
આંખો અંદર આભ ભરીને મારે તો વાદળવું'તું.
તમને ખાલી મળવું'તું, ભીતરથી ઝળહળવું'તું.

રૂવાંટીઓ ક્યે, 'એ ફુંકે ને

તો જ અમે ફરફરીએ;

એમનેમ મળવાની વાતો

અમેય થોડા કરીએ?'

પાણી અંદર ઢેફું પીગળે એ રીતે પીગળવું'તું.

તમને ખાલી મળવું'તું, ભીતરથી ઝળહળવું'તું.

.6.

કમ સે કમ આટલું તો થાય,

પ્હાડ જેમ ખળભળતું હોય કોઈ, ત્યારે ત્યાં ઝરણું થઈ ખળખળ વહાય.

આંગણામાં આવે જો એકાદું પંખી, તો રાખવાનું હોય ખુબ માનથી,

ટહુકાની ઝેરોક્ષો થાય નહીં, એને તો ઘટઘટ પીવાય સાવ કાનથી;

ખીલે એકાદ પળ કુંપળની જેમ, તો એ કુંપળને મબલખ જીવાય.

કમ સે કમ આટલું તો થાય...

માણસ ખુદ હાજર છે ત્યારે પણ, એના આ પડછાયા પુજવાના કેમ?

કોઈનાય ઘાસ ઉપર ઝાકળનો હાથફેરો કરવો શું સુરજની જેમ!

ભીતરથી કાળઝાળ બળતું હો કોઈ, એને મીઠેરું સ્મીત તો
અપાય.
કમ સે કમ આટલું તો થાય...

.7.

વૃક્ષ બની ખીલવાના ક્યાંથી પુરા થાશે કોડ?
હું રોડ વચાળે ઉભેલા ડીવાઈડર પરનો છોડ.
મનેય થાતું, પંખી આવે,
ખુબ ટહુકે, માળો બાંધે,
જરા ગોઠવી તણખલાંઓ
મારી અંદર કશુંક સાંધે;
(પણ) પહેરેદાર બની ઉભો છે બંને બાજુ રોડ,
વૃક્ષ બની ખીલવાના ક્યાંથી પુરા થાશે કોડ?
ચરણ ચાલવા, જીભ બોલવા,
ક્યાં છે કોઈ દીલાસો?
કંટાળું તોય માણસ માફક
ખાઈ શકું ના ફાંસો;
તુટક તુટક જીવતર એમાં લાખો છે તડજોડ;
વૃક્ષ બની ખીલવાના ક્યાંથી પુરા થાશે કોડ?

.8.

મંદમંદ આ મહેક ઉઠી છે ચાલો રસભર થઈએ,
એકમેકનાં મનમાં એવો સુંદર અવસર થઈએ.
અંધારું અંધારે બાંધી
અજવાળે અજવાળું,
ચાલ ખોલીએ કુંચી લઈને
વાદળ નામે તાળું,
તાળું ખોલી ધીમું બોલી ઝરમર ઝરમર થઈએ,
મંદમંદ આ મહેક ઉઠી છે ચાલો રસભર થઈએ.
જળ પર વ્હેતા લીસ્સા લીસ્સા
તરંગ વસ્ત્રો ખેંચી,
કયું કામ કોને કરવાનું
ચાલો, લઈએ વ્હેંચી,
કુણીકુણી કમળ-પાંદડી વચ્ચે ઘરઘર થઈએ,
મંદમંદ આ મહેક ઉઠી છે ચાલો રસભર થઈએ.

.9.

આંખ, હોઠ ને શ્વાસ બધામાં થયું મીરાંની જેમ,
કહો હ્રદયજી, લખ્યા વીના કૈં રહી જ શક્શો કેમ?
જીવતરના ગણીતનો
ના ગણતાં ફાવે ઘડીયો,

ભીતરમાં મંદીર ચણે છે

કોઈ અજાણ્યો કડીયો.

નહીં જ ભીંતો, નહીં જ બારી, નહીં કશીયે ફ્રેમ.

કહો હૃદયજી, લખ્યા વીના કૈં રહી જ શક્શો કેમ?

નામ આ કોનું લઈને બેઠા

અમે એક ઓટલીએ,

મન તો ચાલ્યું નીજના ડગ લઈ

કોઈ અજાણી ગલીએ.

વધતો જાતો મારગ એનો, આગળ ધપતા તેમ.

કહો હૃદયજી, લખ્યા વીના કૈં રહી જ શક્શો કેમ?

.10.

ખુબ જાળવી તોય હાથથી છુટી ગઈ રે લોલ,

ઈચ્છાઓથી ભરચક બરણી ફુટી ગઈ રે લોલ.

કઈ રીતે એ ફુટી ગઈ

સૌ ચરચો, ચરચો, ચરચોજી,

કાચ તુટતાં વેરાઈ કંઈ

કરચો, કરચો, કરચોજી

કરચો વીણવામાં જ જીંદગી ખુટી ગઈ રે લોલ;

ઈચ્છાઓથી ભરચક બરણી ફુટી ગઈ રે લોલ.

www.gujaratilexicon.com

મનની આ અભરાઈ ખુબ જ
ઉંચી, ઉંચી, ઉંચીજી,
અને અમે સંતાડી રાખી
કુંચી, કુંચી, કુંચીજી
તોય કઈ ટોળી આવીને લુંટી ગઈ રે લોલ?
ઈચ્છાઓથી ભરચક બરણી ફુટી ગઈ રે લોલ.

અનીલ ચાવડા

કવીસમ્પર્ક :

A-7, શિવ કૉમ્પલેક્સ, શ્રીનંદનગર વિભાગ-2ની બાજુમાં,

મકરબા રોડ, વેજલપુર, અમદાવાદ-380051

મોબાઈલ: 099256 04613

ઈ.મેઈલ: kavianilchavda@gmail.com

વેબસાઈટ : http://www.anilchavda.com/

Facebook :

https://www.facebook.com/anil.chavda.148?fref=ts

♦●♦

308 : 02-11-2014

# ધરતીની સોડમ

–કામીની સંઘવી

અનુક્રમણીકા

પીયરનું તો કુતરું મળે તો પણ મન હરખાય. તેવી ઘટના અમારા બન્ને સાથે બની. વાત એમ છે કે હું સૌરાષ્ટ્રની અને મારા પતી દક્ષીણ ગુજરાતના. વળી, અમે રહીએ સુરતમાં જે દીક્ષણ ગુજરાતનો જ ભાગ; છતાં અમારાં બન્નેનું વતન તો નહીં જ. એટલે અમારાં બન્ને વચ્ચે ‘મારા પ્રદેશના લોકો જ સારા’ તેવા ઝઘડા કહો કે વાગ્યુદ્ધ થયા કરે. મીઠા ઝઘડા કહેવા હોય તો કહી શકો; પણ સાથેસાથે પોતાના ‘દેશ’ કે ‘વતન’ માટે થોડું અભીમાન પણ ખરું. જેમાં ખાવા–પીવાથી લઈને પહેરવા–ઓઢવા અને રહેણી–કહેણીની ભીન્નતા પ્રત્યે થોડો પુર્વગ્રહ અને વધુ તો મુળ વતન પ્રત્યે પ્રેમની સાથે સાથે ‘મારું જ સારું’ તેવો ભાવ ભારોભાર. પણ મારા અને તેમના પ્રદેશમાં ફરતાંફરતાં સહજ રીતે જે બે અનુભવો અમને થયા; તેણે અમારો બન્નેનો એકબીજાના વતન પ્રત્યેનો પુર્વગ્રહ ઓગાળી નાંખ્યો. તેમ જ ‘મારું જ સારું’ તે ભાવ પણ ઓગળી ગયો. વાસ્તવમાં આમ આદમીમાત્રમાં જમીનની સુવાસ હોય જ છે; પછી તે સૌરાષ્ટ્રની ધીંગી ધરા હોય કે દક્ષીણ ગુજરાતનો લીલોછમ પ્રદેશ. બસ, તે બે આમઆદમીની વાત આજે માંડુ છું.

અમે અમારી ગાડીમાં સૌરાષ્ટ્રદર્શને નીકળ્યાં હતાં. પ્રભાસ પાટણ સોમનાથ દાદાના દર્શન કરી અમે કોડીનાર તરફ

જતાં હતાં. ત્યાં રસ્તામાં એક વૃદ્ધ, નાનકડાં હ્રષ્ટપુષ્ટ ભુંલકાંઓ સાથે રોડને કીનારે ઉભા હતા. દાદાનો કમ્પ્લીટ કાઠીયાવાડી ‘લુક‘ તથા તેમણે હાથમાં તેડેલું નાનકડું બાળક, ગીરની વનરાજી, આસપાસ વાડી– ખેતર, ગોધુલી સમય. બધું એકબીજામાં ઓતપ્રોત! એક સુંવાગ, સંપુર્ણ રેખાચીત્ર. તેમની છબી મારા મનમાં ક્લીક થઈ. પરફેક્ટ પોઝ હતો. કોઈ પણ છબીકારને છબી પાડવાનું મન થાય તેવો. મારો પત્રકાર જીવ સળવળ્યો. હું અને મારા પતી તેમના ફોટા પાડવા, ગાડી ઉભી રાખી, નીચે ઉતર્યાં. દાદાની મંજુરી લઈ ફોટા પાડ્યા. પછી ગાડી તરફ જવા ડગ માંડ્યા ત્યાં દાદા કહે, ‘ભલા માણા’, મારી છબીઓ ખેંચીને તે કાંઈ એમને એમ જવાતું હશે? બાજુમાં જ વાડી છે, હાલો, જરા પાણી–બાણી પીતા જાવ.’ ‘અમારા યજમાન કોડીનારમાં રાહ જોતા હશે. ફરી ક્યારેક આવીશું અત્યારે જઈએ’ એવા અમારા આવા જવાબને તે વળી સૌરાષ્ટ્રની ધીંગી ધરાનો જીવ ગણકારતો હશે?

‘વધારે વાર રોકાણ ન’ઈ કરાવું; પણ પાણી પીતા જાવ.’ હવે તેમના આગ્રહ સામે હથીયાર હેઠાં મુકવા સીવાય કોઈ રસ્તો ખરો? વાડીમાં જતાં જતાં વાતચીત ચાલુ થઈ. ‘આતા,’ (સૌરાષ્ટ્ર તરફ ઉંમરલાયક વડીલને ‘આતા’ કહેવાનો રીવાજ છે.) એમણે તેડ્યું હતું તે ભુલકાં તરફ આગંળી ચીંધી મેં પુછયું, ‘દીકરો કે દીકરી?’

‘મારા મોટા દીકરાની પેલ્લા ખોળાની ગગી છે. હજુ પાંચ મ’ઈનાની થઈ. અઈ રોડ કણે વાહન નીકળ્યાં કરે તે જોવું તેને બવ ગમે. તે સાંજ ટાણે થોડીવાર તેને તેડીને આંઈ ઉભો રહું.’

પરાણે વહાલી લાગે તેવી 'ગગી'ને મેં તેડી. વાડી પર જતાં જતાં રસ્તામાં તેમણે માહીતી આપવા માંડી. 'ઓણ પાક હારો થ્યો છે. શેરડી થઈ ગઈ. માંડવી(મગફળી) હારી થઈ છે અને ઘઉં ફાગણે ઉતરહે. તમે પોંક ખાવામાં થોડા વે'લા છવ. નહીંતર આંઈકણે જ તમને સરસ તાજો પોંક શેકીને ખવડાવતે.'

વાડીના તેમના પાકા મકાન પર પહોચ્યાં તેવા જ તેમણે, 'સવી, ખાટલા પાથર. રંજુ, ગોંદડાં લાઈ. આંય કણે મે'માન આવ્યાં છે.' તરત જ બે–ચાર યુવાન–યુવતી અમારી સરભરામાં આવી ગયાં એકે ખાટલા ઢાળ્યા, બીજાએ તેના પર સરસ રંગીન ગોદડાં પાથર્યાં. બીજો તરત માટલામાંથી ચળકતા પીત્તળના લોટામાં પાણી લાવીને ઉભો રહ્યો. અમે બધાંએ પાણી પીધું અને ખાટલા પર બેઠા. આતાએ તેમના બે દીકરા અને બે દીકરીની ઓળખાણ કરાવી. મોટા દીકરાની વહુ અમારી સાથેના વડીલને પગે લાગી. ત્યાં તો આતાએ ફરી હુકમો કરવા માંડયા. 'ભલાં.., થોડાં નાળીયેર ઉતાર તો.' તરત એક છોકરો નાળીયેરીના ઝાડ પર ચડવા માંડ્યો. અમે આતાને વારવા માંડ્યા કે ભાઈ તમે મહેનત કરાવવી રહેવા દો. અમારે જવું જ છે. પણ આ ગ્રામપીતા અમારી વાત માને ખરો? ભલાંએ ઝાડ પરથી નાળીયેર ઉતાર્યાં. પપૈયાના ઝાડની ડાળખી તોડી, નાળીયરમાં કાણું પાડી, ભરાવી, અમને નાળીયેર આપ્યાં. અમે વીસ્મયથી તાકી રહ્યા. ફ્રેશ ફ્રેશ કોકોનટ વોટર વીથ નેચરલ સ્ટ્રો! સુરત શહેરમાં રહેનારે તો

કે'દાડે આવાં તાજાં તરોપાંને વળી તાજી તોડેલી પપૈયાની ડાળખીથી બનેલી સ્ટ્રો વડે તરોપાંનાં અમૃતજળનો સ્વાદ લીધો હોય? રોમ રોમ અમી પહોંચ્યું. હજુ તો તરોપાનો મીઠો સ્વાદ વાગોળતાં બેઠાં, ત્યાં આતાની વહુ, ભેંસનું દુધ દોહીને આવી અને સીધી જ અમારા માટે ચુલા પર ચા બનાવવા લાગી. અમે હા–ના કહીએ ત્યાં તો હાથમાં રકાબીઓ અને કીટલી લઈને હાજર! 'શે'રના લોકને ચા પીવાની ટેવ હોય ને!' તેવું આતા બોલ્યા. અમે પણ તાજા દુધની દુધપાક ચા પીધી. (હવે ત્રણ અને ચાર ફેટના દુધની ચા પીવા ટેવાયેલાને તો આ સાત–આઠ કે વધારે ફેટવાળા દુધની ચા 'દુધપાક' જ લાગે ને!) ત્યાં તો તાજાં ચીકુ–જમરુખની તાસક આવી, 'લ્યો મારી વાડીનાં જ છે. બહુ મીઠાં છે.' અમે તેને પણ ન્યાય આપ્યો. માટલાનું ઠંડુ પાણી, તેના પર તરોપાં અને હવે કઢીયેલ ચા અને ઉપર ફળાહાર.. મને થયું, યજમાનને ત્યાં પહોંચીને જમી શકાય તો સારું! આતા ભોળા તેમ જ વાતોડીયા. જાતે રબારી; પણ દીકરીને મેટ્રીક સુધી ભણાવી. એકનું આ વર્ષે આણું છે ને બીજીને જરા પગે પોલીયો. એટલે પી.ટી.સી. કર્યા પછી અમદાવાદ કૉલેજ કરવા મોકલી છે. પગભર થાય તો સારું ને! ભાઈ–ભાભીને માથે ન પડે. આવું તો કહેવાતા ભણેલાં શહેરીજીવ પણ ક્યાં સમજે છે?

ઝાલરટાણું થવા આવ્યું હતું અમે રજા લેવાની તૈયારી કરી. પણ આતા એમ છોડે? હવે વાળું કરીને જ જાવ ને! અમે

સમજાવવાનો પ્રયત્ન કર્યો, અમારા યજમાન રાહ જોતા હશે. અને હવે તો વાળુ થઈ શકે એટલી જગ્યા પણ પેટમાં નથી. પણ આતા માને? હોય કાંઈ એમ ને એમ જવાતા હશે? રંજુ, થોડાં રીંગણ તોડીને મે'માનને આપ. રંજુ પણ આતાની જ દીકરી ને! એટલે રીંગણની સાથે સાથે મોટો થેલો ભરીને માંડવી પણ લાવી. 'લો, તૈં માંડવી લઈ જાવ. ઘરની જ છે. બહુ મીઠી!' અમે તેમની પરોણાગીરીથી સાવ જ અબોલ થઈ ગયાં હતાં. ચીપી–ચીપીને કે જોખી–જોખીને બોલવા–સાંભળવા ટેવાયેલા શહેરીજીવને એક આંખની ઓળખાણ પર પાંચ–દસ કીલો મગફળી આપવા તૈયાર થઈ ગયેલો જીવ તો દરેક અર્થમાં ગામડીયો જ લાગે ને! અમે આતાને પગે પડ્યા. બસ, અમે બહુ પામ્યા. મગફળી રહેવા દો. તમારા પ્રેમથી જ તરબર છીએ. અમારી સાથેના વડીલે આતાની ગગીના હાથમાં થોડા પૈસા મુકયા. અને આતાએ ભલાને કહ્યું, 'જા આ માંડવી ઉંચકીને આગળ જા ને ગાડીમાં મુકીને આવજે.' અમે કશું કહીએ તે પહેલાં તો આતા, 'મારા હમ, જો તમે હવે માંડવી લઈ જવાની ના પડો તો.' શું બોલવું? ભલો અમારી સાથે ગાડી સુધી થેલો ઉંચકીને આવ્યો. આતા અને ગગી પણ અમને આવજો કહેવા રોડ સુધી આવ્યા. ગગીને ફરી કચકડે કંડારી. ઝવેરચંદ મેઘાણીએ જે સૌરાષ્ટ્રની ધીંગી ધરાની કહાની સૌરાષ્ટ્રની રસધારામાં પાને પાને ઉતારી છે તેનો સાક્ષાત્કાર કરી અમે ભર્યા

દીલે ગાડીમાં બેઠા. બેસીને પહેલો સવાલ જાતને પુછયો. આપણે અજાણ્યા માણસને પાણી પણ પીવડાવીએ ખરા?

●♦●

દર વર્ષે ચોમાસામાં ડાંગના જંગલમાં એક–બે દીવસ ફરવા જવું તેઓ અમારો નીયમ. મોટા ભાગે સાથે સીધુ–સામાન લઈને જઈએ. એકાદ વખત ત્યાંની દેશી રેસ્ટોરન્ટમાં ત્યાંનું દેશી ભોજન માણીએ. ગયા વર્ષે અમે ચાર–પાંચ જણા અઝમલગઢ ગયા હતા. વળતા અઝમલ ગઢની ટેકરી ઉતરતા એક ખેતરમાં દસ–બાર સ્ત્રીઓને ડાંગર વાવતી જોઈ. વરસાદ અલપઝલપ પોતાની હાજરી પુરાવતો હતો. ચારે બાજું લીલુંછમ હરીયાળું વાતાવરણ. વળી સાથે હરીયાળા સાથીદાર. પેલી ડાંગર વાવતી સ્ત્રીઓનો ફોટા લેવા હું તેમની નજીક ગઈ. બધી સ્ત્રી મને ફોટો પાડતી જોઈ રાજીની રેડ. પછી મેં પણ તેમની વાંસની ભારેખમ છત્રી ઓઢી ફોટા પડાવ્યા. ઝાઝી વાતચીત ના મેં કરી, ના તેમણે. તેઓ તેમનાં કામમાં પાછા મગ્ન થઈ ગયાં અને હું મારા. ફરતાં ફરતાં અમે અમારી ગાડી પાસે પહોચ્યાં ત્યાં તો તે બધી સ્ત્રીઓ પણ એક ઝુંપડી નીચે બેઠી હતી. બાજુના પાકા મકાનમાંથી એક સ્ત્રી આવીને તેમના હાથમાં માટલી અને સુંડલો મુકી ગઈ. અમને સમજાયું કે તેઓ જમવાના લાગે છે. તેમને સંકોચ ન થાય તેટલા માટે અમે આગળ જવા લાગ્યા. ત્યાં એક સ્ત્રી બોલી, ‘બેન, તું રોટલો ખાવાની?’ તેમની નજીક જઈને જોયું તો સુંડલામાં રોટલા

અને માટલીમાં કઠોળ. સાથે એક પડીયામાં ચટણી. રોટલો જોઈને હું ઓળખી ગઈ. આ તો ચોખાનો. પાછો ગરમ ગરમ. તે બધી તો એમ જ હાથમાં રોટલો, સુકી તુવેરનું શાક અને લાલ મરચાંની ચટણી લઈ ખાવા મંડી. મને પણ હાથમાં રોટલો પકડાવ્યો. કઠોળ ખાતાં જીવ ન ચાલ્યો. આ આટલાં બધાં અને આવી સખત મજુરી, ખાવાનું કદાચ ઘટી પડે તો? એટલે થોડી ચટણી લીધી. આહ, ચોખાનો રોટલો! કોઈ ઢોંસા જેવો પાતળો, વળી સાથે મરચાંની ચટણી. મારા રોટલા પર ચટણી જોઈ તે બોલી, 'બેન, તને તીખી લાગહે. થોડી ઓછી ખાજે.' જીભ પર મુકતાં જ ડાંગી લવીંગીયાં મરચાંની ચટણીની તીખાશ જીભ પર લાગી. અમે બે વચ્ચે અડધો અડધો રોટલો ખાધો. મને થયું મારે પણ તેમને કશું આપવું જોઈએ. કેટલાં ગરીબ છે! તેવો જ ભાવ! એટલે ગાડીમાંથી થોડાં વેફર અને બીસ્કીટના પૅકેટ લઈને આવી અને તેમને આપ્યાં. પણ તેણે ના પાડતા કહ્યું, 'તારી પાંહે રાખ, તને ખાવા કામ લાગહે.' મેં સમજાવ્યું કે મારી પાસે બીજાં ઘણાં છે એટલે આ તમે રાખો. પણ તે ન માની. 'તને અ'ઈનું ખાવા ન ભાવે. રસ્તે કામ આવહે.' છેવટે મેં ભાર દઈને કહ્યું, 'તારા પોયરા માટે છે. રાખી લે.' ત્યારે માંડ તેણે એક પેકટ લીધું. હું ભોંઠી પડી. આ અન્નપુર્ણાને વળી અન્ન આપનાર હું કોણ? ગરીબાઈમાં તેનું ખમીર જીંવત હતું. અંતે તો ધરતીની છોરી ને!

માણસ ધરતીની નજીક રહે તો જ ધરતીની વીશાળતા તેનામાં ધબકતી હશે? મને સૌરાષ્ટ્રનો પહેલો ખમતીધર ખેડુ યાદ આવી ગયો. તે કે ડાંગની પેલી અકીંચન આદીવાસી સ્ત્રી. તેમનામાં હજુ માણસાઈ ધબકે છે, માણસને જોઈને માણસ બનતાં આવડે છે. હૃદયની વીશાળતાની ખોટ શહેરમાં કેમ કાયમ અનુભવાય છે? કે પછી માનવીનો ‘વીકાસ’ તેને માનવ બનતાં અટકાવે છે?

હવે હું અને મારા પતી ક્યારેય એકબીજાના પ્રદેશ વીશે ટીકા કરતા નથી કે મારા ‘દેશ’ના લોકો જ સારા તેવું એકબીજાને સંભળાવતા નથી. અમે પણ હવે માનવ બનવાનો પ્રયત્ન કરીએ છીએ. આખરે જન્મ તો માણસનો લીધો છે ને!

–કામીની સંઘવી

સમ્પર્ક :

કામીની સંઘવી

ડી/804/ ન્યુ સનસીટી અપાર્ટમેન્ટ, ભુલકાં ભવન સ્કુલ પાછળ, કસ્તુરબા શાક માર્કેટની સામેની ગલીમાં, આનંદ મહેલ રોડ, અડાજણ, સુરત–395 009

Phone : 094271 39563

eMail: kaminiks25@gmail.com

Facebook: https://www.facebook.com/kamini.parikh.161

309 : 16-11-2014

# જીન્દગીએ કરવટ આ રીતે બદલી

–હુસૈન કચ્છી

અનુવાદક : રમણ વાઘેલા

અનુક્રમણીકા

આપણને જે નીર્ણયથી સફળતા મળી હોય તેવા નીર્ણયો બદલવા મુશ્કેલ હોય છે; પરન્તુ એ નીર્ણયો બદલવાનું કારણ, મળેલી સફળતાથીયે વધારે પ્રતીતીકર હોય તો નીર્ણયો બદલવામાં કોઈ પ્રતીકુળતા અનુભવવી પડતી નથી. ક્યારેક એવું પણ બનતું હોય છે કે કોઈ એક માણસ તમારા વીચારવાના – સમજવાના, આ દુનીયાને જોવાના દૃષ્ટીકોણને બદલી નાખતો હોય છે.

મારા કીસ્સામાં એ વ્યક્તી હતી મારી જીવનસંગીની અજ્જુ કે જેણે થોડાક સમય પહેલાં જ આ દુનીયામાંથી વીદાય લઈ લીધી. અહીં રાંચીમાં હું વીઝા માટે દોડધામ કરી રહ્યો હતો, ત્યાં તો એ કરાંચીમાં આ નશ્વર દુનીયાથી મુક્ત થઈ ગઈ! અંતીમ ઘડીએ તેને મળવાની વાત તો દુર રહી; પણ બે મુઠ્ઠી માટી પણ તેની કબર પર વાળી શક્યો નહીં! છેવટે તે એક જુદા જ દેશમાં ગુજરી ગઈ હતી. એની તબીયત બગડતાં જ કરાંચીથી મારા દીકરાઓએ મને જાણ કરી દીધી હતી. આ જ કારણે વીઝા

મેળવવા મેં એડી–ચોટીનું જોર લગાવ્યું; પરન્તુ પરીણામ શુન્ય આવ્યું. વીઝા આપનારાઓનું કહેવું હતું કે, 'તમે તો રાંચી–કરાંચી હમેશાં આવજા કરો છો; વળી, થોડાક દીવસ પહેલાં જ તમે કરાંચીથી આવ્યા છો.' આ વાત સાચી હતી. હું ગયો હતો તો એક મહીના માટે; પણ રહી ગયો ત્રણ મહીના સુધી. હું એ લોકને કેવી રીતે સમજાવી શકું કે ભલે મારું દીલ રાંચીમાં વસતું હોય; પણ એ દીલમાં વસનારાં બધાં કરાંચીમાં વસે છે! ખેર, કરાંચી જવાનો વીઝા મને મળ્યો નહીં; એ કારણે ઈચ્છા હોવા છતાં, હું મારી અજ્જુ પાસે જઈ શક્યો નહીં.

દરઅસલ ૯૦ના દશકામાં પાકીસ્તાનમાં રહેતા મારા નજીકના કુટુમ્બીજનનું મુત્યુ થયું હતું અને એમની સઘળી જમીનજાયદાદ – સમ્પત્તીનો વહીવટ સંભાળવાનું અમારે ભાગે આવ્યું હતું. ઘણી મથામણ–વીચારણાને અન્તે મારી પત્ની અજ્જુ અને બાળકો સહીતનો પરીવાર મારા કુટુમ્બીજનની જમીનજાયદાદ સંભાળવા માટે પાકીસ્તાન ગયો હતો અને હું અહીં રાંચીમાં રહી ગયો. આમ છતાં એ દુરતા મને ક્યારેય દુરતા જેવી લાગી ન હતી. દરરોજ કલાકો સુધી હું અજ્જુ સાથે વાતચીત કરી દુરતાને નજીકતામાં પરીવર્તીત કરતો હતો. અમે બન્નેએ વયના આ મુકામ પર આવીને કમ્પ્યુટર વાપરવાનું શીખી લીધું હતું. હું ૬૫નો ને મારી પત્ની મારાથી બે વર્ષ મોટી ૬૭ વર્ષની હતી. સ્કાઈપને કારણે અમે બન્ને કલાકો સુધી વાતો કરી શકતાં હતાં.

કેટલાક મહીના પહેલાં જ્યારે હું કરાંચીથી રાંચી આવવા નીકળતો હતો ત્યારે અજ્જુએ મને નજીક બોલાવી ધીરે રહીને કહ્યું હતું, ‘હુસૈન, કમ્પ્યુટર શીખી લેજો; હું પણ શીખી રહી છું.’ સ્કાઈપ પર દીવસ દરમીયાન થતી વાતોનો સાર એક જ હતો – ચેરીટી, ચેરીટી અને ચેરીટી. રાંચીમાં હું લોજ ચલાવું છું. એ મને હમેશાં સમજાવતી કે, ‘હુસૈન, ધંધામાં વધુ ને વધુ નફાની અપેક્ષા ક્યારેય રાખવી નહીં. કોઈ ઓછા પૈસા આપે તો પણ એને લોજમાં આશરો આપવો. કોઈ પૈસા આપી શકે એમ ન હોય તો એને પણ આશરો આપવો.’

આજદીન સુધી હું મારા મીત્રોને પણ એ વાત સમજાવી શક્યો નથી કે શા માટે દસેક વરસ પહેલાં મેં અચાનક મારી હૉસ્પીટલ બન્ધ કરી અને આ ભીડભાડવાળા વીસ્તારમાં ઓછી સગવડવાળી આ લૉજ ખોલીને બેસી ગયો હતો. એક દસકા પહેલાં મેં એક સાંજે અચાનક હૉસ્પીટલનું બોર્ડ હટાવી દીધું ત્યારે આખા શહેરમાં હું ચર્ચાનો વીષય બની ગયો હતો. લોકો પુછવા લાગ્યા કે આટલી સરસ રીતે ચાલતી હૉસ્પીટલ શા માટે બન્ધ કરો છો? હું મૌન રહ્યો. માત્ર એટલો જ જવાબ આપ્યો કે મારી મરજી! હું આ બધાને ‘મારી પોતાની’ મરજી બતાવી રહ્યો હતો; પરન્તુ આ મરજી હતી અજ્જુની. અજ્જુ ત્યારે કરાંચીથી રાંચી આવી હતી. એ જાણતી તો હતી જ કે મેં રાંચીમાં હૉસ્પીટલ શરુ કરી છે; પરન્તુ એણે મારા આ ધંધા વીશે જુદી જ ધારણા સેવી

હતી. એક બપોરે તે હૉસ્પીટલના કાઉન્ટર પર કલાકો સુધી બેઠી હતી. સાંજે અમે ચા પીવા બેઠાં તો એણે કહ્યું, ‘હુસૈન, તમે આ કેવો ધંધો કરી રહ્યા છો? રોકકોળ કરતા લોકો પાસેથી પૈસા લ્યો છો. મને તો એવું હતું કે તમે ચેરીટી હૉસ્પીટલ ચલાવી રહ્યા હશો; પરન્તુ તમે હૉસ્પીટલના બહાને ધંધો કરી રહ્યા છો!’

અજ્જુની વાત મેં સાંભળી. મેં એને કશું કહ્યું નહીં. નીચે હૉસ્પીટલમાં ગરમાગરમી હતી. હું સીધો બહાર આવી ગયો અને હૉસ્પીટલનું બોર્ડ હટાવી દીધું. મારા સ્ટાફને કહી દીધું કે હવે કોઈ નવા દર્દીને દાખલ કરશો નહીં જે દર્દીઓ છે તેઓનો જ ઈલાજ કરવાનો છે. મારા બધા સાથીઓ અને ડૉક્ટરો પણ અચંબામાં પડી ગયા. તેજીથી ચાલી રહેલા આ ધંધાના ભવીષ્ય વીશે વીચારણા કરવામાં બધા મગ્ન હતા. હું બધાની વાતો સાંભળી રહ્યો હતો. બધા જ જુના દર્દીઓએ વીદાય લીધી, તે પછી મેં એક નાનકડું બોર્ડ બનાવરાવ્યું. જેના ઉપર લખ્યું હતું : ‘કૅપીટલ લૉજ’.

ત્યારથી હું આ લૉજ ચલાવી રહ્યો છું. પાંચ વરસ પહેલાં પણ અજ્જુ આવી હતી. તે લૉજ જોઈને સંતુષ્ટ થઈ હતી. મારી સાથે મેનેજર તરીકે રેહાના કામ કરે છે. અજ્જુએ ફરી મને સમજાવ્યું કે, ‘તમે રેહાનાની પાસે માત્ર મેનેજરની રુએ જ શા માટે કામ લો છો? રાત–દહાડો એ કામ કરે છે; તો તમારા ધંધામાં

એને પણ ભાગીદાર બનાવો. એના રહેવાની વ્યવસ્થા ન હોય તો તે પણ કરો. એના ભવીષ્યની ચીન્તા તમને થવી જ જોઈએ.’

આવી શીખામણ મને અજ્જુ જ દઈ શકતી હતી. એવી શીખામણ આપવા માટે સાહસ અને વીવેક બન્ને હોવાં જોઈએ. મારી અજ્જુ જેટલી ખુબસુરત હતી તેટલી જ સાહસીક ને વીવેકી હતી. તે હવે મારી સાથે નથી; પરન્તુ તેને હું વીશ્વાસસહીત એ કહેવા માગું છું કે મારી શેષ જીન્દગીમાં હું એના ચીંધેલા માર્ગે જ ચાલતો રહીશ.

–હુસૈન કચ્છી

(રાંચી–કરાંચી)

અનુવાદક : રમણ વાઘેલા

(હુસૈન કચ્છી હાલ સામ્પ્રત સંસ્કૃતી પર કાર્યરત છે. તેઓ રહે છે રાંચીમાં અને પરીવાર રહે છે કરાંચીમાં! સૌજન્ય : ‘તહલકા’ 30 એપ્રીલ, 2014)

અનુવાદક સમ્પર્ક :

રમણ વાઘેલા, પ્લૉટ–652/2, સેક્ટર–8, ગાંધીનગર–382 007

ફોન : 079-2323 1569 Mobile : 99784 40616

eMail : divyang.vaghela@gmail.com

♦●♦

310 : 30-11-2014

# ગઝલ

–ભાવેશ શાહ ‘શહેરી’

અનુક્રમણીકા

.1.

મોક્ષના નામે થતા સૌદા હજારો હોય છે,
અહીં ધરમની હાટડી માટે ઈજારો હોય છે.

જે અમર બનવાના નુસખા રોકડે વેચી ગયા,
એમનીયે કો'ક ખુણામાં મજારો હોય છે.

કોણ ચાહે છે આ વરવા રુપના વ્યાપારને?
એ કમાણી પર ઘણાં ઘરનો ગુજારો હોય છે.

ખેલ સમજી, લોક તાળી પાડવા ભેગા થશે,
આપવીતી માણવા લાયક નજારો હોય છે!

પ્રેમનો સાચો અરથ ક્યારે આ ‘શહેરી’ જાણશે?
પ્રેમની જે શહેરમાં ધીખતી બજારો હોય છે!

.2.

પ્રણયવેશ પ્હેરી રમત નીકળે છે,
જો ડગલે ને પગલે શરત નીકળે છે.

ઘણીવાર ભાખ્યું ગલત નીકળે છે,
કે રેખાઓ પણ કમબખત નીકળે છે.

એ શબ્દોને હોઠોનું સરનામું આપો,
જે આંખો થકી દરવખત નીકળે છે.

પ્રણયનો થયો અંક પ્રારંભ બીજો,
અને આંસુઓની ખપત નીકળે છે.

કરી લાખ કોશીશ; ના ભેદી શકાયું,
આ 'શહેરી'પણું તો સખત નીકળે છે.

.3.

ક્યારેક તારી યાદ ગોરંભાય છે વરસાદમાં,
છત્રી ને રેઈનકોટ એળે જાય છે વરસાદમાં.

બાવીસ, બાવન કે હૃદય બ્યાંસી વરસનું છે જુવાન,

ટપટપના કોરસમાં જે ધકધક થાય છે વરસાદમાં.

બે જણ લગોલગ ચાલશે, છત્રી જો માથે એક હોય,
‘વરસી રહ્યું છે સુખ’ હવે સમજાય છે વરસાદમાં.

મુર્છીત થયેલું બાળપણ જીવતું થશે એ સુંઘતા,
માટીને તો સંજીવની કહેવાય છે વરસાદમાં.

રોજે ભલેને યંત્રવત પલળી જવાનું હોય છે,
‘શહેરી' ખરેખર તું કદી ભીંજાય છે વરસાદમાં?

.4.

નથી કોઈ વ્યાધી, ના પીવડાવ કાઢો; નથી રોગ, નીદાન થાશે નહીં,
હૃદયમાં અગર એક શંકા કરે ઘર; કદીયે સમાધાન થાશે નહીં.

જે વાળે છે મુઠ્ઠીઓ, વાંચી શક્યા છે કરમની હીમાયતને રેખાઓમાં,
એ ઉભી કે આડી કરી વાંચશો તોય વીધાતાનું વીધાન થાશે નહીં.

જે ડાળીએ બેઠા છો એને જ કાપી, કરો છો બળાપો તમે ભાગ્યનો,
સદા દોષનો ટોપલો ક્યાંક નાખી; સમસ્યાઓ આસાન થાશે નહીં.

તું મંગળથી ડરજે ને શની-જાપ કરજે; લે વીંટી, લે ધાગો, લે તાવીજ પ્હેર,
તને ફોસલાવીને સૌનાં થશે ગ્રહ; તારા જ બળવાન થાશે નહીં.

તું મંદીરમાં જઈને વીનવે છે કોને; હૃદય ખોલવાની કરી ભુલ તેં,
સ્વરુપે જે પથ્થર છે, ઠંડો જ રહેશે; સ્વભાવે એ ભગવાન થાશે નહીં,

.5.

જીવી જવા પ્રયાસ છે, બીજું કશું નથી,
ગઝલોમાં મારો શ્વાસ છે, બીજું કશું નથી.

તું પુછતી નહીં મને આ જીન્દગી વીશે,
તારા લગી પ્રવાસ છે, બીજું કશું નથી.

ના તાપ જેવી ઉગ્રતા, ના પ્રેમ, અંધકાર,
મોં સુઝણો ઉજાસ છે, બીજું કશું નથી.

જો દુ:ખ ગઝલનાં કાફીયા ને સુખ રદીફ હોય,
જીવન ત્યાં આસપાસ છે, બીજું કશું નથી.

'શહેરી' શું કામે પ્રેમને રાંધ્યો ઉતાવળે?
એમાં ફક્ત કચાસ છે, બીજું કશું નથી.

.6.

તેં બનાવ્યો'તો છતાં તારા ગજાનો નીકળ્યો,
આમ તો એકંદરે માણસ મજાનો નીકળ્યો.

કેસરી લીલો કે ભુરો કોઈ પણ રંગે ભરો,
દૃશ્ય લાલમલાલ છે, કીસ્સો ધજાનો નીકળ્યો.

એક દી' મા-બાપની એ ધારણા ખોટી પડી,
કાચ ધાર્યો'તો, એ ટુકડો કાળજાનો નીકળ્યો.

દ્વાર પણ થાકી ગયું છે, ક્યાં કરે ફરીયાદ એ?
પ્રશ્ન આ દીલમાં, તમારી આવ-જાનો નીકળ્યો.

એ નીશાની પર લખ્યું’તું : ‘અહીં દટાઈ છે ગઝલ’,
ખોદતાં ઉંડાણમાં અઢળક ખજાનો નીકળ્યો.

.7.

આભાસની દુનીયા તજી સપનાં અગર જાગ્યાં હશે,
લીસ્સી જણાયેલી સડક પર કાચ પણ વાગ્યા હશે.

થાકી ને સપનાંને કહ્યું, ‘ક્યારેક તો નક્કર બનો!’,
ઝટ પામવાની લ્હાયમાં, મેં કેટલાં ભાંગ્યાં હશે!

કુબ્જા સરીખી રાતને કોઈ ના આલીંગન કરે,
સપનાં સનમનાં એટલે શૃંગારમાં માંગ્યા હશે.

ચળકાટ સોનેરી ભલે, હોતા નથી સાચા બધા,
સપનાં ચકાસો ભીતરેથી; કાટ પણ લાગ્યા હશે.

ખોલીને રાખેલું, હૃદય દેખાય અલમારી સમું,
સળ ના પડે એવી રીતે, સપનાં અલગ ટાંગ્યાં હશે.

.8.

અશ્ક સાથે સારવું સહેલું નથી.
દર્દને ઓગાળવું સહેલું નથી.

દુઃખને સામી છાતીએ પડકારતાં,
બારણેથી વાળવું સહેલું નથી.

શ્વાન, પોપટ, વાઘની શી છે વીસાત?
પીંજરે સુખ પાળવું સહેલું નથી.

ચાંદની યાત્રા કરી લીધી છતાં,
માંહ્યલા તક ચાલવું સહેલું નથી.

સત્ય દીલનું હુબહુ બોલી જશે,
આંખથી સંતાડવું સહેલું નથી.

હોય એથીયે વધારે આવશે,
ખુદનું કદ ખુદ માપવું સહેલું નથી.

વાંચ 'શહેરી' ખુદને, પાનાં ફેરવી;
બંધ આંખે વાંચવું સહેલું નથી.

.9.

ગમે છે માનવીને પુજવા, વડલા વીચારોના
શુકનવંતા થયા છે જ્યારથી; પગલાં વીચારોનાં.

રહે મન ઉદ્યમી તો થાય નહીં ક્યારેય ચીં..ચીં..ચીં,
મળ્યો ફાજલ સમય ચહેક્યા કરે; ચકલાં વીચારોનાં.

મળ્યાં છે સાત દરીયાપાર વાવડ એમનાં આજે,
બની યાયાવરી ઉડશે હવે; બગલાં વીચારોનાં.

જુઓ, આ મન છે માણસનું, અહીં હડતાલ ચાલે છે;
ને પુષ્કળ ગંધ મારે છે, જુના ઢગલા વીચારોના.

ગણતરીબાજ 'શહેરી', હારવાનો પ્રેમની બાજી,
હૃદય ક્યાં ચાલવાનું છે? અઢી ડગલાં વીચારોનાં!

.10.

પધારો, પધારો, પધારો, પધારો;
મેં સુખદુખના સ્વાગતમાં ખોલ્યાં છે દ્વારો.

કીનારે કીનારે શું હંકારવાની?
કદી જીન્દગી મધદરીયે ઉતારો.

ભલે ભાવતા હોય મીઠા સંબંધો,
અનુભવ કરીને જુઓ એક ખારો.

હટી જાય અડચણ બનેલો એ ડુમો,
પછી વેદનાનો ફુટે છે ફુવારો.

બધાં વેઠતાં વેઠતાં થાકવાના,
ઉપાડીને માથે; સો સપનાંનો ભારો.

દીવસ-રાત દીલથી કરી કામ એનું,
શું યમદુત માંગી શકે છે વધારો?

જે કીસ્મત બદલવાનો દાવો કરે છે,
ચમકતો નથી કેમ એનો સીતારો?

સફાળો થઈને તું જાગ્યો છે ‘શહેરી’,
શું સપનામાં દેખાઈ લાંબી કતારો?

–ભાવેશ શાહ ‘શહેરી’–

કવીસંપર્ક: બી–201, વીણા ક્લાસીક, મોદી પાર્ક,
ઈરાની વાડી, રોડ નં.-3, કાંદીવલી (વેસ્ટ), મુમ્બઈ–400 067,
Mobile : 98200 87664 eMail : bcshah2013@gmail.com

♦●♦

311 : 14-12-2014

# સૌ મેં સે નીન્યાન્વે બેઈમાન, ફીર ભી...

–સુધા મુર્તી

અનુવાદ: સોનલ મોદી

અનુક્રમણીકા

સોમવાર એટલે બધી ઑફીસ માટે કટોકટીનો દીવસ. બે દીવસનું ચડેલું કામ, ઢગલો ઈ.મેલ જોવાના, એટલી જ ટપાલ–છાપાંના ઢગલા, મીટીંગો. હુલ્લડ જેવી પરીસ્થીતી સર્જાઈ જાય. રવીવાર સુધી પહોંચવા માટે પણ સોમવાર પસાર કરવો જરૂરી તો છે જ ને?

આવો જ એક સોમવાર હતો. હું ઑફીસમાં ગળાડુબ કામમાં હતી. એકાએક સેક્રેટરીએ આવીને મને કહ્યું, ‘બહેન, બહાર બે ભાઈઓ આવ્યા છે. તમને મળવા માગે છે. એપૉઈન્ટમેન્ટ લીધેલી નથી; પણ ક્યારના ઉભા છે. વળી, તેમાંના એક તો બહુ જ ઘરડા છે. અંદર બોલાવું?’ મારી સેક્રેટરી મમતા એટલે ખુબ જ હોશીયાર. ફાલતુ લોકોને તો જોતામાં જ ઓળખી જાય. તેથી મેં કહ્યું, ‘હા, એમને અંદર આવવા દે.’

એક પચાસેક વરસના ભાઈ અંદર આવ્યા. તેમની સાથે એક પંચોતર–એંશી વર્ષની ઉમ્મરના વડીલ હતા. વડીલ શરીરે

અત્યન્ત કૃશ અને થોડા વાંકા વળી ગયેલા હતા. તેમણે જુનાં કપડાં પહેરેલાં અને ખભે જર્જરીત થેલો લટકાવેલો હતો. પેલા આધેડ ઉમ્મરના ભાઈને મેં પુછ્યું, 'બોલો ભાઈ, શી બાબત આવવું થયું? અમારી સંસ્થા તમારી કેવી રીતે મદદ કરી શકે?'

પેલા વૃદ્ધ તો ચુપ જ રહ્યા; પણ આધેડ ઉમ્મરના ભાઈ કહે, 'બહેન, મારે તો કંઈ જરુર નથી; પણ આ વડીલ સામે બસસ્ટૉપ પર બેઠેલા. સારા ઘરના લાગે છે. પુછપરછ કરતાં જાણવા મળ્યું કે બીચારાનું કોઈ નથી અને પૈસા પણ નથી. રહેવા માટે છાપરુંયે નથી.' વગેરે વગેરે.. ભાઈને આગળ ઘણુંબધું કહેવું હતું; પણ આટલાં વર્ષોના સંસ્થાના અનુભવે હું થોડી ધીટ થઈ ગઈ છું. કદાચ થોડી તોછડાઈ પણ આવી જાય છે. લોકો મુદ્દાસર વાત કરતા નથી અને ગોળગોળ વાત ફેરવીને અન્તે તો પૈસાની જ માગણી કરતા હોય છે. 'ગરજવાનને અક્કલ નહીં' – તે કહેવત સાર્થક થતી મેં અનેક વાર નજરે જોઈ છે.

મેં આડીઅવળી પ્રસ્તાવના વગર પુછ્યું, 'તમે આ વડીલને મારી પાસે શી આશાએ લાવ્યા છો?'

પેલા ભાઈ કહે, 'તમારી સંસ્થા(ઈન્ફોસીસ ફાઉન્ડેશન) વીશે મેં ઘણું સાંભળ્યું છે. આ કાકા મને ખરેખર મદદને લાયક લાગ્યા એટલે હું તેમને સીધો જ અહીં લઈ આવ્યો.'

મેં કાકાને પુછ્યું, 'તમારું ખરેખર કોઈ નથી?'

વડીલની આંખો ભરાઈ ગઈ. ગળામાં ડુમો ભરાઈ ગયો હશે કે કેમ; પણ ખુબ જ ધીમેથી ફક્ત એટલું જ બોલી શક્યા : ના.... બહેન, મારું કોઈ નથી.'

મેં આગળ ચલાવ્યું, 'બીજા કોઈ કુટુમ્બીજનો?' વડીલ કહે, 'ના'. મેં તેમની નોકરી, પુર્વજીવન અંગે પણ પ્રશ્નો પુછ્યા. કાકા ખરેખર ખાનદાન, નીઃસહાય અને જરુરીયાતમંદ લાગ્યા. બેંગ્લોર નજીકના જ એક વૃદ્ધાશ્રમ સાથે અમારે કાયમી સમ્પર્ક છે. મેં ત્યાં ફોન કરી, સંચાલીકાબહેનની મદદ માગી. 'બીજી કોઈ વ્યવસ્થા ન થાય ત્યાં સુધી આ વૃદ્ધને ત્યાં રાખવાની સગવડ થશે? બધો ખર્ચ અમારી સંસ્થા ભોગવશે.'

બધું નક્કી થઈ ગયું. પેલા ભાઈ વડીલની સાથે જ ઉભા થયા. મને કહે, 'આ વડીલને હું જ વૃદ્ધાશ્રમ મુકી દઈશ. તમે આટલું કરો છો, તો મારી એટલી ફરજ તો છે જ કે તેમને ત્યાં સુધી મુકી આવું. ત્યાંથી જ મારી ઑફીસ જવા નીકળી જઈશ.'

બન્ને ઉભા થયા. ગયા. હું મારી ફાઈલો, ઈ.મેલ, પત્રો, મુલાકાતીઓ, વાવચર્સ અને પ્લાનીંગની દુનીયામાં વ્યસ્ત થઈ ગઈ. વચ્ચે–વચ્ચે બે–ત્રણ વાર મારી ઑફીસમાંથી ફોન કરીને મેં વડીલની ખબર પુછી હતી; પણ જવાનો સમય નહોતો મળ્યો. અમારી સંસ્થા તરફથી એમનાં ખર્ચા–પાણીનો ચેક નીયમીતરુપે વૃદ્ધાશ્રમને પહોંચી જતો.

એક દીવસ વૃદ્ધાશ્રમનાં સંચાલીકાબહેનનો મારા પર ફોન આવ્યો. 'સુધાબહેન, તમે મોકલ્યા હતા તે વડીલ ખુબ જ બીમાર છે. અંતીમ ઘડીઓ ગણાય છે. તમને ખુબ યાદ કરે છે. સમય મળે તો સાંજે ઘરે જતાં અહીં થઈને ઘરે જશો?'

સાંજે થોડાં ફળો લઈને હું વૃદ્ધાશ્રમ પહોંચી. દાદા ખરેખર છેલ્લા શ્વાસ લઈ રહ્યા હતા. મને થયું, વડીલને પુછું, તેમને કોઈ સગાં–સમ્બન્ધી, ભાણીયા, ભત્રીજા, પૌત્રી કોઈ જ નથી? કોઈને પણ તેઓ મળવા માંગે છે? છેલ્લે–છેલ્લે કાંઈ કહેવા માંગે છે? મેં તેમને પુછ્યું, 'દાદા, તમારી કોઈ પણ ઈચ્છા હોય તો વીનાસંકોચે જણાવો. કોઈને બોલાવવા છે? કોઈને કંઈ કહેવું છે? તમારી પાસે કોઈનો ફોન નંબર હોય તો હું જઈને ફોન પણ કરી આવીશ.'

ધ્રુજતા હાથે દાદાએ ચબરખીમાં એક નંબર લખી આપ્યો. હું બહાર દોડી. પબ્લીક ફોનમાંથી નંબર જોડી વડીલની તબીયતના સમાચાર અને વૃદ્ધાશ્રમનું સરનામું આપ્યું. થોડી જ વારમાં એક ભાઈ આવી પહોંચ્યા. લાગણી અને ચીંતાના ભાવ સાથે દાદાને ખાટલે ધસી પહોંચ્યા! તેમને જોઈને મને લાગ્યું કે, મેં આ ભાઈને ક્યાંક જોયા છે. જરુર જોયા છે. રોજ હું એટલા બધા લોકોને મળું છું કે ઘણી વાર ભુલ થઈ જાય. કદાચ આ ભાઈ જેવા જ બીજા કોઈને જોયા હોય. મારી કંઈક ભુલ હશે. કંઈ યાદ આવતું ન હતું.

થોડી વારમાં ડૉક્ટર આવ્યા. દાદાના મૃત્યુના સમાચાર આપ્યા. મને ખરેખર દુ:ખ થયું. ન તો મારા સગા હતા, ન સમ્બન્ધી; છતાંય મનમાં ભારોભાર ગ્લાની વ્યાપી. આ રીતે એકલા–અટુલા દુનીયામાંથી વીદાય લેવી તે પણ કેવી નીષ્ફળતા છે!

પેલા ભાઈ બહાર આવ્યા. તેમની આંખોમાં આંસુ હતાં. શાન્તીથી બાજુની બૅંચ પર બેસીને કંઈક વીચારમાં ખોવાઈ ગયા. આખુંયે વાતાવરણ દુ:ખદ–ભારેખમ લાગતું હતું. વૃદ્ધાશ્રમનાં બહેન, હું અને આ ભાઈ, અંતીમવીધીની રાહ જોતાં બેઠાં હતાં.

એકદમ પેલા ભાઈ કહે, ‘ડોસા અહીં આવ્યા ત્યારે તેમની પાસે એક ઝોળી–થેલી હતી ને, તે ક્યાં છે?’

સંચાલીકાબહેન કહે, ‘કઈ થેલી?

પેલા ભાઈ, ‘કેમ? તે જોડે લાવ્યા હતા તે!’

હવે મારા કાન સરવા થયા. આ થેલીની વાત તો ફક્ત મને જ ખબર હતી. કેમ કે મેં જ એમને વૃદ્ધાશ્રમમાં મોકલ્યા હતા. મેં પટાવાળાને દાદાના રુમમાં મોકલ્યા. થેલી આવતાંની સાથે જ પેલા ભાઈ ઝુંટવવા ગયા. હું વચ્ચે પડી. મેં કહ્યું, ‘તમને શો હક્ક છે આ થેલીની ગાંઠ ખોલવાનો? તમે છો કોણ? દાદા જોડે તમારે શો સમ્બન્ધ છે? તમને આ થેલીની ખબર જ કેવી રીતે પડી?’

પેલા ભાઈને આ બધી પડપુછ ગમી નહીં; પણ તેમણે જવાબ આપવો જ પડે તેમ હતો. સંચાલીકાબહેન તો ફક્ત મને

જ ઓળખતાં હતાં. આમેય, ભારતદેશમાં પુરુષોને, સ્ત્રીઓને જવાબ આપવો જરા ઓછો ગમતો હોય છે. પૌરુષ અને અહંકારના સદીઓ જુના ખ્યાલો જલદી દુર નહીં થાય. હવે જો કે સ્થીતી બદલાતી જાય છે.

પેલા ભાઈ કહે, ‘હું જ એમને(દાદાને) અહીં મુકી ગયો હતો.’

મેં કહ્યું, ‘પણ તમે છો કોણ?’

ભાઈ કહે, ‘હું એમનો પુત્ર છું.’

મને ભયંકર શૉક લાગ્યો. હવે આ ભાઈને મેં બરાબર ઓળખ્યા. અરે, આ તો પેલા જ ભાઈ છે, જે આ વૃદ્ધને લઈને ફાઉન્ડેશનની ઑફીસે આવ્યા હતા અને મારી સામે હડહડતું જુઠ્ઠું બોલ્યા હતા કે વૃદ્ધ તેમને બસસ્ટૉપ પર મળ્યા હતા. અરેરે.. શો જમાનો આવ્યો છે! થોડી વાર તો હું સ્તબ્ધ થઈ ગઈ. આવા માણસને કહેવું પણ શું? મને સ્વસ્થ થતાં જરા વખત લાગ્યો, ‘અરે ભાઈ, તમે આટલું મોટું જુઠાણું કેમ ચલાવ્યું?’

ભાઈ કહે, ‘મારે ઘરે એમને રાખવાનો પ્રૉબ્લેમ હતો. મારી પત્નીને ને તેમને રોજ કજીયો–કંકાસ થાય. એક દીવસ મારી પત્નીએ કહી દીધું, ‘આ ઘરમાં ક્યાં હું નહીં; ક્યાં એ નહીં.’ એવામાં જ તમારી સંસ્થા વીશે ક્યાંક વાંચ્યું. અમે નક્કી કર્યું કે બાપુજીને તમારે આશરે મુકી દઈએ. પૈસા વગર અમારો તો પ્રૉબ્લેમ સોલ્વ થઈ ગયો.’

'અરે ભાઈ, શો તમારો આઈડીયા છે! ખરેખર, મેં આજ સુધી અનાથ બાળકો જોયાં છે; પણ અનાથ બાપ નથી જોયા. તમે તો ખરેખર 'જીનીયસ' છો. ભાઈ, તમારા બાપુજીને ખરી અવ્વલ મંજીલે પહોંચાડ્યા તમે તો...'

થેલી હું જ પકડીને બેઠી હતી. હવે હું ખુબ જ ગુસ્સે થઈ ગઈ હતી. આ માણસ પ્રપંચી, જુઠ્ઠો અને શઠ તો હતો જ; પણ તેણે મને મુર્ખ બનાવીને પોતાનું કામ કાઢ્યું હતું. થેલીની ગાંઠ મેં ખોલી. અંદર બેત્રણ ફાટેલાં પહેરણ, થોડી દવાઓ, બેત્રણ ફોટા અને જર્જરીત થઈ ગયેલી એક બેંકની પાસબુક હતી. મેં પાસબુક ઉઘાડી. બેલેન્સ જોઈને મારી આંખો ચાર થઈ ગઈ! દોઢ લાખ રુપીયા! માની શકો છો? ખાતામાં બીજું નામ તેમના આ 'પનોતા' પુત્રનું હતું, જેણે તેમને ઘરમાંથી તડીપાર કર્યા હતા.

મને પુત્ર પર તો ગુસ્સો આવ્યો જ હતો; પણ આ દીવંગત વૃદ્ધ પર વધારે ગુસ્સો આવ્યો. આ નપાવટ, નગુણા છોકરાને દોઢ લાખ રુપીયા અને જે વૃદ્ધાશ્રમે તેમને અંતીમ દીવસમાં આશરો આપ્યો તેને દોઢીયુંય નહીં! દુનીયામાં 'આભાર' જેવો કોઈ શબ્દ રહ્યો છે ખરો?

છેલ્લાં થોડાં વર્ષોમાં મેં ઘણી દુનીયા જોઈ છે. પશ્ચીમના દેશોમાં વૃદ્ધોને વર્ષોનાં વર્ષો ક્લીનીકમાં, આશ્રમોમાં રહેતાં જોયા છે. જ્યારે આ વૃદ્ધો ગુજરી જાય છે ત્યારે તેમની સમ્પત્તીનો મોટો ભાગ, ઘણી વાર તો બધી જ સમ્પત્તી વૃદ્ધાશ્રમો કે હૉસ્પીટલોને

આપતા જાય છે. તેમાંથી હૉસ્પીટલો અદ્યતન સાધનો વસાવે, નવી સગવડો ઉભી કરે. આ વૃદ્ધો તેમનાં છોકરાંઓને રાતી પાઈ પણ પરખાવતાં નથી. જો કે, છોકરાંઓ મા–બાપની સમ્પત્તીની અપેક્ષા પણ રાખતાં નથી હોતાં.

પણ આપણે અહીં ભારતમાં પરીસ્થીતી તદ્દન ઉંધી છે. છોકરાં મા–બાપની સંભાળ રાખે કે ન રાખે, સમ્પત્તીની તો સમ્પુર્ણ આશા રાખે છે.

પેલા ભાઈને મારાથી કહ્યા વીના ન રહેવાયું, ‘તમે અને તમારા બાપુજીએ મારી ઑફીસમાં, થોડા હજાર રુપીયા બચાવવા જે નાટક કર્યું, તે કરતાં તમને સહેજે શરમ ન આવી? હવે સાચી જરુરીયાતમંદ વ્યક્તીને પણ હું શંકાની નજરે જોતી થઈ જઈશ. નજર સામે તમે જ આવશો.’

ભાઈ શરમના માર્યા નીચું જોઈ ગયા. એક ટ્રક પાછળ થોડા વખત પહેલાં મેં વાંચેલું તે યાદ આવી ગયું : ‘સૌ મેં સે નીન્યાનબે બેઈમાન; ફીર ભી મેરા ભારત મહાન!’

–સુધા મુર્તી

અનુવાદક : સોનલ મોદી (સમ્પર્ક : smodi1969@yahoo.co.in )

..મનની વાત.. (–ઝીંદાદીલીને સલામ–)

શ્રીમતી સુધા મુર્તીના મુળ અંગ્રેજી પુસ્તક ‘WISE AND OTHERWISE - A SALUTE TO LIFE’ નો ભાવાનુવાદ....

'ઈન્ફોસીસ ફાઉન્ડેશન' નામની સેવાસંસ્થાના અનુભવે સુધા મુર્તી ભારતભરના અસંખ્ય જરુરતમંદોના પરીચયમાં આવ્યાં. ભાતીગળ અનુભવોની રસલ્હાણ એમણે 'મનની વાત' પુસ્તકમાં વહેંચી અને એનો રસાળ ગુજરાતી અનુવાદ આપ્યો સોનલ મોદીની કસાયેલી કલમે. ડીસેમ્બર ૨૦૦૨માં પ્રગટેલા આ માનવસમ્વેદના જગાડતાં અદ્ભુત પુસ્તકની પાંચ આવૃત્તીઓ થઈ અને ત્યાર પછીયે એનાં પાંચ પુનર્મુદ્રણો થયાં છે. (પ્રકાશક : આર.આર.શેઠની કંપની, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૨ અને ખાનપુર, અમદાવાદ–૩૮૦ ૦૦૧. પાનાં : ૨૧૨; મુલ્ય : રૂ. ૧૦૦.) આ પુસ્તકની સંપુર્ણ આવક સમાજસેવાનાં વીવીધકાર્યો માટે વપરાય છે એ એની વીશેષતા છે.

Web : www.rrsheth.com E–mail : sales@rrsheth.com

♦●♦

312 : 28-12-2014

# નાનીયો આઈસક્રુટવાળો

–આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

ટન્.... ટન્.... ટન્.... ટન્.... નીશાળનો ઘંટ ઘણઘણ્યો. સાથે નીશાળની ઈમારત પણ. બાળગોપાળો દોડ્યાં – કોઈ ડબ્બો બંધ કરતાં, કોઈ ચંપલ પગમાં સેરવતાં, કોઈ દડો ઉછાળતાં, કોઈ લંગડી કરતાં.

કોઈ હીંચકે હીંચકવા માંડ્યું. કોઈ લસરણીએ લસરવા માંડ્યું. કોઈએ હુતુતુતુની રમત માંડી. કોઈએ ગીલ્લીદંડા લીધા. કોઈ ક્રીકેટ રમવા માંડ્યું. કોઈ નાસ્તાનો ડબ્બો ઉઘાડી ખાતું હતું. બપોરની છુટ્ટી બધાં માણી રહ્યાં હતાં. આનંદની છોળો ઉડતી હતી.

એ છોળો વચ્ચેયે કોરોકટ નાનીયો નીશાળના મેદાનમાં આઈસક્રુટ વેચતો બેઠો હતો. ફાટેલી ચડ્ડી અને કાકાના જુના લબડતા પહેરણમાં એ ફક્કડ લાગતો'તો. વધી ગયેલા વાળ આંખો પરથી હઠાવતાં બોલતો — 'મીઠું મીઠું આઈસક્રુટ.... પાવલીનું આઈસક્રુટ.... બાબા માટે.... બેબી માટે....'

નાનીયો હશે દસ-બાર વરસનો. માબાપ વીનાનો, કાકા-કાકીને ત્યાં ઉછરતો. કાકીને બે ટંકના રોટલા સાટે એક સરસ નોકર મળી ગયો હતો. ઢોરોને ચરાવતો, ગભાણ સાફ કરતો,

છાણાં થાપતો. બારના સુમારે કારખાનેથી આઈસફ્રુટ લઈ બે વાગ્યાની છુટ્ટી સુધીમાં સયાજી વીદ્યાલય પહોંચી જતો. કાકી ધમકાવતાં કહેતાં : 'જોજે ચાર વાગે નીશાળેથી સીધો ઘરે આવી જજે! નહીં તો ચામડાં ઉતરડી નાખીશ. અને પૈસામાં કાંઈ ગરબડ કરી તો હાથે ડામ જ દઈશ.'

સાંજે મીઠા-મરચાંની ચટણી સાથે રોટલો મળતો. દીવસભરની હડીયાપાટુ બાદ એય ભારે મીઠો લાગતો. ત્યાર પછી આંગણાની સફાઈ, પાણી ભરવાનું, ફાનસ સાફ કરવાનાં, વાસણ માંજવાનાં.... પથારીમાં પડતાંવેંત આંખ મળી જતી, તે સવારના પહોરમાં કાકીની હાકથી ઉઘડતી.... 'એય ગધેડા! ઉઠે છે કે સાંબેલું લઉં?'

નાનીયાને થતું, નીશાળમાં આ બપોરની છુટ્ટી લાંબી-લાંબી હોત, તો કેવું સારું! નાનીયો શરીરથી નહીં તો મનથી, એ છુટ્ટી ભરપેટ માણતો. એનું બાળપણ બાળગોપાળો સાથે રમવા દોડી જતું. પેલી લસરણી પર લસરી પડવાની કેવી મજા પડતી હશે! પવન સાથે હીંચોળો લેતા હીંચકા ખાવાની તો કેવી લહેર! જો, જો, પેલા બેટવાળાએ કેવો ફટકો માર્યો! હું પણ દોડી જઈને લગાવું કે તેનાથીયે ઉંચો! અને આ હુતુતુતુવાળા ટંગડી પકડવાને બદલે હાથ શું કામ પકડતા હશે? હું હોંઉ તો ઘડીકમાં ચીત કરી દઉં....

નાનીયાની મનોસૃષ્ટીમાં ભંગ પડ્યો... 'એય આઈસફ્રુટવાળા! પાવલી-પાવલીની બે આપ....'

છેલ્લી પાંચ-સાત કાંડી વેચી ભારે પગલે એ ઘેર ગયો. પણ આજે એનું મન કામમાં લાગતું નહોતું. આ બધાંય છોકરાં રમે છે, તે એકાદ દીવસ હુંય રમું તો? એક દીવસ હુંય મજા માણું. મનોમન નીશ્ચય થતો ગયો કે કાલે છુટ્ટીમાં હુંય રમવાનો.

બીજે દીવસે સવારે એ કાકીની હાક વીના જ ઉઠી ગયો. એનું મન ઠેકડા મારતું હતું.... ક્યારે સયાજી વીદ્યાયલ પહોંચું અને ક્યારે ત્યાં બપોરની છુટ્ટીનો ઘંટ પડે!....

ટન્.... ટન્.... ટન્.... ટન્....

આઈસફ્રુટનો ડબ્બો ખુણામાં મુકી દોડ્યો. લસરણી ઉપર આઠ-દસ વાર લસરી લીધું. પેટ ભરીને હીંચકા ખાઈ લીધા. હુતુતુતુની ટોળીમાં ભળી એકનો પગ પકડી ભોંય ભેળો કર્યો. છોકરાંઓએ તાળી પાડી. ગીલ્લી-દંડામાં ગીલ્લી એટલી બધી દુર ગઈ કે છોકરાંએ 'નાનીયા આઈસફ્રુટવાળાની જય....' બોલાવી દીધી! પુરા પાંચસો દંડા ગણી લો!

ટન્.... ટન્.... ટન્.... ટન્....

છુટ્ટી પુરી થઈ. બધાં છોકરાં દોડ્યાં વર્ગ ભણી. નાનીયો ભાનમાં આવ્યો. એણે જઈને ડબ્બો ખોલ્યો. પણ આ શું? ડબ્બો ખાલી! છોકરાંવ ઝાપટી ગયેલાં! નાનીયાએ ખીસ્સામાં હાથ

નાખ્યો. એય ખાલી! થોડાઘણા પૈસા આવેલા, તેય પડી ગયા હતા. નાનીયો ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યો.

ઘરે કાકીના હાથે મેથીપાક મળ્યો. ભુખ્યા રહેવાની સજા થઈ. હાથે ડામ દેવાયા. ગાળોનો વરસાદ વરસ્યો.

બસ, એક દીવસમાં નાનીયો મોટો થઈ ગયો! ઘણો બધો મોટો! ઘણો બધો શાણો! એને સમજાઈ ગયું કે આ રમવા-કરવાનું આપણે નહીં. પાંખ હોવા છતાં ઉડવાનું આપણે નહીં. કંઠ હોવા છતાં અને અંદર ગીત ગુંજતું હોવા છતાં ગાવાનું આપણે નહીં. આપણે તો આઈસફ્રુટ વેચવાનાં.... આપણે તો....

બીજે દીવસે ભારે પગલે એ નીશાળે પહોંચ્યો. રોજ મીઠો લાગતો છુટ્ટીનો ઘંટ આજે તેને ભારે કર્કશ લાગ્યો. છોકરાંઓ દોડતાં આવ્યાં. મેદાનમાં ધમાચકડી મચી ગઈ. ‘એય, મને બે કાંડી આપ!.... મને કેસરી!.... મને પેલું પીળું!.... મને લાલ!....’

નાનીયો રોજની જેમ આજેય આઈસફ્રુટ વેચી રહ્યો હતો. પણ આજે તે મેદાન ભણી મોં રાખવાને બદલે મેદાન ભણી પીઠ કરીને બેઠો હતો. કેવળ મેદાન ભણી જ નહીં; ઉછળતા-કુદતા બાળપણ ભણી પણ!

(શ્રી યોગીની જોગળેકરની મરાઠી વાર્તાને આધારે)

(‘ભુમીપુત્ર’ પાક્ષીકના દરેક અંકના છેલ્લે પાને નીયમીત પ્રકાશીત થતી એક વાર્તા)

–આશા વીરેન્દ્ર

સર્જક–સમ્પર્ક :

બી–401, ‘દેવદર્શન’, હાલર,

વલસાડ– 396 001

ફોન : 02632-251 719

મોબાઈલ : 94285 41137

ઈ–મેઈલ : avs_50@yahoo.com

♦●♦

313 : 11-01-2015

# ગઝલ

–હેમંત ગોહીલ ‘મર્મર’

અનુક્રમણીકા

.1.

જાય તો ભગવાન ભણવા કઈ નીશાળે જાય, પપ્પા?
મે’મનું ઘરકામ એનાથીય તે ભુલાય, પપ્પા?

ફાટલું ખીસ્સું હશે એ ફુલનું ચોક્કસપણે, હા,
આટલી સુગંધ નહીંતર આમ કંઈ ઢોળાય, પપ્પા?

વ્હાલ વત્તા ફુલ વત્તા ચાંદ વત્તા છાંયડાઓ,
આ બધાંને મધમાં ઘોળું : એમ મમ્મી થાય, પપ્પા?

આ પવન જ્યારે પડે; એનેય ફ્રેક્ચર થઈ શકેને?
થાય તો કલરવ લઢીને ઘાવ પર બંધાય, પપ્પા?

દોસ્તના ઘરમાં હતો અંધાર; મેં એ કાલ જોયું,
પીન મારી પત્ર સાથે સુર્યને બીડાય, પપ્પા?

ભીંત આખી રંગવી છે મેઘધનુષી સ્વપ્ન ચોડી,

કેમ ફેવીક્વીકથી દીવાલ પર ચીપકાય, પપ્પા?

ચાલવા જાતા કીનારેથી પડી જાતો ધડામ,
આવડા ઢગ્ગા દરીયાથી કેમ ના શીખાય, પપ્પા?

.2.

જંગલ જેવા માણસમાં મેં વીસ્તરતું રણ જોયું,
દરીયાના આંસુને જળનાં ટીપાંએ જઈ લ્હોયું.

વૈજ્ઞાનીકો અવલોકે છે મોસમનું બંધારણ,
અમથું ઠુંઠું થઈ જાતું ક્યમ પળમાં રસનું ધોયું?

એનાં આંસુને જાણે સૌ ઝાકળ જેવા નામે,
હતભાગી જણનું જે સપનું વીતી રાતે રોયું.

દરીયો ખાલી, સરવર સુક્કું , ઝરણું મુંગું લાગે,
જળ જેવું તારામાંથી, તેં આજે નક્કી ખોયું.

મારી દાહક પીડાને બસ એથી શાતા વળશે,
જાઓ, જઈને લાવો પાણી માતાનું પગધોયું.

.3.

થાય, ચોમાસેય એવું થાય, રાજ્જા,
ધુળમાં પણ ક્યાંક ચકલી ન્હાય રાજ્જા.

રક્તમાં છે ઘુંટવાની ચીજ વ્હાલપ,
ના કદી બુશકોટ જેમ પ્હેરાય, રાજ્જા.

કૈંક તો છે પદ્મ એના સ્પર્શમાં ભૈ,
વાંસ સઘળા વાંસળી થઈ જાય, રાજ્જા!

એ નથી દીવો; જલે છે નામ એનું,
ફુંક માર્યે એમ ના ઓલવાય, રાજ્જા.

ડાળખીને વાયરાએ કૈંક કીધું ,
પાંદડાં જો, કેટલું શરમાય, રાજ્જા!

કોઈ શીલાલેખ સરખી હોય લીપી,
યાદ કોઈથી ક્યાં કદી ભુંસાય, રાજ્જા!

સાવ જુની વાવ છે, પણ લાગણી જો,
સાદ પાડો ને તરત પડઘાય, રાજ્જા.

લંબચોરસ જીન્દગીમાં ગોળ સપનાં,
શ્વાસમાં પણ હા, પઝલ પરખાય, રાજ્જા.

આબરુવાળી છે પીડા ખુબ એની,
નામ એનું પાંચમાં પુછાય, રાજ્જા.

વાત દરીયાની હવે તું વીસરી જા,
આંખ જેવી આંખ હીલ્લોળાય, રાજ્જા.

આજ સાસરવાસ ચાલી દેવ ચકલી,
આભ આખું પાંખમાં ઉંચકાય, રાજ્જા.

બાંધ તું શ્રીફળ ભરોસાનું ખુશીથી,
ગામ જો, ત્યાં તો પછી બંધાય, રાજ્જા.

એમના એ વાળ ભીના ઝાટકે છે,
કો'ક ફળીયે માવઠાં વવડાય, રાજ્જા.

સ્વપ્ન ઘાયલ થઈ પડે છોને; નથી ડર,
તુર્ત એકસો આઠ આવી જાય, રાજ્જા.

ઓરડો અંદરનો ખુલ્યો, એમ પુછ્યું :
‘પુષ્પથી પર્વત કદી ચગદાય, રાજ્જા?’

.4.

નવ્ય નથી : કેદુના છે, ભૈ,
ઘાવ ઘણાયે જુના છે, ભૈ.

ઝાડ ભલે લોઢાનું રાખ્યું,
ડાળે પંખી રુનાં છે, ભૈ.

જાત નદી એની ધારું તો,
આંખો ઉંડા ધુના છે, ભૈ.

બાદ કરી જો તારામાંથી ,
કારણ સઘળાં ‘હું’નાં છે, ભૈ .

પાંપણની અભરાઈ અડો મા,
આંસુ ઉનાં ઉનાં છે, ભૈ.

એથી એ રંગીન પડે છે,
પડછાયા પ્રભુના છે, ભૈ.

એ ઉનાળો થૈને આવ્યાં,
આંખે તોરણ ‘લુ’ના છે, ભૈ.

રોજ હજી વાગે છે બંસી,
પનઘટ ના કંઈ સુના છે, ભૈ.

દોષીત દીલને ગણવાનું છે,
આંખોના જે ગુના છે, ભૈ.

ફુલોને સમજાવો જઈને,
ઘાવ બધા ખુશ્બુના છે, ભૈ.

.5.

એક ઈચ્છાનેય ચાલો, આજ મારી જોઈએ,
આગ અંદર હોય એને સ્હેજ ઠારી જોઈએ.

તો હવાની લ્હેરખી થઈ જાય ખુશ્બુ ઓરડે,
એમની પણ સ્હેજ ખુલ્લી એક બારી જોઈએ.

આંખ ને આંસુની વચ્ચે આજ ભીષણ યુદ્ધ છે,
જીત માટે ચાલ, મનવા, આજ હારી જોઈએ.

છાંયડા વીસ્તારવાની આવડતને કેળવો,
આંગણું ઘેઘુર કરવા એક ક્યારી જોઈએ.

એમ કરતાં ક્યાંક જો દર્શન હરીના થાય તો,
સામસામી આજ આંસુ, આવ સારી જોઈએ.

અર્થની જ્વાળા તરત ભડકો બની ફેલી જશે,
શબ્દમાં પણ ક્યાંક છુપી ચીનગારી જોઈએ.

.6.

જાત સામે એમ થોડું ત્રાડવું મુશ્કેલ છે,
જેમ જળમાં એક કાણું પાડવું મુશ્કેલ છે.

એટલે એને બધા પુજ્યા કરે છે ગામમાં,
ઝાડ રસ્તાનું હતું : ઉખાડવું મુશ્કેલ છે!

વાટ દીવાની જરા હળવે રહી સંકોરજો,
સ્વપ્ન જાગી જાય તો સુવાડવું મુશ્કેલ છે.

ડાળખી જેવું પછી કુટ્યા કરે છે અંગમાં,
એક લીલું પાંદડું સંતાડવું મુશ્કેલ છે.

ચાલ, ચોમાસાને બેઉ એક સોડે ઓઢીએ,
માપ મુજબ એકસરખું ફાડવું મુશ્કેલ છે.

બાઈ મીરાં કે' પછી તો ભેદ સૌ ખુલી જશે,
સ્હેજ અમથું પોપચું ઉઘાડવું મુશ્કેલ છે!

.7.

તાપણું દોરીને સૌએ તાપવા બેઠાં,
એમ દીવસો ટાઢના સૌ કાપવા બેઠાં.

ખુબ તમને ચાહું છું મેં એમ જ્યાં કીધું,
ને તમે તો ફુટથી લ્યો, માપવા બેઠાં!

એક છત નીચે રહે છે તોય ના જાણ્યું?
વાદળાં તો એકલું જળ આપવા બેઠાં.

આજ નક્કી એ ઉઘાડો થઈ જવાનો છે,
બાળકો ઈશ્વરની વાતો છાપવા બેઠાં.

સૌમ્ય સૌરભ સર્વ સ્થળમાં વ્યાપ્ત કરવી છે,
આજ નાનક થઈ અમે તો શાપવા બેઠા.

કાંકરી નાખીને જળમાં જાવ છો - જાઓ
બસ, તરંગો થઈ અમે તો વ્યાપવા બેઠા.

એક દીવો ઝળહળે છે દુર અંધારે,
શ્વાસ તો શ્રદ્ધાને લ્યો, ત્યાં સ્થાપવા બેઠા.

.8.

દરીયાને બાકસનો ડારો દેવાનું તું છોડી દે,
મોજાંને ખુલ્લા પડકારો દેવાનું તું છોડી દે.

વર્ષો થઈ ગ્યાં તારે આંગણ વાદળ ભીનું વરસ્યાને,
કોરો, વર્ષાનો વરતારો દેવાનું તું છોડી દે.

જળ આપ્યું, તો જળ ઉમેરી પાછું એને આપી દે,
બદલામાં માટીનો ગારો દેવાનું તું છોડી દે.

કોમળ કોમળ કાયા એની ફુલો જેવું વર્તી લે,
છાતીને કઠણ મુંઝારો દેવાનું તું છોડી દે.

જો, ઈચ્છાની ગાય હવે બોઘરણે પીડા દુઝે છે,
લીલો લીલો એને ચારો દેવાનું તું છોડી દે.

પોતાના વીસ્તરતા આભે કાયમથી એ ઉડ્યા કરતું,
પંખીને ઘરના વીચારો દેવાનું તું છોડી દે.

દાવ મજાનો આવ્યો છે તો ખેલી લેને મહેનતથી,
ફુલણ થઈ કીસ્મતને વારો દેવાનું તું છોડી દે .

.9.

બધે છે રાત સરખી; પણ બધે અંધાર જુદા છે,
જલે છે જ્યોત સઘળે, જ્યોતના આકાર જુદા છે.

અધીરા થઈ તમે તો પાનખરનું નામ દઈ બેઠાં,
હકીકત એમ છે કે ડાળના શણગાર જુદા છે.

ખરી છે વાત : પગ બંનેએ બોળ્યા એક સરવરમાં,
ખરું તો એય છે કે બેઉના પગથાર જુદા છે.

હયાતી સાવ માટીની છે તારી, સાચવી લેજે,
ખરેખર, આજના આ આભના અણસાર જુદા છે.

નથી તારીખીયું કે ત્યાં બધું તારીખ પ્રમાણે હો,
અરે, એ આંખ છે ને આંખના તહેવાર જુદા છે.

ખુદાએ આમ તો વહેંચ્યું બધાને એક શું ઝાકળ,
છતાં પ્રત્યેક ફુલો પર અહીં નીખાર જુદા છે.

નથી હે ઈશ! ઝાઝો ફેર તારામાં કે મારામાં,
ફરક બસ એટલો : તારા જરા વીચાર જુદા છે.

.10.

મને ઈશુ સમયનો લ્યો, ફરી ખીલો મળી આવ્યો,
પડેલી રક્તની જ્યાં ધાર, એ ચીલો મળી આવ્યો .

નજરની કેદમાં રાખ્યા તમે જ્યાં શ્વાસ મારા સૌ,
હવે એ આંખનો છુપો મને કીલ્લો મળી આવ્યો.

ચલો આ સુર્યનું બીજું હવે કોઈ નામ શોધી લ્યો,
કહે છે કો'ક : ત્યાં પ્રદેશ બર્ફીલો મળી આવ્યો.

ભલેને ગામ નકશામાં ભણે છે કે અહીં રણ છે,
અરે, કાલે મને ત્યાં છોડવો લીલો મળી આવ્યો.

કરી જ્યાં બાદબાકી શ્વેત જુલ્ફોની ત્વચામાંથી,
જવાબી સ્થાનમાં ત્યાં જીવ રંગીલો મળી આવ્યો.

પડેલી એ ઈમારતનાં બધાં અવશેષ મેં ખોળ્યાં,

હતો પથ્થર એ પાયામાં જ વ્હેમીલો; મળી આવ્યો.

મને ખોલ્યો હતો મેં કાલ, મીત્રો એકલા બેસી,

ગઝલનો ભીતરે પ્રવાહ, વેગીલો મળી આવ્યો .

–હેમંત ગોહીલ 'મર્મર'–

કવીસમ્પર્ક :

હેમંત ગોહીલ 'મર્મર'

67 - બી, નીલેશ સોસાયટી, સ્વપ્નસૃષ્ટી રોડ, નારી ચોકડી પાસે,

વરતેજ, ભાવનગર–364 060 Mobile – 98985 17325

eMail – hemantgohilmarmar@gmail.com

Blog : http://hemantgohilgujaratikavita.blogspot.in/

Facebook : https://www.facebook.com/hemant.gohil.969

એવોર્ડ : ૧૯૯૮માં ન્યુ દીલ્હી ખાતે પ્રખ્યાત ગીતકાર શ્રી ગુલઝારના હસ્તે બાળ સાહીત્યનો રાષ્ટ્રીય એવોર્ડ.

-'ફુલછાબ' પ્લેટીનમ જયંતી વખતે 'ફૂલડું' નવલીકા વીજેતા બની, પૂ. પાંડુરંગદાદાને હસ્તે પારીતોષીક મળ્યું.

-'ફૂલડું' (પ્રકાશક : સર્જક પોતે; પ્રકાશન વર્ષ : ૨૦૦૧; હાલ અપ્રાપ્ય) નવલીકા–સંગ્રહ પ્રકાશીત થયો..

-આગામી પ્રકાશનો ૧. – 'સીરીયલ બ્લાસ્ટ' – નવલીકાસંગ્રહ; ૨. 'પંથ, પગલાં અને હું' – કાવ્યસંગ્રહ

♦●♦

314 : 25-01-2015

# વનાંચલ

–જયન્ત પાઠક

અનુક્રમણીકા

ત્રણ સાડા ત્રણ દાયકા પછી પાછો વતનમાં. આ વખતે ગાડામાં, ઘોડે બેસીને કે ચાલીને નહીં; પણ એસ.ટી.ની બસમાં. કેવું પરીવર્તન! એક વાર અહીં આગગાડીની વાત પણ માનવા કોઈ તૈયાર નહોતું. આદીવાસી કહેતો, ‘બળદ વગર ગાડી ચાલી જ ન શકે!’ દેવગઢબારીયાથી રાજાની મોટર આવે ત્યારે ગામેગામ લોકોનાં ટોળાં રાજાનું નહીં; તેટલું મોટરનું દર્શન કરવાના ઉત્સાહમાં રસ્તા પર ઉમટે. મોટર પસાર થઈ ગયા પછી છોકરાં એનાં પૈડાંની ભાત જોઈ રાજી રાજી થઈ જાય ને પેટ્રોલની મનગમતી વાસ ધુળમાં નીચા વળીને માણે! બસમાં મારી સાથે કેટલાક આદીવાસી સ્ત્રીપુરુષો છે. તેઓ ઘોઘંબે ઉતરી ચાલતાં પોતપોતાને ગામ જશે. લંગોટીને બદલે હવે ઠેપાડાં, ઘુઘરીયાળાં બટનવાળાં લીલાં ખમીસ ને માથે ફાળીયાં જોવા મળે છે. કહે છે કે કરડ નદીનો બંધ બંધાયો તેમાં આ લોકોને સારી રોજી મળી.

પાવાગઢથી વતનમાં જતાં વચ્ચે ત્રણેક ગાઉનું જંગલ આવે. એક વારનું આ ગીચ જંગલ, વાઘ અને લુંટારાના ભયથી ભરેલું. ગાડામાં બેસી કે ચાલતા જતા હોઈએ ત્યારે આ વીસ્તારમાં પ્રવેશતાં જ વાતચીત ધીમી થઈ જતી; ગાડું હાંકવાવાળા પણ

બળદને ડચકારતાં ડરે–રખેને કોઈ જાનવરને કે વાટમારુને ગંધ આવી જાય! આજે તો આ જંગલ આછુંઓછું થઈ ગયું છે. ભયને વસવા માટે અનુકુળ જગા જ નથી. ગણ્યાંગાંઠયાં ઝાડવાં ઉભાં છે; ખેતરો ને વસતીના બધતા જતા આક્રમણથી વગડો છીન્નભીન્ન થઈ ગયો છે. જ્યાં કેડીઓ હતી ત્યાં રસ્તા થયા છે; કેડીઓ તો બીચારી વગડામાં સંતાતી–સંકોચાતી ફરે, રખેને ઘાસ કે છોડ ધસી આવીને એને રંજાડે એવો એને ભય. પણ આ રસ્તા! એમની તો જાણે શાહી સવારી! સંકોચ તો એ શીખ્યા જ નથી! સંકોચાવાનું તો વગડાને; ઝાડપાન બીચારાં આઘાં ખસીને જગા કરી આપે છે. આડાં થાય તો એમનું આવી જ બને, જાનથી જાય! ને આ વગડો! ક્યાં માણસને આશ્રય આપતો પેલો ‘વનાંચલ’ ને ક્યાં આ માણસને આશ્રયે, એની દયા પર જીવતાં ઝાડવાં! હવે તો જાણે પ્રકૃતીને સંસ્કૃતીની મહેરબાની પર જ જીવવાનું!

ગોઠ ગામ – મારી જન્મભુમી – ઉજ્જડ થઈ ગયું છે. ઘર પડી ગયાં છે. અહીંના બ્રાહ્મણો નજીકના ઘોઘંબા ગામમાં જઈને વસ્યા છે. જે ઘરની કોઢમાં હું જન્મેલો તે ઘર આજે નાથી. ગામને ઝાંપે ઉભેલો પુરાણો વડ ઉખડી પડ્યો છે. પાસેનું થાણું પડી ભાંગ્યું છે. એની ઈંટો લોકો પોતાના વપરાશ માટે ઉપાડી જાય છે. કોળીનાં ઘર હજી ઉભાં છે, એવાં ને એવાં; હજી અજવાળું પ્રવેશે એટલાં ઉંચાં થયાં નથી. ગામને આરે પાણી રહેતું નથી. જ્યાં ઉનાળામાંયે વાંસ વાંસ પાણી રહેતું ત્યાં હવે પાતળી સેર પણ

વહેતી નથી. કાળા ખડકો હાડપીંજર જેવા પડ્યા છે. ઉપરવાસ નદી પર બંધ બાંધવામાં આવ્યો છે. નહેર વાટે દુર દુરના વીસ્તારોને પાણી અપાય છે. મનમાં ઉમાશંકરનું 'બળતાં પાણી' ચમકે છે : 'નદીને પાસેનાં સળગી મરતાંને અવગણી–'. નહેરથી અનાજ પાકશે, અન્નપરીસ્થીતી સુધરશે; પણ ચોમાસામાં ગાંડી થતી નદીનું પેલું સૌન્દર્ય?ઝાડ ઉપરથી ભુસકા મારવાનો પેલો આનન્દ? એ તો ગયાં તે ગયાં જ. ઉપયોગીતાનાં આદરમાન થાય ત્યાં સૌન્દર્યની અવગણના આછીવત્તીયે થવાની જ. પટની વચ્ચે એક કાળો પથ્થર છે. બરાબર તકીયા જેવો. આટલે વર્ષે પાછો એને અઢેલીને ઘડીક બેસું છું. નદીમાં થઈને ગાડાં પસાર થાય છે. પૈડાં નીચે પીલાતી રેતીનો પરીચીત અવાજ સંભળાય છે; માત્ર પેલો પાણીનો છલબલાટ નથી, દેડકીઓનું ડ્રાંઉ ડ્રાંઉ નથી; પાસેના કોતરમાંથી પાણી પીવા માટે શીયાળવાં નીકળતાં દેખાતાં નથી. ઉપરવાસ સ્મશાનમાં હાડકાં માટે ઝઘડતા ઝરખના છીંકોટા સંભળાતા તે હવે સંભળાતા હશે કોઈ વાર?

ગામથી વૈજનાથ મહાદેવનું દહેરું હશે તો અર્ધો ગાઉ દુર; પણ વચ્ચેનું જંગલ એની દુરતા વધારતું. હવે તો ગામને ઝાંપેથી દહેરાનું શીખર અને ઉડતી ધજા સ્પષ્ટ દેખાય છે. વૃક્ષોની આડશ દુર થઈ છે ને તે સાથે ભયનો, ગુઢતાનો રોમાંચ પણ નષ્ટ થયો છે. મહાદેવ પણ 'સુધરી' ગયો છે, આજુબાજુ બાવાએ સુધરેલી દુનીયાનાં ફુલઝાડ ઉગાડ્યાં છે. સ્મશાનમાં ક્રીડા કરતા ને

ચીતાભસ્માવલેપથી શોભતા 'હર' હવે તો અહીં આરસની ફરસબંદીવાળા નીવાસસ્થાનમાં વસે છે; અકળાતા હશે કોઈ વાર?! અહીંથી નજર કરો એટલે જુનું રાજગઢ ને મંગલેશ્વર મહાદેવના મંદીરનું ખંડેર દેખાય. એક વાર અહીંના જંગલમાં રાતે ફાલુડીનું રુદન સંભળાતું; દીવસે જાળામાં આરામ કરતાં શીયાળવાં જોવા મળતાં, શાહુડીનાં પીંછાં વેરાયેલાં દેખાતાં, રાની બીલાડા ફરતા. આજની પેઢીને તો એની વાત પણ પરીકથા જેવી જોડી કાઢેલી લાગે છે. ફળીયામાં રાતે કુતરાં ટપ્ ટપ્ પગલાં પાડતાં ઝાંપા સુધી જાય ને ભસવા માંડે. દાદા વહેલી સવારે ઉઠી શૌચ માટે પસાયતામાં થઈ જંગલમાં જાય ત્યારે ભાળ કાઢી લાવે કે રાતે થાણા પાછળના રસ્તેથી વાઘ નદી ભણી પાણી પીવા ગયેલો, એનાં મોટાં પગલાં ધુળમાં પડેલાં, કુતરાં એટલે જ ભસતાં હતાં. હવે તો વાઘ માત્ર છોકરાં બીવરાવવા માટેનું કલ્પનાનું પ્રાણી જ રહ્યું છે. અમે નાના હતા ત્યારે બે ગાડાં ઉપર પાંજરાં ચડાવી બે ચીત્તા થાણામાં પકડી આણેલા. અમે હોંશે હોંશે જોવા ગયેલા. જાનવર ધુરકીયા કરતાં ને પકડનાર શીકારી મહમ્મદ હુસેન કમાલન પાંજરાને લાત મારી 'સાલા કુત્તા' કહેતો હસતો. એ વાઘ પછી દેવગઢ–બારીયે મોકલાવેલા ને રાજાએ એમના કોઈ રાજવી સમ્બન્ધીને ભેટ મોકલી આપેલા. આવી વાત હું કરું છું તો સાંભળનારને કશો રસ પડતો નથી. લોકો ચુંટણીની,

લાઈસન્સ–પરમીટની, ડીઝલ ઓઈલની, લેવીની ને મોંઘવારીની વાતો કરે–સાંભળે છે.

ઘોઘંબા ગામમાં મારા કાકાના ઘરની સામે બસ ઉભી રહે છે. ગીરજાશંકર પંડ્યાના પેલા અંધારા ઘરમાં બીરાજતાં રણછોડજી ને લક્ષ્મીજી હવે ગામ વચ્ચે રહેવા આવી ગયાં છે. એમને માટે વસવાટની સરસ વ્યવસ્થા થઈ છે. આંગણામાં મોટરના પ્રવાસીઓની મંડળીની જાતજાતની વાતો સાંભળવાનું, હૉટલના થાળીવાજાનાં ગાણાં સાંભળવાનું, સુધરેલી દુનીયાના કોલાહલ વચ્ચે જીવવાનું એમને ફાવતું હશે?! અહીં ખાસ્સું બજાર જામી ગયું છે. માથામાં નાખવાનું ધુપેલ કે ધોવાનો સોડા મંગાવવા માટે અમે છગુ ટપાલીને શીશો ને ઝોળી આપતાં; અહીં તો હવે રંગબેરંગી તેલની બાટલીઓ દુકાનમાં શોભે છે; જુવાનો સુગંધીદાર તેલ નાખી, પટીયાં પાડી હૉટેલના બાંકડે પાન ચાવતા બેઠા છે. નદીમાંથી લીસો સપાટ પથ્થર શોધી તેને કપડાં પર અમે ઘસીએ – એ જ અમારો સાબુ. આજે તો અહીં ધોવાના જ નહીં; જાતજાતના નહાવાના સાબુ પણ મળે છે – લીમડા, હમામ, લક્સ, રૅક્સોના. અમે નાના હતા ત્યારે ભુંગળાવાળું થાળીવાજું લઈને કોઈ બે જણ આવેલા તે જેઠાકાકાને ઓટલે સંભળાવતા. પેટીમાં બેસીને કોણ બોલતું હશે, એ પેટીમાં શી રીતે રહી શકતું હશે એવી એવી મુંઝવણ અમને થાય, હવે તો ગામમાં ત્રણચાર જણને ઘરે રેડીયો છે. આદીવાસીઓ દારૂ ને તમાકુ પીએ, ચામાં

ના સમજે. સોડા–લેમન કે શરબત તો એમણે દેખ્યાંય ક્યાંથી હોય! આજે તો કોઈ દેવ કે દેવીનું નામ ધરાવતી હૉટલને બારણે આદીવાસીની મંડળી જામી છે. કોઈ ચીની માટીના પ્યાલામાં ચા પીએ છે, તો કોઈ વળી કાચના ગ્લાસમાં સોડા–લેમન કે રંગબેરંગી શરબત ગટગટાવે છે! છેવાડે વસતાં ભંગી કુટુમ્બો સવારમાં તુટલો ‘કૉપ’ કે વાટકો લઈ ચા લેવા આવે છે. બાજુની નાનકડી દુકાને પાન ખાનારની ઠઠ જામી છે. બધાંનાં મોં પર આ ‘સુધરેલા’ જીવનનો રંગ ચમકે છે.

અમારા વખતમાં હજામત કરાવવાની ભારે તકલીફ. પાલ્લી ગામમાં મુળજી ગાંયજો રહે; આસપાસનાં કેટલાંય ગામમાં કેશકર્તનની કામગીરી એ એકલો જ કરે. લગ્ન વખતે મશાલ ધરવાનું પણ એનું જ કામ. ક્યારેક ગોઠમાં આવી ચડે એટલે અમારે બધાએ પાટ પર બેસી જવાનું. મૅંગેનીઝની છલુડીમાં મુળજી પાણી મંગાવે. એની આંગળીઓ જ બ્રશ ને સાબુ. અમારો ‘ચહેરો કાઢે.’ આંખમાં પાણી આવી જાય, શરીરે પરસેવો વળી જાય; કપાળમાં ને બોચીમાં લોહીના ટશીયા ફુટે! અમારું માથું જ્યારે મુળજી રાત એના બે પગ વચ્ચે લે, ઢીંચણના ચીપીયાથી પકડી રાખે ત્યારે તો જાણે શીરચ્છેદ માટે ગરદન ઝુકાવી છે એમ લાગે! શરીરની ને ધોતીયાની વાસથી માથું ફાટે. મુળજીને બાર મહીને મણ દાણા ને અડધો આપવાનાં. એના વારસદારો આજે ઘોઘંબા ગામમાં ‘હૅર કટીંગ સલુન’ ચલાવે છે! લોકો ખુરશી પર

બેસી નીરાંતે વાળ કપાવે છે. હજામ માથા પર પાણીનો ફુવારો છોડે છે, આધુનીક અસ્ત્રાથી, આધુનીક ફૅશનના વાળ કાપે છે. બોચી પર પાવડર છાંટી આપે છે. ઘરાક ફટ દેતોકને સીક્કા કાઢી ચાર્જ ચુકવે છે.

ઉનાળામાં પહેરવા માટે અમારે ‘ઝીણીયાં’ (ઝીણા કાપડનાં ખમીસ) સીવડાવવાનાં હોય, પાલ્લીના શંકર દરજીના દીકરા મોહનને બોલાવ્યો હોય. ગજકાતર લઈ, કપાળમાં સ્વામી નારાયણી મોટા ચાલ્લાવાળો મોહન આવે, બા પોટલામાંથી છેડાગાંઠણાં (લગ્ન વખતે વરકન્યાના છેડા ગાંઠવા માટેનું સફેદ કપડું જે ગોરને લેવાનું હોય) કાઢે છે, દરજી વેતરે છે. અમે ‘ટૅનીસ કૉલર’ રાખવાનું કહીએ છીએ. કપડાં આવે ત્યારે ક્યાં તો મોટાં પડે કે પછી નાનાં પડે! કૉલર ખીસ્સા પર લટકતા હોય કે પછી કોકડું વળીને ગળે વળગતા હોય! અમે બા આગળ અણગમો પ્રગટ કરીએ. બા મોહનને ઠપકો આપે, મોહન સાંભળી રહે. એને સાંભળી રહ્યા વીના છુટકો નહીં ને અમારે પેલાં ‘ઝીણીયાં’ પહેર્યા વીના છુટકો નહીં. કોઈ વાર એનો કલાકાર આત્મા વધારે દુભાય ત્યારે બબડે : ‘તમે તો મારો દેશડંકો વગાડયો!’ મફતનું કાપડ અને અઢી આના સીલાઈના. આજે હું જોઉં છું તો ઘોઘંબામાં ‘ફૅન્સી’ સીલાઈની દુકાનો લાગી ગઈ છે. જેમ હજામ તેમ દરજી હવે ઘરે આવતા નથી. આદીવાસીઓની એક મંડળી કપડાં સીવડાવવા આવી છે. દુકાન બહાર ઝાડ નીચે બેઠાંબેઠાં તેઓ

તમાકુ પીએ છે. સીલાઈના ભાવ વધ્યા છે; ઓટલે સંચો રાખીને સીવવા માટે દરજીએ મકાનમાલીકને મહીને ત્રીસ રુપીયાનું ભાડું ભરવાનું હોય છે!

થાણું, નીશાળ, દવાખાનું હવે ઘોઘંબામાં આવી ગયાં છે. દેશી રાજ્ય ગયું; ગુજરાત સરકારના અમલદારો પાટલુન–બુશકોટમાં ફરે છે, જીપો દોડાવે છે. આગળ તો ભવાનીશંકર દાક્તરને ત્યાં ને પછી અમારે ત્યાં સાપ્તાહીક ‘પ્રજાબંધુ’ આવે. જેઠાકાકાના મોટા દીકરા ચન્દ્રકાન્ત પાઠક મુમ્બઈમાં ‘જન્મભુમી’ના તંત્રીવીભાગમાં કામ કરે એટલે તેમને ત્યાં ‘જન્મભુમી’ આવે. હવે તો અહીં અનેક છાપાંઓ આવે છે, રેડીયો સમાચાર સંભળાવે છે, લોકો અલકમલકની પરીસ્થીતીની વાતો કરે છે. હું મોટાભાઈના નવા મકાન ‘રામનીવાસ’માં બેઠો છું. કોઈ આવે છે તેને તેઓ ઓળખાણ આપે છે : ‘આ મારો નાનો ભાઈ જયન્તી, જયન્ત પાઠક; કવી છે, પ્રૉફેસર છે.’ આવનાર ‘એમ!’ એવો ઉદ્ગાર કાઢી જરા, જરાક જ મારી સામે જોઈ લે છે, ને પછી સ્થાનીક પરીસ્થીતીની વાતોમાં ડુબી જાય છે. સરકાર હવે છેક રસોડા સુધી આવી ગઈ છે એટલે ઘરનો સ્ત્રીવર્ગ પણ રૅશન, કંટ્રોલ ને મોંઘવારીની વાતો કરે છે.

મન મુંઝાય છે. ઉદાસ થઈ ગયું છે. કોઈ અજાણ્યા મુલકમાં આવી પડ્યો હોઉં એમ લાગે છે, ગોઠતું નથી. મારું માટીનું ખોરડું, મારી સલીલસભર નદી, મારો વગડો – બધું ગયું.

હા, હજી ડુંગરા એવા ને એવા ઉભા છે; એ મોરડીયો, કાનપુરીયો ને ધેજગઢીયો–વહેતા કાલપ્રવાહની વચ્ચે અડીખમ, નીર્વીકાર, સ્થીતપ્રજ્ઞની જેમ ઉભા છે. ભુતકાળ ભુંસાઈ ગયો છે, ભુંસાઈ રહ્યો છે; એ કંઈક સચવાયો છે આ ડુંગરાઓની વજ્રમુષ્ટીમાં ને કંઈક મારા મનમાં. વ્યગ્રતાથી છુટવા હું સાંજે ઘરેથી નીકળું છું, કોતર ઉપર થઈને ગોઠમાં પ્રવેશું છું – એ કોતર જ્યાંથી જતાં રાની બીલાડાની ને ભુતની બીકથી ધબકારા વધી જતા. ઉઘાડા ચોતરા વચ્ચે હજી પેલા તડકેશ્વર મહાદેવ બેઠા બેઠા તપ તપે છે. સંહારના સ્વામી સંહારલીલાને નીશ્ચલતાથી, નીર્મમ નેત્રે નીહાળી રહ્યા છે. ચોતરો દીવસે દીવસે નાનો થતો જાય છે, થોડા દીવસમાં બધું હતું ન હતું થઈ જશે. લોકક્ષયકૃત્ કાળને રોકનારું અહીં કોઈ નથી. આંબલીઓ ને લીમડો ઉભાં છે, માત્ર એની ઉપર ચડનાર ને એની નીચે રમનાર કોઈ નથી. ફળીયામાંથી હું પસાર થાઉં છું; મને જોનાર ત્યાં કોઈ નથી; કુંતરુંયે નથી કે મને અજાણ્યો જાણીને ભસે! થાણા પાછળની લટીયા તળાવડી જોઈ આવું છું. મારાં ક્યારડાં જોઉં છું. દાદાનું ખેતર જોઉં છું. મારી અને એમની વચ્ચેનું અંતર વધી ગયેલું જણાય છે. વહાલ ઉપજે છે; પણ જાણે સામેથી એવો પ્રતીભાવ જાગતો નથી. રહ્યાંસહ્યાં ઝાડવાને પુછું છું : ‘ઓળખો છો?’ જવાબમાં જાણે માથું ધુણાવી કહે છે : ‘ના, ના.’ આ ભુમી પુરતો જાણે હવે હું કોઈ જીવતો માનવી નથી, પ્રેત છું, વાસનાદેહે વીચરું છું. આ શીળી ધુળમાં પડેલી મારી હજારો

પગલીઓને વર્તમાનના વાયુએ ભુંસી નાખી છે. આ પરીચીત આંબો, કુવો, વાડ, તળાવડી – બધાંને ઉલટથી મારું નામ કહી ઓળખાણ આપવાનું મન થાય છે; પણ ઘા જેવો પ્રત્યુત્તર સાંભળવાની હીમ્મત નથી તેથી મુંગો રહું છું.

પાટ ઉપર બેઠો છું. ગામમાંથી મોતીભાઈ આવે છે. મોં પર વૃદ્ધત્વના ઓળા ઉતર્યા છે; પણ ઉત્સાહની ઝલક ઝાંખી પડી નથી. કહે છે : 'ઘણે વર્ષે આવ્યા જયન્તીભાઈ, (મારું નાનપણનું નામ 'બચુભાઈ' વીસરાઈ ગયું છે). ગામની રોનક બદલાઈ ગઈ; સમયની બલીહારી છે. જુઓને, જ્યાં ધોળે દહાડે જતાં બીક લાગે ત્યાં હવે ખબખબાટ વસતી થઈ ગઈ છે, જમીન ખેડાય છે ને ઘોઘંબું તો હવે શહેર જ જોઈ લો, કોઈ વાતની કમી નથી. બજાર થયું છે, મોટરો આવે છે. શહેરમાંથી શાકભાજી ઉતરે છે. ભલું હશે તો બેચાર વર્ષમાં વીજળીયે આવશે. ગામનો ઉદય લખાયો હોય તે મીથ્યા થાય કે?કેમ, હવે તમારા જેવા શહેરમાંથી આવે એમને ગમે એવું થયું છે ને?' હું શો જવાબ આપું?એમના મોં પરની આશા–ઉત્સાહની ઝલક ઝાંખી કરવાનું પાપ શા માટે કરું?થાય છે કે બીજા કોઈ ગામની આવી પ્રગતી જોઈને મને આનંદ ન થાત? પણ આને 'બીજું ગામ', 'પારકું ગામ' ગણવાનું તાટસ્થ્ય ક્યાંથી લાવવું? મારે તો મારું ગામ જોવું હતું. પણ એમ આપણું ભુતકાળનું મમત્વ કાંઈ કાળને કાળજે જકડી રાખી શકે કે?જે ગયું તે તો ગયું જ. એનો રંજ ન કરવાનું ગીતાજ્ઞાન તો થાય ત્યારે,

હમણાં તો મન એ ભુતમાં જ રમમાણ રહે છે. એક આખું જગત મારા ચીત્તમાં બરાબર વસી ગયું છે. વર્તમાનના સન્દર્ભમાં હું આ ભુમીનો નથી; હૃદયથી આ ભુમીથી કદી છુટો પણ પડવાનો નથી. આમ ‘છે’ ને ‘નથી’, ‘છું’ અને ‘નથી’ની વીચીત્ર લાગણી થાય છે. થાય છે કે સવારે જ અહીંથી નીકળી જાઉં : વધારે રહેવાથી રખેને ચીત્તમાં અંકાયેલું પેલું ચીત્ર ચહેરાઈ જાય!

સવારે મોટરમાં વીદાય થાઉં છું. ઉંચાનીચા રસ્તા પર આંચકા આપતી મોટર એકધારો અવાજ કરતી ચાલી જાય છે. વધતા જતા અંતર સાથે હું ચીત્તમાં ઉગેલા મારા વનાંચલમાં વધુ ને વધુ ઉંડે પ્રવેશતો જાઉં છું. નાની નાની કેડીઓ જેવી કાવ્યપંક્તીઓ મનમાં ઉઘડી રહે છે :

અહીં હું જન્મ્યો’તો વનની વચમાં તે વન નથી;
નથી એ માટીનું ઘર, નીજ લહ્યાં તે જન નથી;
અજાણ્યાં તાકી રહે વદન મુજને સૌ સદનમાં,
વળું પાછો મારે વનઘર હું : મારા જ મનમાં.
–સ્વ. જયન્ત પાઠક

૧૯૭૪માં પ્રથમ વાર પ્રકાશીત થયેલા અને પછી ઘણાં બધાં પુનર્મુદ્રણો પામેલા લેખકના ‘વનાંચલ’ પુસ્તકમાંથી, લેખકના પુત્ર પંકજભાઈ (avani_pathak@hotmail.com) અને પુત્રવધુ નીલાબહેનની હેતાળ પરવાનગીથી સાભાર..

..ઉત્તમ.મધુ ગજ્જર..

♦●♦

315 : 08-02-2015

# પત્ની મારા સુખનો સુરજ છે

–અવન્તીકા ગુણવન્ત

અનુક્રમણીકા

અનુરાએ શ્વેતકેતુને પુછ્યું, 'તમે એવી ઈચ્છા રાખો છો કે તમારી પત્ની ઘરબહાર નીકળીને કેરીયર બનાવે? જૉબ કરે?'

અનુરાનો આવો પ્રશ્ન સાંભળી શ્વેતકેતુ ચમક્યો; કારણ કે અનુરા એમ.એસસી., એલ.એલ.બી. થયેલી છે. વળી તે સંસ્કૃત પાઠશાળામાં સંસ્કૃત ભણેલી છે. તે અંગ્રેજી, હીન્દીની જેમ સંસ્કૃતમાં પણ વાતચીત કરી શકે છે. જેનું બૌદ્ધીક સ્તર આટલું ઉંચું હોય તે યુવતી આવો સવાલ કેમ કરે છે!

અનુરા અને શ્વેતકેતુ લગ્નોત્સુક યુવક–યુવતી છે. એમના વડીલોએ જ એ બન્નેની મુલાકાત ગોઠવી છે, જેથી તેઓ અન્યોન્યનો વીશેષ પરીચય કેળવી શકે. બેઉનાં ઉમ્મર, અભ્યાસ વીશેની માહીતી તો હતી જ. અનુરાની શૈક્ષણીક સીદ્ધીઓ શ્વેતકેતુ જાણતો હતો તેથી એણે માન્યું હતું કે અનુરા પોતાની કારકીર્દી બનાવવા ઉત્સુક હશે.

સામાન્ય રીતે આધુનીક શીક્ષીત યુવતી તો માને છે કે મારામાં ટેલન્ટ છે, મેં શીક્ષણ લીધું છે, તો હું શું કામ ઘરમાં પુરાઈ રહું? શું કરવા હું મારો વીકાસ ન સાધું? બહારના ક્ષેત્રમાં કામ

કરીને મારી સ્વતંત્ર ઓળખ ના બનાવું? સમાજ આવી તેજસ્વી નારીને માન આપે છે. સગાં–સ્વજનો પણ નારીને એના વીકાસ માટે મદદ કરવા તત્પર હોય છે. તેથી હાલના સંજોગોમાં સ્ત્રીઓને પોતાની કારકીર્દી બનાવવામાં કોઈ ખાસ મોટો સંઘર્ષ નથી કરવો પડતો. યુવકો જેટલી જ તકો યુવતીઓને મળે છે. પોતાના રસ મુજબ સ્ત્રી પોતાની જીવનકેડી કંડારી શકે છે.

આજની નારી માટે વીશ્વનાં તમામ ક્ષેત્રોનાં દ્વાર ખુલી ગયાં છે. અનુરામાં બહારનાં ક્ષેત્રમાં પ્રવેશ મેળવીને સ્થાન પ્રાપ્ત કરવાની બધી જ યોગ્યતા છે; તોય એ એની દાદી–નાની અને માની જેમ ઘરમાં જ રહેવાનું કેમ પસંદ કરે?

અનુરાનો પ્રશ્ન શ્વેતકેતુ માટે આશ્ચર્યજનક હતો. પણ પોતાનું આશ્ચર્ય વ્યક્ત કરવાને બદલે સ્વાભાવીક સુરમાં એ બોલ્યો, 'જૉબ કરવી કે ન કરવી એ મારી પત્નીએ નક્કી કરવાનું હોય, એ એની અંગત બાબત છે. એનાં રસ, રુચી, ઈચ્છા, અભીલાષા, મહત્ત્વાકાંક્ષા પ્રમાણે એણે નક્કી કરવાનું હોય. મારાથી એમાં હસ્તક્ષેપ ન થાય, સલાહ–સુચન ન અપાય. એવું હું કદી કરુંયે નહીં. એ જે નક્કી કરે આમાં મારે સહકાર આપવાનો હોય!'

'પણ લગ્ન પછી તો પત્નીએ શું કરવું અને શું ના કરવું એ પતી નક્કી કરતો હોય છે અને આપણા સમાજમાં તો પતી એવી અપેક્ષા રાખતો હોય છે કે પત્ની દરેક બાબતમાં એને પુછે.

એની ઈચ્છા મુજબ જ પત્નીએ કરવું જોઈએ એવું સમ્પુર્ણ સમર્પણ પતી ઈચ્છતો હોય છે.’

‘હું એવી પરમ્પરામાં માનતો નથી. પતી અને પત્ની, બન્નેનું અલગ અસ્તીત્વ છે અને તેથી તેમનાં આશા, અરમાન, સ્વપ્નાં અને આદર્શ પણ ભીન્ન હોય; તો પછી શું કામ પત્નીએ પતીના અસ્તીત્વમાં પોતાનું અસ્તીત્વ ઓગાળી દેવું જોઈએ?

‘પતી અને પત્ની એમના સંસારને ટકાવી રાખનાર બે સ્તંભ છે. ભલેને તે અલગ હોય અને એમની અલગતા ટકાવી રાખતા હોય; તો તેથી તેમનાં દામ્પત્યજીવનને કોઈ વાંધો નથી આવતો. હું તો દૃઢપણે માનું છું કે સુન્દર, મધુર, શુભ, મંગલજીવનની વાંછના હોય તો દામ્પત્યજીવનમાં મોકળાશ હોવી જોઈએ. પતીએ પોતાના વીચાર પત્ની પર લાદવા ના જોઈએ અને પત્નીએ પણ પોતાના વીચારો પતી પર લાદવા ના જોઈએ. પ્રેમના નામે લાગણીઓ પર જબરદસ્તી કે બ્લેક મેલીંગ ના થવું જોઈએ.’

અનુરા શ્વેતકેતુના ઉત્તર પર વારી ગઈ. એની અપેક્ષા કરતાંયે શ્વેતકેતુ વધારે ઉદાર અને સમજદાર સાબીત થયો. બેઉએ એકબીજાને પસંદ કર્યાં અને ખોટી ધામધુમ કે ધમાલ વગર સાદાઈથી લગ્ન સમ્પન્ન થયાં

શ્વેતકેતુ એની જોબમાં એક પછી એક સોપાન ચડતો જાય છે, એનું પદ ઉંચું થતું જાય છે, પ્રતીષ્ઠા વધે છે, સમાજમાં

માનમોભો વધે છે અને અનુરા ઘર, પતી, સાસુસસરા તથા અન્ય સ્વજનોને સંભાળે છે. ઘર સ્વર્ગીય સુખોથી છલકાઈ ઉઠ્યું.

બે વરસ પછી દીકરા સૌજન્યનો જન્મ થયો અને પછી દીકરી મહેકનો. સન્તાનોના કલરવથી ઘર કીલ્લોલ કરી ઉઠ્યું. અનુરા માને છે કે બાળકની કેળવણીનો આરમ્ભ, એ માના પેટમાં હોય ત્યારથી શરૂ થઈ ચુક્યો હોય છે અને એ પાંચ વરસનું થાય ત્યાં સુધીમાં એનું ઘડતર સમાપ્ત થઈ જાય છે. માટે શરૂઆતનાં પાંચ વરસ માબાપે ખુબ જ કાળજી રાખવી જોઈએ. અનુરા જે કહે કે કરે તેમાં સાસુસસરા કે શ્વેતકેતુને કંઈ ખોટું કે અનુચીત લાગતું નથી. તેઓ પુરા મનથી એને સહયોગ આપે છે. આમ, ઘરમાં દરેક બાબતે એકત્વ સધાય છે. શ્વેતકેતુ ક્યારેક તો અનુરાના વીચારોની પરીપક્વતા જોઈ વીસ્મય પામી જાય છે. એ પુછે છે, ‘અનુરા, તને આટલું બધું જ્ઞાન અને સમજદારી ક્યાંથી? તું ખાસ બહાર જતી નથી; છતાં તારી દૃષ્ટી ક્યાં ક્યાં પહોંચે છે! તારી આંતરીક દુનીયા કેટલી સમૃદ્ધ અને વીશાળ છે! કેવી રીતે તેં આ બધું પ્રાપ્ત કર્યું?’

‘પુસ્તકોમાંથી. પુસ્તકો મારા ગુરુ છે, પુસ્તકો મારા મીત્રો છે, પુસ્તકો મારી દુનીયા છે!’ અનુરા કહેતી.

‘પણ તારું જ્ઞાન માત્ર પુસ્તકીયા નથી લાગતું. પુસ્તકીયા જ્ઞાનની તો લોકો હાંસી ઉડાવે છે. એ જ્ઞાન પરફેક્ટ ન ગણાય. જ્યારે તારી વાત, મંતવ્ય અને આચરણ તો પરફેક્ટ લાગે છે.

અનુરા હસી અને બોલી, ‘તારી વાત સાચી છે, શ્વેતકેતુ. હું જે વાંચું છું એના પર વીચાર કરું છું. એક જ વીષય પર જુદા જુદા નીષ્ણાતોએ શું કહ્યું છે તે બધું જાણી લીધા પછી, એની પર મારું પોતાનું ચીંતન–મનન ચાલે અને પછી એક નીષ્કર્ષ પર હું આવું છું.’

‘પણ તને આટલો બધો વખત મળે છે ક્યાંથી? અનુરા, તું તો ઘરમાં રસોઈ કરે છે, નાનાંમોટાં બીજાં કામ કરે છે. મમ્મીપપ્પાને રોજ પેપર વાંચી સંભળાવે છે, એમને બહાર પણ લઈ જાય છે અને આપણાં બે બાળકોને સાચવે છે. વળી, હું આવું ત્યારે તને પુરતો સમય હોય છે. કોઈ દીવસ તું થાકી ગઈ, કંટાળી ગઈ કે મુડ નથી એવું તો બોલતી જ નથી. જ્યારે જુઓ ત્યારે તરોતાજા ફ્રેશ! ક્યાંથી આવે છે આ ઉર્જા તારામાં?’

‘મને જીવન જ બહુ ગમે છે. જીવનમાં આપણું આ ઘર, બાળકો, મમ્મી–પપ્પા, તું, બધાં આવી જાઓ. લગ્ન પહેલાં જીવન વીશે મેં જે સ્વપ્નાં સેવ્યાં હતાં, તે બધાં સાકાર કરવામાં થાક કેવો ને કંટાળો કેવો? બધાં સુખી થાઓ, વીકાસ કરો એ જ પ્રાર્થના મારે હૈયે હોય છે. એ પ્રાર્થના ફળે એ માટે સુઝ અને સમજશક્તી ભગવાન આપે છે. ખરેખર, મારું મન ખુબ પ્રસન્ન રહે છે. આટલાં બધાં સુખની મેં કલ્પના ન કરી હતી. માણસના જીવનમાં આટલાં બધાં સુખ હોઈ શકે એ મારા માન્યામાં નથી આવતું. આપણા

ઘરમાં બધાં ખુશ રહે છે અને મમ્મી–પપ્પાના હૈયે પણ કોઈ ફરીયાદ નથી હોતી.’

એક દીવસ શ્વેતકેતુના કોઈ પરીચીતે શ્વેતકેતુને પુછ્યું, ‘બહારની દુનીયામાં તમારું આવડું મોટું નામ, બધા તમને ઓળખે અને તમારાં પત્નીની કોઈ સ્વતંત્ર ઓળખ–આઈડેન્ટીટી જ નહીં?’

શ્વેતકેતુએ કહ્યું, ‘અનુરા અત્યારે જે છે એનાથી એને સંતોષ છે. એની પસંદગી પ્રમાણે એ જીવે છે અને મને એનું ગૌરવ છે. મારા કરતાં એનો વીકાસ વધારે સધાયો છે. હું તો માત્ર પૈસા કમાઉં છું. અલબત્ત, પૈસાની જીવનમાં આવશ્યકતા છે, પૈસાનું અને પૈસા કમાનારનું દુનીયામાં માન હોય છે અને એને માન મળે પણ છે; પણ પૈસા કરતાં જીવનનું મુલ્ય વધારે છે. પૈસાથી સગવડો ખરીદી શકાય છે. જીવનમાં એકાદબે સગવડો ઓછી હોય તો ચાલે; પણ અનુરા જે પ્રેમ અને નાજુકાઈથી અમારાં હૃદય–મનની સંભાળ લે છે, તે ના લે; તો ના ચાલે. બહારના કોઈ અનુમાન ન કરી શકે કે અનુરા કેટલી ઝીણવટપુર્વક મમ્મી–પપ્પાની, સંતાનોની ને મારી કાળજી કરે છે. હું પૈસા કમાઉં છું, લાખોની મારી કમાણી છે; એમાં ઘટાડો થાય તો ચાલી શકે. આનાથી ઓછા પૈસા હોય તોય આટલી જ સફળતાપુર્વક અનુરા ઘર ચલાવી શકે; પણ એ અમારા પર જો થોડી બેધ્યાન બને, એ મને મુકીને થોડા દીવસ ક્યાંક બહાર જાય તો અમે આકુળવ્યાકુળ થઈ જઈએ. તમને થશે કે હું અનુરાની ખોટી પ્રશંસા કરું છું; પણ

સાંભળો, એ અમારાં આરોગ્યની તો સંભાળ લે જ છે તે સાથે અમારાં હૃદયમન પ્રસન્ન રહે, ઘરમાં આનંદ–ઉત્સાહ રહે એની પણ કાળજી રાખે છે.

‘અને વધારે તો અમારા ખાતર એણે શું શું કર્યું એનાં ગીત એ નથી ગાતી. એની વાતમાં કદી ‘હું’ નથી હોતું. મારી અપેક્ષા કરતાંયે ચડીયાતી જીવનસંગીની મને મળી છે અને છતાંયે કેટલી નમ્ર અને સૌમ્ય!

‘વ્યક્તીસ્વાતંત્ર્યના આ યુગમાં આવી ઉદાર, સમતાવાળી અને પરીવારપ્રેમી પત્ની મળવી એ ઈશ્વરની ખાસ કૃપા જ કહેવાય. અનુરા તો અમારા સુખનો સુરજ છે.’

–અવન્તીકા ગુણવન્ત

લેખીકાસમ્પર્ક :

અવન્તીકા ગુણવન્ત,

‘શાશ્વત’ – કે. એમ. જૈન ઉપાશ્રય સામે, ઓપેરા સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ–380 007

ફોન – (079) 2661 2505

ઈ–મેઈલ – avantika.gunvant@yahoo.com

સપ્ટેમ્બર-2014ના ‘જનકલ્યાણ’ (‘જીવનલક્ષી માસીકપત્ર’ – સમ્પાદક : શ્રી દેવેન્દ્ર એલ. ત્રીવેદી; કાયમી ગ્રાહક

સંખ્યા 31,168; ભારતમાં આજીવન લવાજમ રુપીયા 13,000; વાર્ષીક લવાજમ રુપીયા 180; પરદેશમાં લવાજમ : વાર્ષીક લવાજમ–એરમેલથી : રુપીયા 2,000; આજીવન લવાજમ એરમેલથી રુપીયા 25,000 :

સરનામું – ‘પુનીત માર્ગ’, નાથાલાલ જગડા પુલ નીચે, મણીનગર, અમદાવાદ 380 008; ફોન – 079–2545 4545; ઈ.મેલ : jankalyan99@yahoo.co.in)ના અંકમાંથી લેખીકાબહેનની પરવાનગીથી સાભાર.. ..ઉત્તમ.મધુ ગજ્જર..

♦●♦

316 : 22-02-2015

# ગઝલ

–ડૉ. કીશોર મોદી

અનુક્રમણીકા

.1.

મન કંઈ નથી વીચારના વાઘાનું રાજ છે,
કહો ચોતરફ કબીરના ધાગાનું રાજ છે.

હંમેશ ફુલ જેવું સ્મીત બહેલાવતો રહું,
જીગરમાં ચાંદની સમી ધારાનું રાજ છે.

શબ્દો વળી પરાણે પોપટીયા સુહાવું છું,
કારણ કે આસપાસમાં શ્લાઘાનું રાજ છે.

અભીમાન ને અહમ્ નથી, રાખી દો જુદાપણું,
સંઘર્ષનું નહીં; અહીં સમતાનું રાજ છે.

'કીશોર' જીન્દગીમાં એમ ગણો તો કંઈ નથી,
સંબંધ–લાગણી બધું ઈચ્છાનું રાજ છે.

.2.

જન્મજાત મનમાં ઘણુંય છે,
આપણા સમયમાં ઘણુંય છે.

લ્યો, બધું સમયથી વીચારજો,
આસપાસ સુખમાં ઘણુંય છે.

આજકાલ સુખનું કહેવું છે,
પંડયના હરખમાં ઘણુંય છે.

રોજની હરખતી સવારમાં,
મંદ મંદ લ્હેરમાં ઘણુંય છે.

લ્હેરથી નીત 'કીશોર' જીવીને,
મુઠ્ઠી જીવતરમાં ઘણુંય છે.

.3.

અંધશ્રદ્ધાતૃપ્ત સ્ત્રી છે તુંબડી કે,
ઝોળીમાં નકરા ભરમની ભુરકી છે?

કુંવરી વ્યવહારમાં છે કુંજરી કે,

ખાલી મોઢામોઢ વટની ચુસકી છે?

છોભીલા સમયે ગળી છે કુથલી કે,
ચાડીચુગલીની પરાણે ચુપકી છે?

બુદ્ધીનું બસ, બારમું છે ધુમ્મસી કે,
ખોટી અક્કલની ભરેલી ગુજરી છે?

ખુદ ધરમની ઉલટી છે કુદડી કે,
ગોંધતી 'કીશોર' ભવની ધુમરી છે?

.4.

જીવું છું આંજણ શી ભીનાશે ભીનાશે,
જીવું છું પાંપણ શી ભીનાશે ભીનાશે.

ટોડલે લીલપ પ્રતીક્ષાની મહેકતી,
જીવું છું તોરણ શી ભીનાશે ભીનાશે.

હા, ડ્રમાવશ યાદપુર્તીને સુહાવી,
જીવું છું પારણ શી ભીનાશે ભીનાશે.

પાદરે વાતાસની સ્ફુર્તી શ્વસીને,
જીવું છું માંડણ⁎ શી ભીનાશે ભીનાશે.

લાભશુભના કંકુથી વરસોને સ્મરતાં,
જીવું છું તારણ શી ભીનાશે ભીનાશે.

ત્રસ્ત છે એકલપણું એવું કે 'કીશોર',
જીવું છું ખાંજણ શી ભીનાશે, ભીનાશે.
(⁎ ગામના પાદરનો પાણીથી ભરાયેલો ખાડો)

.5.

હું ઓમકાર કે અહમનો સ્વર છું, બોલ તું,
સાગરનો નાદ કે નદીથી તર છું, બોલ તું.

મારે અતીક્રમીને જાવું તો છે આરપાર,
નીજ મનની હું બહાર કે અંદર છું, બોલ તું.

જળ જેમ રહે કમળ ઉપર, તું તેમ પર છે પણ,
માયાનો હર જનમ કાં મુસાફર છું? બોલ તું.

દુનીયામાં કોકીલા સમાણો કંઠ છું છતાં;

www.gujaratilexicon.com

પામરપણાનો શીદને શાયર છું? બોલ તું.

સાદર પ્રતીત થાય તુજ સંપુર્ણતા મને,
કઈ ખુશીમાં ઝુમતો ચામર છું? બોલ તું.

આ જીન્દગીનો જાદુગર અણમોલ છે તું ,
કેવો હુંયે ગહનનો ઉજાગર છું! બોલ તું .

ઔદાર્યની અખુટ ગાગર હોઉં છું ‘કીશોર’,
કયા પોતની પરમ ઝલક ભીતર છું? બોલ તું.

.6.

ભુલવા સમું બધું ભુલી જાઉં,
એવી કૈં પળ થઈ ઝુલી જાઉં.

મોગરે મઘમઘી જઈ પાછો,
ભીતરે ઘડીકમાં ડુબી જાઉં.

આમ તો તક અપાર મળી છે,
થાય કે વીહગ થૈ ઉડી જાઉં.

આયખું અમૃતભર્યું મળ્યું છે,
એ સ્મરી સ્મરી હુંયે ઝુમી જાઉં.

બ્હાર નીકળવું છે, પુછું તેથી;
બીંબથી કઈ રીતે કુદી જાઉં?

તારી યાદ લઈ ઘુમું 'કીશોર',
નામને હરપળે ચુમી જાઉં.

.7.

એક પળ જેવું આવ્યું કોઈ,
કંઈ પલક જેવું આવ્યું કોઈ.

હોઠ વીસ્મયથી મરમરી ઉભા,
આ હરફ જેવું આવ્યું છે કોઈ.

ઓરડે દૃશ્ય મઘમઘી ઉઠ્યાં,
જ્યાં કમળ જેવું આવ્યું છે કોઈ.

ટેરવે કૈંક સળવળી ઉઠ્યું,
અહીં ગઝલ જેવું આવ્યું છે કોઈ.

સાંજને મેં તરસથી ચીતરી છે,
ને સ્મરણ જેવું આવ્યું છે કોઈ.

ફુલ માફક ઝુલી જઉં ‘કીશોર’
બસ, પવન જેવું આવ્યું છે કોઈ.

.8.

કોઈ નવો વીષય મળે, તો હું ગઝલ લખું,
નવરાશનો સમય મળે, તો હું ગઝલ લખું.

હું મોકળા મને સુરજને એવું કહી દઉં,
તારા સમી ઝલક મળે, તો હું ગઝલ લખું.

સામેથી ચાલીને તું એકાએક ભેટી જાય,
પણ દૃષ્ટીનાં કમળ મળે, તો હું ગઝલ લખું.

આઠે પ્રહર આ વાવ સ્મરણની ઉલેચતાં,
સાંન્નીધ્યની પરબ મળે, તો હું ગઝલ લખું.

હું ક્યાં સુધી વીચારની આ હેલ લઈ ફરું?
ભાષાભવન સકળ મળે તો હું ગઝલ લખું.

.9.

માંડીને હર વાત, ઘર કહેતું મને,
ગામની પંચાત, ઘર કહેતું મને.

હર અજંપાથી ખરેખર છુટવા,
કર તું મનને મ્હાત, ઘર કહેતું મને.

જ્યાં ઉંમર તારી થવા આવી પછી,
છોડ ચંચુપાત, ઘર કહેતું મને.

જોતજોતામાં અવસ્થા આવી ગઈ,
હોય ના આઘાત, ઘર કહેતું મને.

આદમી અદનો પ્રથમથી છું કીશોર,
શી છે મુજ વીસાત? ઘર કહેતું મને.

આમ મનમાની બહુ કરી તેં ‘કીશોર’
ને હવે થઈ રાત, ઘર કહેતું મને.

.10.

ક્ષુબ્ધ કાં તું? પીપળાનું, પુછવું છે,

એ જ પાછું ઓરડાનું, પુછવું છે.

આટલો ગંભીર ક્યારે થઈ ગયો તું?
બાળપણના ચોતરાનું, પુછવું છે.

રીક્તતાની પીડ મુંઝવતી તનેયે!
સ્મીત ક્યાં છે આપવાનું, પુછવું છે.

કોઈ કલરવ આજ પીમળાતો નથી અહીં,
ક્યાં ગયાં સૌ ચાડીયાનું, પુછવું છે.

ધ્યેય વીનાનું જીવન દેખાતું 'કીશોર',
ક્યાં છે જુસ્સો પાળીયાનું, પુછવું છે.

ડૉ. કીશોર મોદી

**કવીનું સર્જન:** વિજ્ઞાનની વીભુતીઓ (જીવનચરીત્રો): ૧૯૭૬; જલજ (ગઝલસંગ્રહ): ૧૯૮૩; વીરાટ વીજ્ઞાનીઓ (જીવનચરીત્રો): ૧૯૯૧, ૨૦૧૧; મધુમાલીકા (ગઝલસંગ્રહ): ૧૯૯૫; મોહીની (ગઝલસંગ્રહ): ૨૦૦૫; એઈ વીહલા! (ગામઠી કાવ્યસંગ્રહ): ૨૦૦૮; 'એક લીલી પળ અતીતની' ૨૦૧૨; 'અંઈ

વખતની લીલીહુકી વાત છે' (ગામઠી ગઝલસંગ્રહ); (બીજી આવૃત્તી ૨૦૧૩); 'નામ મારું ટહુકાતું જાય છે' (વૃત્ત ગઝલ-સંગ્રહ) –પ્રકાશ્ય

કવી–સંપર્ક:

1407, New York Ave., Glen Allen, VA 23060-3816

(USA), Phone # (804) 212-1224,

Email: kishoremodi@gmail.com

♦●♦

317 : 08-03-2015

# વાચનયાત્રા

–સમ્પાદક :મહેન્દ્ર મેઘાણી

અનુક્રમણીકા

## [1] માવજતનો મંતર – દોલતભાઈ દેસાઈ

સુરતમાં ‘હકીમચાચા’ની દોઢસો વર્ષ જાણીતી દવાઓની દુકાન. કોકવાર એ દુકાને જઈ ચાચા સાથે વાતો કરવાની મારી ટેવ. એક વાર એક નવયુવક ગોટી લેવા આવ્યો. પ્રથમ બાળકનો એ પીતા બન્યો હતો. હકીમને કહ્યું : ‘બાબાને પાવાની ગોટી આપો. ‘હકીમે પુછ્યું : ‘કેવી ગોટી આપું? એક વાર ઘસારાવાળી, બે વાર ઘસારાવાળી કે ત્રણ વાર ઘસારાવાળી?’ યુવક : ‘મને સમજ નથી પડતી. એક વાર ઘસારાવાળી ને ત્રણ વાર ઘસારાવાળી ગોટીમાં શો ફેર?’ હકીમ કહે : ‘એક વાર ઘસારાવાળી ગોટી, ઓસરીયા પર એક જ ઘસરકો કરો ને પાણી સાથે બાળકને પાવ, તો પેટ ચોખ્ખું રહે. જ્યારે ત્રણ વાર ઘસરકાવાળી ગોટી ત્રણ વાર ઘસવી પડે.’ યુવક : ‘પણ એમાં દવા તો એક જ પ્રકારની ને?’ હકીમ કહે : ‘બીલકુલ એક જ પ્રકારની દવા, પણ પુટ પુટમાં ફેર. એક ઘસરકાવાળી ગોટીમાં દવા ખુબ ઘુંટીને તૈયાર કરેલી, જ્યારે ત્રણ ઘસરકાવાળી ગોટીમાં

દવા ઓછી ઘુંટેલી.' યુવક કહે : 'ઓહ! એટલે ફેર શો?' હકીમ કહે : 'માવજતનો!!'

દવા એક જ, પણ માવજત જુદી! જેટલી માવજત વધારે તેટલી દવા પર પુટ ચડે ને દવાની માત્રા વધે. પણ દવા એક જ. આ માવજતનો મંતર મને હકીમચાચાએ સમજાવ્યો. આપણા જીવનમાંયે કેટકેટલી બાબતો માવજત માગે. રસોઈ માવજત માગે, આપણી કાયા માવજત માગે, બાળકોનો ઉછેર માવજત માગે, આપણો વ્યવસાય માવજત માગે, માંદગી માવજત માગે.

ઉદવાડા જાઓ તો પટેલ બાપાની વાડી જોજો. વાડીમાં બે ફુટ જ ઉંચા આંબા. વીસ વીસ કેરી લટકે! ફલાવર-વાઝમાં મુકાય એવાં આંબા-જમરુખી. નાળીયેરીની એવી જાત જે માત્ર છ ફુટ ઉંચી થાય અને ખુબ નાળીયેર આપે. બાપાની સાઠ એકરની વાડી જોઈ, 'આ બધું કેવી રીતે બને?' એમ પુછ્યું. બાપા કહે : 'માવજત.' માવજતના મંતરને સમજવો હોય તો એક જ રોજીંદી ક્રીયા લઈએ – રોટલો બનાવવાની ક્રીયા. લોટ-પાણી જુદાં હોય તેને અમુક પ્રમાણમાં એકઠાં કરવાં પડે. માવજત કરનારમાં પ્રમાણભાન હોય. પ્રમાણ ચુક્યા તો પદાર્થ બગડે. પછી મેળવીને લોટ ગુંદવો પડે. મસળવો પડે. મસળવાની ક્રીયા ધીરજ માગે. માવજત કરનારમાં ધીરજની ખુબ જરુર. મસળીને આખડીયે રોટલો થબેડતાં થાપવો પડે. હળવેક હાથે એ કરવું પડે. એટલે માવજત કરનારમાં હળવેક હાથે કામ કરવાની આવડત જોઈએ.

એ રોટલાને તાવડીમાં ધીમે તાપે શેકવો પડે. માવજત કરનારમાં શેકવાની આવડત ને શેકાવાની ધીરજ અને ક્ષમતા જોઈએ. છેવટે કદાચ હાથ દાઝે, પણ રોટલાને દેવતા પર ફુલાવવો પડે. માવજત કરનારને તાપ સહન કરતાં આવડવો જોઈએ. એ સહનશક્તી. અને છેવટે એ રોટલા પર ઘી કે તેલ (જેને સંસ્કૃતમાં 'સ્નેહ' કહેવાય) લગાડે. માવજત કરનાર પાસે પુરતા પ્રમાણમાં સ્નેહ હોવો જોઈએ. એક વાર માવજત કરી જુઓ : તમારો રોટલો રૂડો લાગશે.

[2] હું થોડો ગાંડો થયો છું! – જ્યોતીન્દ્ર હ. દવે

ગુજરાતી હાસ્ય-સાહીત્યને સમૃદ્ધ કરનારા ધનસુખલાલ મહેતાનાં પ્રથમ પત્ની સરલા એમને યુવાન વયે જ છોડીને ચાલી ગયાં. દ્વીતીય પત્નીને કોઈક મનોરોગ થયો. ગાંડપણમાં બધો રોષ એમણે ધનસુખલાલ પ્રત્યે જ ઠાલવ્યો. એમને દેખે ત્યાંથી જે કંઈ હાથમાં આવે તે એમના પર ફેંકે. આખરે ઘરમાં એને રાખવી અશક્ય છે એમ લાગવાથી એને 'મેન્ટલ હોમ'માં રાખવાનો પ્રબંધ કરવો પડ્યો.

દર શનીવારે ધનસુખલાલ એને મળવા જતા. હું તે વેળા કબીબાઈ હાઈ સ્કુલમાં શીક્ષક તરીકે કામ કરતો હતો. તે શાળાની સામે જ આવેલી એક દુકાનમાંથી જલેબી અને ગાંઠીયા કે એવું કોઈક ચવાણું લઈને પત્નીને આપવા સારૂ એ 'મેન્ટલ હોમ'માં

જતા. એક વાર એ વીશે વાત નીકળતાં મેં એમને પુછ્યું, 'તમને આમ દર અઠવાડીયે ત્યાં જતાં કંટાળો નથી આવતો? તમને એ ઓળખી શકે છે ખરી?'

'અરે! બરાબર ઓળખે છે. મને દેખે છે એટલે દોડતી સામે આવે છે અને જે કંઈ હાથમાં આવે છે તે છુટ્ટું મારા પર ફેંકે છે. સુપરીન્ટેન્ડેન્ટે મને કહ્યું પણ ખરું કે, તમને જોઈને એ ઉશ્કેરાઈ જાય છે; તમે ન આવતા હો તો? અહીં એના ખાવાપીવાનો પ્રબંધ અમે કરીએ છીએ.'

'ત્યારે જાઓ છો શું કામ?' મેં પુછ્યું.

'અરે! એમ કંઈ થાય? એ તો ગાંડી થઈ ગઈ છે. મને ભલે ભુલી જાય. પણ હું થોડો ગાંડો થયો છું? મારાથી એને કેમ ભુલાય?'

[3] કેટલું મળ્યું? – મોહમ્મદ માંકડ

મેકસીકોના એક પ્રદેશમાં ઠંડા અને ગરમ પાણીના ઝરા પાસે પાસે આવેલા છે. ત્યાંની સ્ત્રીઓ પોતાનાં કપડાં પહેલાં ઉકળતા પાણીના ઝરામાં બોળે છે અને પછી બાજુના ઠંડા પાણીમાં તારવીને નીચોવી નાખે છે. આવી સગવડ જોઈને ત્યાં ગયેલ એક પ્રવાસીએ કહ્યું : 'આવી સરસ કુદરતી સગવડ મળવાથી અહીંના લોકો ઈશ્વરનો આભાર માનતા હશે!' 'આભાર?' ત્યાંના રહેવાસીએ સામે પ્રશ્ન કર્યો, 'અરે અહીંના લોકો તો અફસોસ

કરે છે કે ઝરામાં ગરમ પાણી તો છે પણ તે સાબુ કે સોડાવાળું નથી!'

કેટલાંક દુ:ખો આપણે પોતે ઉભાં કરીએ છીએ, એમાંનું એક દુ:ખ આપણા અસંતોષનું છે. સામાન્ય રીતે, માણસ પોતાને જે મળવું જોઈએ તે મળ્યું નથી, પોતાને કેટલો અન્યાય થયો છે એનો જ વીચાર કરે છે. આવા વીચારને કારણે તેનામાં અસંતોષ જન્મે છે અને અસંતોષમાંથી દુ:ખ જન્મે છે. આવી રીતે વીચારનાર માણસને અન્યાય થયો હશે અને તેને કારણે તેને કેટલુંક ગુમાવવું પડ્યું હશે; પરંતુ તેને જે પ્રાપ્ત થયું છે તેમાં કેટલી બધી વ્યક્તીઓનો ફાળો છે, તેનો તેને વીચાર આવે છે ખરો? આપણા જીવનની રચના એટલી અટપટી છે કે આપણે ગમે તેટલા શક્તીશાળી હોઈએ તો પણ; આપણી પાસેનું બધું માત્ર આપણી શક્તીઓને કારણે જ પ્રાપ્ત થઈ શકે નહીં. કેટલી બધી વસ્તુઓ આપણને આપણા પુર્વજો તરફથી વારસામાં મળેલી હોય છે. કેટલું બધું મીત્રોને કારણે પ્રાપ્ત થયું હોય છે. કેટલું દેશને કારણે, સમાજને કારણે, જાણીતા અને અજાણ્યા લોકોને કારણે આપણને મળ્યું હોય છે. આપણે જે કાંઈ હોઈએ, જ્યાં હોઈએ, ત્યાં પહોંચવામાં કેટલી બધી વ્યક્તીઓનો ફાળો છે તેનો જો આપણે વીચાર કરીએ, તો એમના તરફ આપણા મનમાં આભારની લાગણી ઉત્પન્ન થયા વીના રહે નહીં. જે માણસ

બીજાના ઋણનો સ્વીકાર કરે છે, તે ઉંડા સુખ અને સંતોષની લાગણી અનુભવી શકે છે.

[4] એકલયાત્રા – ઉમાશંકર જોશી

દરેક મહાન વ્યક્તીના ભાગ્યમાં એકલાપણું લખાયેલું જ હોય છે. એ એક મનુષ્ય જીવનનો વસમો વીરોધાભાસ છે કે જેમ જેમ માણસ વીશ્વ સાથે તાદાત્મ્ય પામવાને માર્ગે વીકાસ સાધે, તેમ તેમ એ વીશ્વથી વધુ ને વધુ વીખુટો પડતો જાય છે; બધાંને પોતાનાં કરવા જતાં પોતે જ એકલવાયો પડી જાય છે. મહત્તા એટલે જ મીત્રરહીત દશા. ટાગોર એકલાપણું પચાવી શક્યા એનું કારણ એ કે બાહ્ય સીદ્ધીઓની પાછળ એમની દોડ હતી જ નહીં. કવી આનંદને લક્ષ્ય કરીને જ સારુંયે જીવન જીવ્યા છે. આનંદની યાત્રા એકલાએ કરી છે, પણ જે આનંદ પામ્યા તેની લુંટ તો આખા જગત પાસે કરાવી છે.

[5] સુવાસની અનાસક્તી – ગુણવંત શાહ

સામેના છોડ પર ધ્યાનસ્થ થયેલા એક પુષ્પની હાજરી ઉંડી પ્રસન્નતાનો ભાવ જગાવી જાય છે. પુષ્પ પોતાની જગ્યા છોડીને સુગંધનો પ્રચાર કરવા ક્યાંય જતું નથી. એ શાંતીથી પોતાના સ્થાને ઉભું છે. એનું હોવું એ જ પુરતું છે. એને અપાર ધીરજ છે. આસપાસ કોઈ સુગંધ માણનારું છે કે નહીં, તેની ચીંતા

એ કરતું નથી. પોતાનાં રંગ-રુપને જોનારું કોઈ છે કે નહીં, એ વાતનો એને ઉચાટ નથી. પુષ્પનો દેહ નાશવંત છે. સાંજ પડ્યે એની પાંખડીઓ ખરી પડે છે. પરંતુ પુષ્પનું જે પુષ્પત્વ છે તે અક્ષર છે. પુષ્પ મરે છે; પણ પુષ્પત્વ જીવે છે. પુષ્પ પાસે સુગંધ છે, રંગ છે અને ભવ્યતા છે; પણ આ બધું કોઈને પહોંચાડવાની ચેષ્ટા એ નથી કરતું. એની ભવ્યતા આસપાસ પ્રસરે છે; કારણ કે એ છે. પુષ્પ એ પ્રચારક નથી, પ્રસારક છે. કોયલ ટહુકે છે; પણ તે શ્રોતાઓ માટે નથી ટહુકતી. ટહુકો એના અસ્તીત્વનો એક ટુકડો છે. કોયલનું સંગીત પ્રચરતું નથી; એ પ્રસરતું રહે છે. પ્રચારમાં અપેક્ષા છે, આકાંક્ષા છે; પ્રસારમાં નીજાનંદ છે, મસ્તી છે.

માણસને નીજાનંદ વહેંચવાની પણ એક વાસના જાગે છે. કોયલ પણ નીજાનંદ વહેંચે છે; પણ તે વાસના વગર. આનંદનો પુંજ પડ્યો છે. કોઈને લેવો હોય તો ફાવે તેટલો લઈ લે, અને કોઈ નહીં લે તો પણ હરી-ઈચ્છા. પોતાની આંતરીક સંપત્તી પરખનારું કોઈ નથી, એનો અજંપો કેટલાક સંતોને પણ રહેતો હોય છે. પામર જીવોનો ઉદ્ધાર કરવાની ઉપદેશકોને ભારે આસક્તી હોય છે. પુષ્પ અનાસક્ત છે. પોતાની સુગંધની સમજ આપવા માટે એ વર્ગો નથી ચલાવતું. 'સુગંધ પ્રચારક મંડળ' પણ એ નથી શરુ કરતું.

## [6] લોકોને સાહીત્ય તરફ વાળવા – જયંત કોઠારી

ગુજરાતી વીવેચન શબ્દાળુતામાં રાચતું દેખાય છે. કહેવાનું ઓછું હોય ને ઘટાટોપ વધારે હોય. આવું બધું જોઈએ ત્યારે થાય કે સીધી સરળ ભાષા લખવી એ ખરેખર અઘરું કામ છે, ને અઘરું લખવું એ સહેલું કામ છે. સીધી, સરળ અભીવ્યક્તી વીચારની ચોકસાઈ ને ચોખ્ખાઈ વીના સંભવતી નથી. અખબારી કૉલમની લખાણની ગુણવત્તા પર અસર જરુર થાય છે. લખવા પાછળ જે દૃષ્ટી તથા ખંત હોવાં જોઈએ, તે આપણા કટારલેખકોમાં નથી. કેટલાક તો ચાર-ચાર, પાંચ-પાંચ છાપાંઓમાં લખતા હોય છે. પછી ગુણવત્તા જળવાય કઈ રીતે? વધારે લોકો સુધી પહોંચી શકે એવાં સામયીકો ખુટે છે. લોકો સુધી જે પહોંચે છે તે સાહીત્યીક નથી હોતાં અને જે સાહીત્યીક છે તેની ભાષા એવી છે કે લોકો સમજી ન શકે. બે વચ્ચે સમન્વય રચાવો જોઈએ. ‘મીલાપ’ એ કામ કરતું હતું. હવે આપણી પાસે એવું સામયીક નથી. લોકોને કલા અને સાહીત્ય તરફ વાળવા એ જ સવાલ છે. લોકો પુસ્તક લેવા ન આવે, તો તમે લોકો પાસે પુસ્તકો લઈ જાઓ. ‘લોકમીલાપ’ એ કામ કરતું આવ્યું છે.



જન્મ : 20 જુન 1923 : છસાત દાયકાઓથી સાહીત્યની ‘ગોવાળી’ કરનાર આ એકમેવ ‘ખેપીયા'ને સહૃદય વંદન. બાણું વર્ષની વયે પણ આ નવા રમકડા–આઈપેડની કરામત શીખવા મથતા આ યુવાન મહેન્દ્રભાઈને સલામ! એવી યુવાની સૌને મળો… જીવનની સંધ્યાએ મહેન્દ્રભાઈને નીરામય, સંતોષી તેમ જ આનંદકારી જીવન સતત મળજો… જય હો, મીમી!!

– વીપુલ કલ્યાણી

લંડનસ્થીત મીત્ર વીપુલ કલ્યાણી (vipoolkalyani.opinion@btinternet.com : ઈ.વીચારપત્ર ‘ઓપિનિયન’ http://opinionmagazine.co.uk/ ના તંત્રી)ની સમૃદ્ધ ફેસબુક http://www.facebook.com/notes/vipool-kalyani/વાચનયાત્રા-સં-મહેન્દ્ર-મેઘાણી/308627842560811 પરથી, એમના સૌજન્યથી સાભાર.. ..ઉત્તમ અને મધુ ગજ્જર..

♦●♦

318 : 22-03-2015

# માને સુવા દો!

–આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

આઠ મહીના પહેલાં શીવાનીના બાપુજીની બીમારીનું નીદાન થયું હતું કે એમને પ્રોસ્ટેટ કેન્સર છે. આમ પણ, અત્યાર સુધી આખા પરીવારમાં કેન્દ્રરુપ 'બાપુજી' જ રહ્યા હતા ને એમાં આવી આટલી મોટી માંદગી! ઘરના, બહારના મીત્રો કે સગાંવહાલાં સૌને મોઢે બસ, બાપુજીનું જ નામ. 'એમની તબીયત કેમ છે?'; 'બધા રીપોર્ટ્સ આવી ગયા?'; 'ડૉક્ટર શું કહે છે?'; 'કીમો થેરાપી લેવી પડશે?' બધા જાણે આ બધી બાબતોના નીષ્ણાત હોય એ રીતે વાતો કરતા. આ સૌમાં જો કોઈ મુંગે મોઢે પોતાનું કામ કર્યા કરતું હોય તો એ હતી એની મા.

પહેલેથી એ તો હાંસીયામાં ધકેલાયેલી જ હતી, ને હવે વળી એને પુછવાની શી જરુર કે એણે બે કોળીયા મોંમાં નાખ્યા કે નહીં? બપોરના એ ઘડીક આડે પડખે થઈ કે નહીં? રાતના એ સુઈ શકી કે બાપુજીની સેવામાં જ રાત પુરી થઈ ગઈ? જો કે કોઈ આવું પુછે એવી એને અપેક્ષા જ નહોતી.

'કેમ, સારું રાંધી ને ખવડાવતાં જોર પડે છે? ઘરમાં કોઈ દીવસ કોઈ ચીજનાં ઠેકાણાં જ ન હોય! કરે છે શું તું આખો દીવસ?

આમ કુવડ ને કુવડ જ રહી! આળસ અને એદીપણાનીયે કોઈ હદ હોય ને?'

વર્ષોથી બાબુજીનાં આવાં વાક્બાણો સહન કરતી આવેલી મા એમના ડરથી થરથર ધ્રુજતી રહેતી. વળી માંદગીએ બાબુજીને વધુ ચીડીયા બનાવી દીધા હતા.

'હવે મારે બ્રશ કરવાનું છે કે આમ સુવડાવી જ રાખવાનો છે?'; 'ચા–નાસ્તો કંઈ મળશે કે ભુખ્યા જ રહેવું પડશે?'

'આખી રાત પગ દુ:ખે છે, પગ દુ:ખે છે બુમો પાડી; પણ તને થયું કે લાવ, પગ દબાવી દઉં?'

પથારીનો ત્યાગ કરે ત્યારથી મા ચાવી દીધેલા રમકડાની માફક ફેરકુદરડી ફર્યા કરતી. બાબુજીને કે બીજા કોઈનેયે કદી વીચાર ન આવ્યો કે હવે એની પણ ઉમ્મર થઈ છે, એને પણ જરાક આરામની જરુર હોઈ શકે. હા, શીવાનીનો જીવ મા માટે બળતો; પણ બાપુજીને પોતાનું કોઈ કામ કરવા માટે મા સીવાય બીજા કોઈની સેવા ફાવતી નહીં. એટલે ધીમે ધીમે કરતાં એણે પણ પીયર આવવાનું થોડું ઓછું કરી નાખ્યું હતું. દેખવુંયે નહીં ને દાઝવુંયે નહીં.

નાનો ભાઈ અને ભાભી મા–બાપુજીની સાથે જ રહેતાં એટલે એમની થોડી સેવા મળતી ખરી. બાકી મોટા ભાઈને એમનો પરીવાર મુમ્બઈ અને એમનાથી નાની બહેન શીલા અમદાવાદ.

બન્ને દુર રહ્યે રહ્યે જાણે મા–બાપની બહુ ફીકર કરતાં હોય એમ સલાહ–સુચનો આપ્યા કરતાં.

મોટો કહેતો, ‘ડૉક્ટરને સરખું પુછી જુઓ ને! એ કહેતા હોય તો બાબુજીને હૉસ્પીટલમાં દાખલ કરી દો. ખરચાની ચીન્તા નહીં કરતાં. હું અહીંથી મોકલી દઈશ.’

તો વળી શીલા કહેતી, ‘શીવાની, માને કહેજે, બાબુજીની બરાબર કાળજી રાખે. બીચારા કેવા થઈ ગયા છે! મા એમને મુકીને જરાયે આઘીપાછી ન થાય હં!’ શીવાનીને થતું : અહીં આવીને જુઓ તો ખબર પડે કે બપોરે ત્રણ વાગી જાય તોય માને બીચારીને જમવાનું યાદ નથી આવતું. રાત–દીવસ બાપુજીને ગરમ તેલનું માલીશ કરી કરીને એના હાથમાં ફોલ્લા પડી ગયા છે. એનું ધ્યાન કોણ રાખશે?

છેલ્લા અઠવાડીયાથી બાબુજીને નર્સીંગ હોમમાં દાખલ કર્યા હતા. શીવાનીને થયું કે હાશ, હૉસ્પીટલમાં તો નર્સ દર્દીની દેખરેખ રાખે એટલે માને થોડોક તો આરામ મળશે! પણ નર્સ પાસે ઈન્જેક્શન અને દવા લેવાનાં, બી.પી. ચેક કરાવવાનું. એ સીવાય બધું મા જેમ ઘરે કરતી એ જ રીતે એણે હૉસ્પીટલમાં કરવાનું એવું બાબુજીનું ફરમાન હતું. ‘ઘરનું માણસ કરવાવાળું હોય તો પછી ભાડુતી માણસોની મદદ શા માટે લેવી,’ એમ તેઓ સૌને કહેતા.

બે દીવસ પહેલાં સાંજે ચાર–સાડાચારે શીવાની મા માટે આદુ–ફુદીનાવાળી ચા લઈને ગઈ ત્યારે એણે જોયું કે હજી તો માનું ટીફીન એમનું એમ પડેલું હતું અને એ બાબુજીના શરીરે હળવે હાથે માલીશ કરી રહી હતી. શીવાનીએ પુછ્યું, ‘આ શું મા? હજી સુધી જમી નથી?’

ફીક્કું હસીને માએ કહ્યું, ‘ખાવાનું, ટીફીનમાં હોય કે પેટમાં, શો ફરક પડે છે? પણ તારા બાબુજીને મારા માલીશ કરવાથી ફરક પડે છે. જો એમને ઉંઘ પણ આવી ગઈ છે.’

બે દીવસ પછી બાબુજીને હમ્મેશને માટે ઉંઘ આવી ગઈ. મોટાભાઈ અને શીલા સમાચાર સાંભળીને દોડી આવ્યાં. શીલાએ રડી રડીને ઘર માથે લીધું તો મોટાભાઈએ માને વાંસે હાથ ફેરવીને આશ્વાસન આપ્યું. શીવાનીએ આખો વખત માની ચીન્તા સતાવી રહી હતી.

‘મા, ભાવે કે ન ભાવે પણ બે કોળીયા તો ખાઈ લે! જરા પગમાં જોર રહે!’

‘મા, બેઠા બેઠા કમર દુ:ખી જશે. થોડીવાર લાંબો વાંસો કરી લે ને!’

પણ માએ બે હાથ જોડી ધરાર ના પાડી દીધી. સાંજ સુધી લોકોની અવર–જવર એકધારી ચાલુ જ હ તી. આવનારાને પાણીનું તો પુછવું પડે ને! શીવાની પાણી લેવા રસોડામાં ગઈ ત્યાં પાછળ જ શીલા આવી.

'શીવાની મા પણ કમાલ છે! આ સમય છે સુવાનો? આડોશી–પાડોશી ખરખરે આવ્યા છે ને એ બેઠી બેઠી ઝોકાં ખાય છે! મને તો એવી શરમ આવી! એ તો સારું થયું, કોઈનું ધ્યાન નહોતું ત્યારે મેં એને ઢંઢોળીને કહ્યું કે, તારાં નસકોરાંનો અવાજ આવે છે.'

શીવાનીએ આ સંભભળતાં જ કંઈક ખુશ થઈને કહ્યું, 'હેં? માને ઉંઘ આવે છે?'

એ ભાગીને ગઈ. એણે અને નાની ભાભીએ ટેકો દઈને માને ઉભી કરી. તેને બેડરુમમાં લઈ જઈ ધીમે ધીમે માથે હાથ ફેરવી એણે માને સુવડાવી. થાક, ઉજાગરા અને રડી રડીને થાકેલી માની આંખો ઘડીભરમાં મીંચાઈ ગઈ. શીલા ધમધમાટ કરતી આવી, 'શીવુ, મેં તને માને જગાડવાનું કહ્યું ને તેં તો એને સુવડાવી દીધી!'

શીવાનીએ રુમનું એ.સી. ચાલુ કર્યું ને ધીમેથી શીલાને બહાર લઈ આવીને કહ્યું, 'આઠ આઠ મહીનાથી માએ ધરાઈને બે ટંક ખાધું નથી ને રાતોની રાતો સુતી નથી. આજે એ શાન્તીની નીંદર માણે છે ત્યારે હું પ્રભુને પ્રાર્થના કરીશ કે માને નીરાંતની ઉંઘનું વરદાન આપે. બલકે, હું તો કહીશ કે મારા ભાગની નીંદર પણ માને મળે.'

બોલતાં બોલતાં શીવાનીનો કંઠ ભરાઈ આવ્યો.

(મન્નુ ભંડારીની હીન્દી વાર્તાને આધારે)

તા. 16 ડીસેમ્બર, 2014ના ‘ભુમીપુત્ર’ પાક્ષીકના છેલ્લે પાનેથી, લેખીકા અને ‘ભુમીપુત્ર’ના સૌજન્યથી સાભાર.. ..ઉત્તમ અને મધુ ગજ્જર..

–આશા વીરેન્દ્ર

સર્જક–સમ્પર્ક :

બી–401, ‘દેવદર્શન’, હાલર, વલસાડ– 396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137

ઈ–મેઈલ : avs_50@yahoo.com

♦●♦

319 : 05-04-2015

## મત્લા વીશેષ

(ગઝલના પહેલા શેરને 'મત્લા' કહે છે.)

અનુક્રમણીકા

ઉદાસી આ સુરજની આંખે ચડી છે,
તમારા વીના સાંજ ડુસકે ચડી છે.

**ભગવતીકુમાર શર્મા**

આવી ગયો છે કાળ આ નાટકના અંતનો,
ઉભું છે વૃક્ષ કોટ ઉતારી વસંતનો.

**મુકુલ ચોક્સી**

સોગાત દુ:ખની હોય છે દરીયા જેટલી,
આ આંખની કૃતજ્ઞતા તો ટીપાં જેટલી.

**ડૉ.રઈશ મનીઆર**

નકામી મુંઝવણ માથા ઉપર લેવી જરુરી છે?
તું સમજે છે બધી વાતો, પછી કહેવી જરુરી છે?

**કીરણસીંહ ચૌહાણ**

ઘસી ઘસીને ઘણા સાફ તો કરેલા છે,

છતાં વીચાર અમારા હજુય મેલા છે.

મનોજ જોશી

નાની અમથી વાત પર,

જાય છે સૌ જાત પર!

લક્ષ્મી ડોબરીયા

તું નથી ગઈ તોય પાછી આવ ને,

ને મને તારામાં ચપટીક વાવ ને.

ભાવેશ ભટ્ટ

બુંદના ભારે નમે એવું બને,

પાંદડું હેલી ખમે એવું બને!

રાકેશ હાંસલીયા

કાંઈ પણ બોલ્યા વીના છુટાં પડ્યાં ,

ઉમ્રભર એના પછી પડઘા પડ્યા!

ડૉ. દીલીપ મોદી

ફુલો ન હોય તોય બગીચો તો જોઈએ,
ખુશ્બુનાં ખાલીપા ને દરજ્જો તો જોઈએ.

**ગૌરાંગ ઠાકર**

જ્યારે મળે તું, આમ તો જાણે મજા પડે,
વચ્ચે ન આવે 'હું' તો વધારે મજા પડે.

**મહેશ દાવડકર**

દેરી–મંદીર શોધી શોધી લોક નીરંતર ફર્યા કરે છે,
રોજ રોજ સરનામું બદલું જાણે ઈશ્વર ફર્યા કરે છે.

**રાજેશ વ્યાસ 'મીસ્કીન'**

શ્વાસ નામની સીમેન્ટ લઈને જીવન ચણવા બેઠા,
અમે રાતનું સુપડું લઈ અંધાર ઉપણવા બેઠા.

**અનીલ ચાવડા**

ઓસરીના દીવા પર આપને ખુમારી છે,
મેંય વાવાઝોડાની આરતી ઉતારી છે.

**ખલીલ ધનતેજવી**

તમામ ઝંખના કાગળ ઉપર ઉતારી છે,
ગઝલને વાંચો ન વાંચો; સમજ તમારી છે.

નીલેશ પટેલ

હર વખત જીતી જવાની આ શરત મુશ્કેલ છે,
શ્વાસ સાથે હાથતાળીની રમત મુશ્કેલ છે.

ડૉ. હરીશ ઠક્કર

ફેફસામાં દર્દ જેવું થાય છે,
તું ગમે છે, એમ ક્યાં કે'વાય છે?

દીનેશ કાનાણી

આવનારી સૌ ખુશીની વાત કરીએ,
એક નવી શરૂઆતની શરૂઆત કરીએ.

હર્ષ બ્રહ્મભટ્ટ

સહુને સહુની મર્યાદામાં અજમાવીને બેઠો છું હું,
માથે ટાઢો છાંયો છે; પણ તડકા પીને બેઠો છું હું.

ડૉ. મહેશ રાવલ

પાણી ભરેલ વાદળોને ખેંચી લાવવા,

ઓછાં પડે છે, દોસ્ત! આ શહેરોને ઝાડવાં.

ડૉ. વીવેક ટેલર

મને ઈશુ સમયનો લ્યો, ફરી ખીલો મળી આવ્યો,
પડેલી રક્તની જ્યાં ધાર, એ ચીલો મળી આવ્યો.

હેમંત ગોહીલ 'મર્મર'

આવે તો આવે, ન આવે તો શું કરવું, કે' મને?
સુખ છે, એ ઉલ્લુ બનાવે, તો શું કરવું, કે' મને?

સુનીલ શાહ

સંબંધોના મુલાયમ શ્વાસને સૌ ખોઈ બેઠા છે,
પરસ્પરમાં હવે વીશ્વાસને સૌ ખોઈ બેઠા છે.

મનસુખ નારીયા

શક્યતાને આ રીતે સાંધો નહીં,
ઉંબરા પર ઘર તમે બાંધો નહીં.

અંકીત ત્રીવેદી

મારા હૃદયમાં છે જ તું, ભટક્યા નહીં કરું,
હું મંદીરોમાં જઈને તપસ્યા નહીં કરું.

પ્રમોદ અહીરે

જાતને ખોયા પછીથી કૈંક જડવું જોઈએ,
શબ્દની સાથે રહો તો કૈંક અડવું જોઈએ.

દક્ષેશ કોન્ટ્રાક્ટર

બધાં મ્હોરાં ફગાવીને હજી હમણાં જ આવી છું.
ધુણી ભીતર જલાવીને હજી હમણાં જ આવી છું

પ્રજ્ઞા વશી

હું નથી કૈં બારણું કે કોઈની ઈચ્છા મુજબ ઉઘડું કે બંધ થાઉં,
હું જ મારી મસ્ત મરજીનો છું માલીક; ફૂલ થાઉં...ગંધ થાઉં.

હેમંત ગોહીલ ‘મર્મર’

ઈર્ષ્યા કરે છે ફુલ સૌ, પરીઓ ઉદાસ છે,
ઈશ્વરની એ કૃતી, જરા મોંઘીને ખાસ છે.

મેહુલ પટેલ 'ઈશ'

એક નકશીકામ કરવું જોઈએ,
આંસુમાં અક્ષરથી તરવું જોઈએ.

સંધ્યા ભટ્ટ

આ ચરણને શું થયું છે એ જ સમજાયું નહીં,
બારણા ખોલ્યા પછી પણ બહાર નીકળાયું નહીં.

**ઉર્વીશ વસાવડા**

સ્હેજ પણ જ્યાં વહાલની હરફર નથી,
ત્યાં દીવાલો હોય તો પણ ઘર નથી.

**દીવ્યા મોદી**

(ઉપરોક્ત તમામ કવીઓની ગઝલો 'સન્ડે ઈ.મહેફીલ'માં અગાઉ સ્થાન પામી ચુકી છે.)

સંકલનકાર–સંપર્ક: સુનીલ શાહ,

N-101, ન્યુઝ એવન્યુ એપાર્ટમેન્ટ, અડાજણ, આનંદ મહલ રોડ,

સુરત - 395 009

ફોન: 0261-273 2226

મોબાઈલ: 94268 91670

ઈ-મેઈલ : sunilshah101@gmail.com

કવીનો બ્લૉગ: http://sunilshah.wordpress.com

♦●♦

320 : 19-04-2015

# મારી ગુજરાતી ભાષા

–ફાધર વર્ગીસ પૉલ

અનુક્રમણીકા

“ફાધર વર્ગીસ ગુજરાતી નથી; છતાં તેમણે ગુજરાતીમાં ૪૦ પુસ્તકો લખ્યાં છે.” ધ લસુડીયા હાઈ સ્કુલના પ્રીન્સીપાલ ફાધર મેથ્યુએ પોતાની સ્કુલનાં બાળકોને મારો પરીચય આપતાં કહ્યું. આમેય મારો પરીચય આપનાર વ્યક્તી મને એક બીનગુજરાતી તરીકે અને ૪૦ પુસ્તકોના લેખક તરીકે જ ઓળખાવે છે.

મારા પરીચયથી આભાં બનેલાં વીદ્યાર્થી–વીદ્યાર્થીની મીત્રો અને શીક્ષકગણને જોઈને હું કહું છું, ‘મીત્રો, ભલે મારો જન્મ ગુજરાત બહાર થયો છે; પણ તમે બધાં ગુજરાતમાં આવ્યાં તે પહેલાં, એટલે લગભગ અરધી સદી પહેલાં, હું ગુજરાતમાં આવ્યો છું. મારી ગુજરાતી ભાષાની વાત કરું તો, હું 1963માં ગુજરાતમાં આવ્યો તે જ વર્ષથી મેં ગુજરાતી ભાષા શીખવા માંડી હતી અને આજે પણ તે શીખતો રહું છું.’ મને પુછવામાં આવે ત્યારે ‘સાચુકલાં માનવમુલ્યોને આગળ ધરીને હેતુલક્ષી સાહીત્ય સર્જવા મથતા રહેનાર લેખક’ તરીકે મારો પરીચય હું આપું છું.

હું લેખક છું, તે ખરું; પરન્તુ ગુજરાતી ભાષાની દૃષ્ટીએ હું તમારા કરતાં ઓછું જાણું છું. તમને ગળથુથીમાંથી જે ભાષા મળી છે તે મને નથી મળી. તમારી ગામઠી ભાષા અને ઘરગથ્થુ શબ્દો મને નહીં આવડે. વળી, તમે જોઈ શકો છો કે, હું વાત કરું છું ત્યારે કોઈ વાર જાતી કે લીંગની બાબતમાં ગોટાળો કરું છું. એટલે હું કહું છું કે, હજી હું ગુજરાતી ભાષા શીખતો રહું છું.

પરદેશ કે પરપ્રાંતમાંથી ગુજરાતમાં આવીને અહીં સ્થાયી થયેલાં સ્ત્રી–પુરુષો ગુજરાતી બોલે છે. તેઓ દૈનીક જીવનમાં સ્થાનીક લોકો સાથે ગુજરાતી ભાષાને સારી રીતે કામે લગાડે છે. પરન્તુ ગુજરાતી ભાષા પર પ્રભુત્વ મેળવીને સાહીત્ય સર્જવાની બાબતમાં કાકાસાહેબ કાલેલકર, અરુણાબહેન જાડેજા જેવાં મુળ મહારાષ્ટ્રના વતનીઓ કે સ્પેનમાંથી આવેલા ફાધર વાલેસ, ફાધર ઈસુદાસ ક્વેલી જેવા પરદેશ અને પરપ્રાંતના મહાનુભાવોનું ગુજરાતી સાહીત્યસર્જન અપવાદરુપે ગણી શકાય. પણ તેમનું સાહીત્ય ગણનાપાત્ર તો છે જ.

પરદેશ કે પરપ્રાંતના લોકો ગુજરાતીમાં લખે ત્યારે એમની મુળ ભાષા અને સંસ્કૃતીનો પ્રભાવ એણે અપનાવેલી ગુજરાતી ભાષા પર પડવાનો છે. દાખલા તરીકે હું માનું છું કે, હું મલયાલમ ભાષામાં હાઈ સ્કુલમાં નીબંધ લખવાનું શીખ્યો હતો. એનો પ્રભાવ મારાં લખાણમાં જોઈ શકાય છે. હું મારાં લખાણમાં દાખલા દલીલો અને કોઈ ઘટના કે અનુભવની વાતો સાથે કોઈક

નવો વીચાર કે નવી દૃષ્ટી મુદ્દાસર પ્રેરક રીતે રજુ કરું છું. એ જ મારી આગવી શૈલી પણ છે.

ગુજરાતી ભાષા શીખવામાં અને એમાં લખવામાં મેં લાંબી મજલ કાપી છે. મને ગળથુથીમાં કે તે પહેલાં માના ઉદરમાં હતો ત્યારથી મળેલી ભાષા કેરળ રાજ્યની મલયાલમ છે. મેં મારા બાપુજીને ગુજરાતમાંથી આવેલા મારા મીત્રો સાથે તુટીફુટી અંગ્રેજીમાં બોલતાં સાંભળ્યા છે. પરન્તુ મારી મા ફક્ત મલયાલમ ભાષા જ જાણે છે. અગીયાર ધોરણ સુધી હું મલયાલમ માધ્યમમાં ભણ્યો હતો. પણ તે વખતે ત્રણ ભાષાનાં નીતીનીયમને કારણે સ્કુલમાં મને પાંચમા ધોરણથી માંડી અગીયારમા ધોરણ સુધી મલયાલમ ભાષા સાથે અંગ્રેજી અને હીન્દી ભાષા ભણવાની તક મળી.

હું 1963માં ગુજરાતમાં આવ્યો ત્યારે વર્ષો સુધી વાતચીત અને વ્યવહારની ભાષા તરીકે અંગ્રેજી શીખવાનું ને બોલવાનું હતું. પણ પ્રથમ વર્ષથી જ મારે ગુજરાતી શીખવાની હતી.

હીન્દી ભાષા સાથેના સામ્યને કારણે ગુજરાતી ભાષાની વર્ણમાળા શીખવામાં મને ખાસ તકલીફ ન પડી. જો કે શરુઆતમાં ગુજરાતી અને હીન્દી લીપીના ભળસેળીયા લખાણનો અનુભવ છે. જુન 1965માં હું સ્પેનથી આવેલા મીશનરી ફાધર હ્યુવાન હીલ જોડે એક મહીનો વડતાલમાં રહ્યો હતો. તેમને ગુજરાતી ભાષામાં વડતાલ અને આસપાસનાં ગામડાંઓના લોકો સાથે વાત કરતા

અને અનાયાસે ગુજરાતીમાં ધર્મબોધ આપતા સાંભળીને મને પણ ગુજરાતી ભાષા બરાબર શીખવાની ચાનક ચડી હતી.

વળી, તે વખતે ફક્ત ગુજરાતી જ બોલતા ગ્રામીણ લોકો સાથેના જીવનમાં મને સ્પષ્ટ ખ્યાલ આવ્યો હતો કે ગુજરાતમાં લોકસમ્પર્ક માટેની એક જ ભાષા ગુજરાતી છે. પણ ‘કેમ છો?’, ‘કંઈ નવાજુની છે?’, ‘નામ શું છે?’, ‘કયા ગામથી આવો છો?’ જેવા પ્રશ્નો પુછવા કે એવા પ્રશ્નોના ટુંકા જવાબ આપવા સીવાય લોકો સાથે વાતચીત કરવામાં હું ભારે મથામણ અનુભવતો હતો. મારે ઘણું બધું કહેવું હતું અને લોકો પાસેથી ઘણું બધું જાણવું હતું; પણ લોકો અને મારી વચ્ચે ભાષાના અભાવની દીવાલ હતી. અને મેં નીર્ણય કર્યો કે ગમે તેમ કરીને હું ગુજરાતી ભાષામાં બરાબર પ્રભુત્વ મેળવીશ. હું બરાબર જાણતો હતો કે ‘તપ વીના સીદ્ધી નથી.’

હું 1968માં સેન્ટ ઝેવીયર્સ કૉલેજમાં દાખલ થયો ત્યારે મેં ગુજરાતી ભાષામાં ગુજરાતી ભાષા–સાહીત્ય ભણવાની પસંદગી કરી. કૉલેજની પ્રથમ પરીક્ષામાં હું માડમાંડ પાસ થયો! સ્કુલની પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થનાર વીદ્યાર્થી તરીકે કૉલેજના એવા પરીણામે મને ઢંઢોળ્યો. મને મારી વાસ્તવીક પરીસ્થીતીનો ખ્યાલ આવ્યો. પરીક્ષામાં પુછેલા બધા પ્રશ્નોના જવાબ મને બરાબર આવડતા હતા. પરન્તુ મારી હોશીયારી હું ઉત્તરવહીમાં ઉતારી શકતો નહોતો. ગુજરાતીમાં લખવાની મારી

પાસે બીલકુલ ઝડપ નહોતી. એટલે ઝડપી લખાણના અખતરા કરીકરીને અને હૉસ્ટેલના બીજા બધાઓ કરતાં ખુબ વધારે સમય અભ્યાસમાં પરોવીને કૉલેજની પરીક્ષાઓમાં હું પ્રથમ આવતો થયો હતો.

મારે સ્વીકારવું પડે છે કે ગુજરાતી ભાષા શીખવાનું મારું કામ ઘણી બધી રીતે અત્યન્ત કઠીન હતું. હીન્દી સાથેના સામ્યને કારણે ગુજરાતી લીપી આસાનીથી શીખી શક્યો છું ખરો; પણ ગુજરાતી શબ્દોના અસલ રુપને ઓળખવામાં અને સંતોષકારક શબ્દભંડોળ મેળવવામાં મારે ખુબ મહેનત કરવી પડી હતી. શરુઆતમાં મારી ગુજરાતી ભાષા સંસ્કૃતમય હતી. કારણ, મારી માતૃભાષા મલયાલમમાં દક્ષીણ ભારતની ભાષા હોવા છતાં એમાં સંસ્કૃત ભાષાના શબ્દો વીપુલ પ્રમાણમાં છે.

હીન્દીની જેમ ગુજરાતી ભાષામાં પણ સંસ્કૃતનો પ્રભાવ છે. એટલે હું ગુજરાતી લખતો ત્યારે શરુઆતમાં મારી ભાષા વધુ સંસ્કૃતમય હતી. એટલે લોકોને મારી ગુજરાતી ભાષા ‘ભારેખમ’ કે ‘ભદ્રંભદ્રીય’ લાગતી! મલયાલમમાં ‘મીત્ર’ શબ્દ છે. એટલે ‘મીત્ર’ શબ્દ મારા લખાણમાં આસાનીથી આવે એ જ રીતે ‘સ્નેહ’ પણ. પરંતુ ‘દોસ્ત’, ‘બંધુ’, ‘ભાઈબંધ’, પ્રીયજન’ જેવા શબ્દોથી શબ્દભંડોળ વધારવામાં મારે ખુબ મહેનત કરવી પડી. આજે હું માનું છું કે હાઈ સ્કુલનાં છોકરા–છોકરીઓ સમજી શકે આવી સાદી ભાષા લખવામાં મારી ફાવટ છે. હું સમજતો થયો છું કે

દરેકશબ્દની પાછળ એક અર્થલોક છે; એક મનોલોક છે; એક વારસો છે; એક ઈતીહાસ છે.

મારા ઉચ્ચાર કે બોલવાની લઢણ પરથી મારા શ્રોતાજનોને તરત જ ખબર પડે છે કે હું મુળ પરપ્રાંતનો વતની છું અને લાંબો સમય ગુજરાતમાં રહીને ગુજરાતી શીખ્યો છું. ભુલેચુકે પણ મને મુળ ગુજરાતનો વતની માનનાર લોકો પણ છે. 'બાર ગામે બોલી બદલાય' એ ન્યાય એમાં હશે. પણ મારું નામ સાંભળે ત્યારે લોકોને ખ્યાલ આવે છે કે હું મુળ ગુજરાતનો વતની નથી.

આજે નવી ભાષા શીખવવામાં પરભાષાને કામમાં લેતા નથી. પણ મારે શરુઆતમાં અંગ્રેજી ભાષાની મદદથી ગુજરાતી ભાષા શીખવાની હતી. એટલે ગુજરાતી ભાષાની અમુક બાબતો મને વીચીત્ર લાગતી. દા.ત. અંગ્રેજીમાં 'વી' પ્રયોગ ગુજરાતીમાં આવે ત્યારે મારે 'અમે' અથવા 'આપણે' એમ સન્દર્ભ મુજબ બેમાંથી કોઈ એક શબ્દ વાપરવો પડતો.

પણ બીજી કેટલીક ભાષાઓની સરખામણીમાં ગુજરાતી ભાષા ખુબ સમૃદ્ધ છે. અંગ્રેજીમાં એક સર્વગ્રાહી શબ્દ છે 'અંકલ'. માના ભાઈ, બાપના ભાઈ, કોઈ વડીલ વ્યક્તી માટે પણ આદરસહ 'અંકલ' શબ્દ વાપરી શકાય. પરંતુ ગુજરાતીમાં એનો અનુવાદ કરવાનો હોય ત્યારે સંદર્ભ મુજબ 'કાકા', 'મામા' 'વડીલ' જેવા અલગ શબ્દો વાપરવા પડે. તેવી જ રીતે 'બ્રધર–ઈન–લૉ'

માટે ગુજરાતીમાં ‘સાળો’ અને ‘બનેવી’ એમ બે શબ્દ છે. ‘ગ્રાંડ ચાઈલ્ડ’ માટે દીકરીનો દીકરો હોય તો ‘દૌહીત્ર’ અને દીકરી હોય તો ‘દૌહીત્રી’ અને દીકરાનો દીકરો હોય તો ‘પૌત્ર’ અને દીકરી હોય તો ‘પૌત્રી’ જેવા ભીન્ન ભીન્ન શબ્દો હોય છે.

ભાષાવીદ્ ડૉ. હરીવલ્લભ ભાયાણી ફાધર વાલેસના પુસ્તક ‘શબ્દલોક’ની પ્રસ્તાવનામાં લખે છે કે, ‘ભાષા એક નકશો છે. વીચારનો, જીવનનો, વાસ્તવીકતાનો નકશો છે. શબ્દ મનમાં આવે તે એકલો નહીં આવે; પણ આખો વારસો, અનુભાવ, સ્મરણો, પડઘાઓ, ઈતીહાસ, સ્પંદન, સંસ્કાર, અર્થ, સંબંધ, તેજપુંજ, અને આભામંડળ સાથે લેતો આવે.’ ભાયાણીસાહેબ સાથે હું સો ટકા સમ્મત છું.

અલબત્ત, ચોત્રીસ દેશોની મુલાકાત અને એથીયે વધારે ભાષાઓ બોલતા લોકોના સમ્પર્ક, દેશવીદેશના લોકો સાથેની મીત્રતા તથા દસેક ભાષા શીખવાના મારા અનુભવથી આજે એક જ દૈવી ભાષાને બીરદાવું છું. તે ભાષા મને માના ઉદરથી માંડીને આજ સુધી ગુજરાતમાં વીપુલ પ્રમાણમાં મળી છે. તે દૈવી ભાષા પ્રેમની ભાષા છે. સ્નેહની ભાષા છે.

–ફાધર વર્ગીસ પૉલ

'ગુજરાતી લેખકમંડળ'ના અનીયતકાલીન મુખપત્ર 'લેખક અને લેખન'ની સમ્પર્ક પુસ્તીકા ક્રમાંક : 51, ઓક્ટોબર, 2012માંથી પાન ક્રમાંક 26થી 28 ઉપરથી લેખકની અનુમતીથી સાભાર...

'ગુજરાતી લેખકમંડળ' એ ગુજરાતી લેખકો દ્વારા, લેખકો માટે ચાલતી રજીસ્ટર્ડ સંસ્થા છે. લેખકોના હક-હીત-ગૌરવ માટે કામ કરતું ટ્રેડ યુનીયન પણ છે. તમે આ દેશમાં હો કે વીદેશમાં, ગુજરાતીમાં લખતા હો તો સંસ્થાના સભ્ય બની શકાય છે. સને 1993થી કાર્યરત આ સંસ્થાના સંચાલકોમાં હાલ અધ્યક્ષ : ફા. વર્ગીઝ પોલ, પ્રમુખ : મનીષી જાની, ઉપપ્રમુખ : પ્રતીભા ઠક્કર, રીતા ભટ્ટ, મંત્રીઓ : મનહર ઓઝા, મહેશ સોની અને ખજાનચી : બીનીત મોદી છે. આજે સંસ્થાના 850 જેટલા સભ્યો છે. વાર્ષીક સભ્ય ફી : રુપીયા 150 અને આજીવન રુપીયા 1,000 છે.

સંસ્થાનો સમ્પર્ક, લવાજમ મોકલવાનું અને પત્રવ્યવહારનું સરનામું :

કીરણ ત્રીવેદી, માનવ મીડીયા, આતીશ એનેક્સી, સમર્પણ ફ્લેટ પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ–380 006 ફોન : 079-2646 4715

## લેખકસમ્પર્ક :

Fr. Varghese Paul, SJ - Director, CISS & President, ACECI

'Amibela' Building, Up Income Tax Underbridge, Navjeevan

P. O., Ahmedabad – 380 014

Phone : 079-2754 2922 (Off.)

Phone : 079-2630 0127 (Res.)

Cell : +919428826518,

eMail: cissahd@gmail.com & vpaulsj@jesuits.net

Website: www.vpaulsj.org & www.biblegujarat.org

321 : 03-05-2015

# મારા દાજીબાપુ

–હરનીશ જાની

અનુક્રમણીકા

‘નેહરુ શું બોલ્યા તે વાંચ,’ મારા દાજીબાપુ બોલ્યા.

‘મેં એક વખત તો વાંચ્યું!’ મેં જવાબ આપ્યો.

‘તે હશે. ફરીથી વાંચ. ને તે તો ‘સયાજી વીજય’માં હતું. આ તો ‘સંદેશ’ છે.’

‘પરંતુ નેહરુનું લખનૌનું ભાષણ તો સરખું છે ને!’ મેં તેમને સમજાવવા પ્રયત્ન કર્યો.

‘તું સાલું, હંમેશાં દલીલો કરવાનું! વાંચતું હોય તો વાંચને સીધું સીધું!’...

જયારે દાજીબાપુ તમને નાન્યતર જાતીમાં સંબોધે તો ચેતી જવું; કારણ કે એ એમની ધીરજનો અંત હતો. ‘સયાજી વીજય’માં ‘બે ઘાંચી–કુટુંબો વચ્ચે ઉછળેલાં ધારીયાં’ના સમાચાર હું ટુંકા કરવા પ્રયત્ન કરું, તે પણ ન ચાલે! એટલે થોડા વખતમાં હું મારી જાતે સમાચારનું હેડીંગ બોલતાં પહેલાં એની સાઈઝ જોઈ લઉં. સમાચાર ટુંકા હોય તો હેડલાઈન વાંચું; નહીં તો પાનું બદલું.

દાજીબાપુ મારી બાના બાપુ હતા. એમને આંખે મોતીયો ઉતરતો હતો. મારી બાએ દાજીબાપુની સેવા કરવાની તક મને

આપી હતી. મારું મોસાળ છોટા ઉદેપુર. દીવાળીની રજાઓમાં એમની સેવા માટે જવું પડ્યું હતું. દાજીબાપુએ આખી જીન્દગી વકીલાત કરી હતી. જીન્દગી આખી કાગળીયાં વચ્ચે ગાળી હતી. હવે વાંચવાનું બંધ! અસીલોથી ભરાયેલી રહેતી આખી પરસાળ સાવ ખાલી થઈ ગઈ. આજે યાદ કરું છું તો લાગે છે કે જંગલના સીંહને સ્વેચ્છાએ પાંજરામાં રહેવું પડે તેવી દાજીની હાલત હતી. તેમાં આ સીંહ તો આંધળો હતો!

એક વખત હતો કે જ્યારે આખો દીવસ એટલી પ્રવૃત્તી રહેતી કે ઘરમાં કોઈની સાથે વાત પણ ન કરતા. મારી પંદર વરસની ઉંમર સુધી ભાગ્યે જ – મને વઢવા સીવાય – મારી સાથે કાંઈ બોલ્યા હોય. હવે સાઠ વરસે ડાયાબીટીઝ, બ્લડ પ્રેશર, મોતીયાથી પીડાતા દાજીબાપુ ઢીલા થયા હતા અને તેથી હવે આ ની:સહાયતા ગુસ્સામાં પરીણમી હતી. અમારા બન્નેનો દીવસ બપોરે બાર વાગે પહેલી ટ્રેનમાં આવતા છાપાંઓથી શરૂ થતો. એક છાપું ઘરનું અને ચાર છાપાં આડોશીપાડોશીનાં, દાજીના હુકમથી મારે ઉઘરાવવાનાં. હજુ દાજીનો પ્રભાવ એટલો જ. બાજુવાળા કંચનકાકા પોતાનું વંચાતું છાપું પણ મને આપી દેતા.

છાપું નંબર એક. ‘તંત્રીલેખ વાંચ’નો હુકમ છુટતો. હું ખુબ જ ઉત્સાહથી ચાલુ કરતો. સો મીટરની સ્પ્રીંટ દોડના રનરની જેમ ભાગતો. મને એમ કે જલદી વાંચી જલદી છુટીએ. પરંતુ તે જ મારી ભુલ હતી. દાજીને લાંબી મેરેથોન દોડના રનરની જરુર

હતી. તંત્રીલેખ વાંચ્યા પછી; 'સયાજી વીજય'ના પહેલાં પાન પર શું શું છે તેનું વર્ણન કરવાનું. હું પહેલા પાનાના બધા સમાચાર વાંચી જાઉં પછી હુકમ છુટતો :

'પહેલા પાન ઉપર કોની કોની જાહેર ખબરો છે?'

'દાજી, વાંદરા છાપ દંતમંજનની છે.'

'બીજી કોની છે?'

'લોમાવાળાની છે.'

'શું લખે છે એ?'

'એ શું લખવાનો છે? કહે છે કે માથાના ધોળા વાળ કાળા કરવા હોય તો લોમા વાપરો.'

'સાલા ચોર લોકો, એમ તે કાંઈ વાળ કાળા થતા હશે!'

'બીજું કાંઈ?'

'ઓવલટાઈનની જાહેર ખબર છે.'

'સારું થયું, યાદ આવ્યું. રમણને કહે જે કે આજે ઓવલટાઈન મંગાવે.'

ઘરમાં બે રમણ. રમણ નોકર અને રમણ પુત્રવધુ. આ વાત તેમણે રમણમામી ને સંબોધી ને કહી હતી. ભુતકાળમાં : 'જા રમણને બોલાવ.' ત્યારે મેં હંમેશાં ગરબડ કરી હતી. અને પછી મને કહેવામાં આવતું : 'છે ઉંટ જેવો ને બુદ્ધી છે બળદની!' દાજીબાપુના વીસેક પૌત્ર–પૌત્રીઓ હતાં. દાજી છોકરીઓને કદી વઢતા નહીં. મારા મોટામામાની ઈંદુની બધી વાત દાજી માનતા.

તે એમને ગમતી; પરંતુ તેમ છતાં કોઈ કહી ના શકે કે ઈંદુ દાજીબાપુની વહાલી દીકરી છે. મેં કદી એમને નાના બાળક જોડે રમતા જોયા નથી. મારા તો વખાણ કરતાં પણ વઢે! 'સાલુ ડોબું છે. ફર્સ્ટ ક્લાસ આવ્યો એટલે બુદ્ધી થોડી આવી જવાની છે?' તે જમાનો જ એવો હશે કે જ્યારે બાળઉછેર સ્ત્રીઓની જવાબદારી ગણાતી હશે. કુટુંબો સ્ત્રીઓને કારણે ટક્યાં. દાજીબાપુને મેં રસોડામાં કદી જોયા નથી. એમની થાળી આગલા રુમમાં મુકાતી. ઓફીસમાં એમનું પાણીનું માટલું પણ જુદું મુકાતું. એમના સીવાય કોઈથી અડકાય નહીં. એક વખતે તેમાંથી પાણી પીવાની ધૃષ્ટતા મેં કરી હતી. પાણી પીવા કરતાં પકડાઈ જવાની મુર્ખાઈ વધુ હતી. તે પછી દાજીએ એમના માટલાથી પાંચ ફુટ દુર રહેવાનો ફતવો મારે માટે બહાર પાડ્યો હતો.

દાજી કર્મકાંડી હતા. સવારના ભગવાનની પુજા કરવામાં બે કલાક ગાળતા હતા. દાજીબાપુ અને ચંદનબાએ બદરીકેદાર અને રામેશ્વરની જાત્રા પણ કરી હતી. ઉંચું કદ, ગોરો વાન, પ્રભાવશાળી વ્યકિતત્વ. બોલે ધીમે ધીમે; પણ વજનદાર બોલે. લાંબો કોટ અને માથે રાતી પાઘડી પહેરે ત્યારે થાય કે મુનશીના મુંજાલ મહેતા આવા જ હશે. વકીલ તરીકે એમની એટલી પ્રતીષ્ઠા હતી કે એમના મૃત્યુ ટાણે બધી કોર્ટ બે દીવસ બંધ રહી હતી. છોટા ઉદેપુરના પુરોહીત બ્રાહ્મણના સમાજમાં આગળ પડતા હતા. પોતાનાં શાસ્ત્રોનાં અને કાયદાનાં જ્ઞાન ઉપર એ હંમેશાં મગરુર

www.gujaratilexicon.com

રહેતા. કોઈને તુંકારો કરવાનું તેમને માટે અઘરું નહોતું. ‘સાલુ નેહરુ, હીન્દી–ચીની ભાઈ–ભાઈ કરતું હતું. લે, લેતું જા. એ કુતરાં–બીલાડાં ખાવાવાળી પ્રજા, આપણા ભાઈ કદી બને ખરાં?’; ‘આ સાલુ રાજકપુર, પેંટની મોરી વાળવાની ફેશન લઈ આવ્યું છે. પોતે આવારા છે અને હવે લોકોના છોકરાંઓને આવારા બનાવવા બેઠું છે’; ‘આ મંગુડીયું, કાળી ટોપી પહેરીને આર. એસ. એસ.ની શાખામાં જાય છે. જાણે એને નેહરુ સરકારની ગાદી ન મળવાની હોય!’ ‘મંગુડીયા’નું ખરું નામ પ્રદ્યુમ્ન. અને એ એમના પૌત્ર હતા. દાજીબાપુના દીકરા–દીકરીઓ એમને ગભરાઈને માન આપતા, જ્યારે પ્રદ્યુમ્નભાઈએ, ભાસ્કરે અને મેં તેમની સામે દલીલો કરવામાં જરાયે ઢીલું મુક્યું નથી.

મેં એક વખતે જાજરુમાં ‘શ્રી રામ’ લખ્યું અને તેમણે વાંચ્યું. તે ગુસ્સે થયા. ખરેખર તો મેં લખ્યું કે કો’ક બીજાએ, તેની કોઈને ખાતરી નહોતી. છતાં દાજી કહે તે કદી ખોટું હોય! તેમણે મારી ઉધડી લઈ નાખી હતી. મેં જ્યારે દલીલ કરી કે રામનામમાં એટલી તાકાત છે કે કોઈ પણ અપવીત્ર વસ્તુને તે પવીત્ર કરી નાખે! ત્યારથી મને ‘આસુરી સંપત્તી’નું લેબલ લગાવી દીધું હતું. અને મારી બા આગળ પોતાના કુટુંબમાં મારા જન્મ વીશે શોક પ્રદર્શીત કર્યો હતો.

તે, ૧૯૬૦ના દીવાળી વેકેશનમાં મારે છાપાં વાંચવાનાં હતાં. બહાર સમજોડીયા મીત્રો પાનાં રમતાં, ક્રીકેટ રમતા અને

થોડી થોડી વારે મને ઈશારા કરતા કે દાજીને રહેવા દે. અહીં આવી જા. દાજી આગળ જ્યાં છાપાં વાંચતો ત્યાં ભાસ્કર દોડતો દોડતો આવી જાય અને મારો હાથ ખેંચીને ઉઠાડવા પ્રયત્ન કરે, જે દાજીબાપુને ન દેખાતું. ત્રણ ચાર કલાકના પેપરવાચન પછી વારો આવતો લાયબ્રેરીમાંથી મંગાવેલાં પુસ્તકોનું વાચન. તેમાં મારી વાંચેલી નૉવેલ મારે મોટેથી વાંચવી પડતી, ત્યારે મરવા જેવું લાગતું હતું. એક દીવસે મુનશીની બે નૉવેલ વંચાવી હતી. મને બહુ ચોખ્ખું યાદ છે કે મેં ચન્દ્રકાંત બક્ષીની 'રોમા' અને 'પડઘા ડુબી ગયા' વાંચવાની ના પાડી હતી; કારણ કે હું માનતો કે બક્ષીએ વાપરેલી સેક્સની ભાષા દાજીબાપુ માટે થોડી સ્ટ્રૉંગ ગણાય. દાજી સમક્ષ તે વાંચવામાં મને શરમ આવતી. વાચન પછી વારો આવતો સંગીતનો. દાજીબાપુએ એચ.એમ.વી.નું મોટા ભુંગળાવાળું તાવડી વાજું વસાવ્યું હતું. તે વાજા સામે બેઠેલા કુતરાના લેબલવાળી અસંખ્ય રેકર્ડો હતી. દાજીબાપુના ફેવરીટ હતા પંકજ મલિક અને કાનન દેવી. 'પંછી બાવરા! ચાંદ સે પ્રીત લગાયે', 'તુફાન મેલ! દુનિયા ઓ દુનિયા, તુફાન મેલ' 'તેરે મંદીર કા હું દીપક જલ ઉઠા'. એ ગાયકો કેટલા મોટા હતા તે આજે સમજાય છે. મુકેશ, મહોમ્મદ રફી અને લતા મારા આરાધ્ય દેવ ત્યારે હતાં. સાયગલ અને જગમોહન એક ટીનેજર માટે માથાનો દુખાવો હતા. તેમાં આવે નાટકો – 'લક્ષ્મીકાંત નાટક સમાજ'ના સુરદાસના ખેલમાં માસ્ટર વીઠ્ઠલે ગાયેલું ગાયન – 'આંખ વીના

અંધારું રે મારે...સદાને માટે આંખ વીના અંધારું રે' – તે સાંભળી દાજી આનંદની ચીચીયારી પાડતા અને હું ભગવાનને યાદ કરતો. તેમાં કો'ક દીવસ તેમને સત્યનારાયણની કથાનો મુડ જામતો ત્યારે મારો કાટ નીકળી જતો. મારે તાવડી વાજાને ચાવી આપવાની અને રેકર્ડ બદલવાની.

સત્યનારાયણ ભગવાનની કથામાં આનંદ એક વાતનો હતો કે ચંદનબા શીરાનો પ્રસાદ બનાવતા. આ બધાંમાંથી સાંજે છેક સાત–આઠ વાગે છુટાતું. ત્યારે મારા મીત્રો રમીને થાકીને પોતપોતાને ઘરે જતા રહેતા. મારા મામાનો દીકરો જે હંમેશાં દાજી સાથે રહેતો, તે ઘરમાં આવી ને બધી વાતો કરતો..

આજે હું ૬૫ વરસે અમેરીકામાં છું. દાજીબાપુ, નેહરુનું ભાષણ ચાર જુદાં છાપાંમાં કેમ વંચાવતા હતા? શું તેમને પહેલી વારના વાચનથી સમજ નહોતી પડતી? ૧૯૩૦માં પ્રસીદ્ધ થયેલી મુનશીની નૉવેલ ૧૯૬૦માં મારી પાસે ફરી ફરીને કેમ વંચાવતા હતા? શું તેમને એકની એક વાત સાંભળવામાં મઝા આવતી હતી? પંકજ મલીક અને કાનનદેવીમાં એવું તે શું હતું કે દાજીને રોજ સાંભળવું ગમતું?

આજે ૬૫ વરસે અમેરીકામાં મારા ફેમીલી રુમમાં બેસીને વીચારું છું તો લાગે છે કે ઘડપણમાં એકલતા માણસને સતાવે છે. માણસને માણસની ભુખ હોય છે. દાજીબાપુને નેહરુ, મુનશી,

પંકજ મલીકની ભુખ નહોતી. દાજીબાપુને જીવતાજાગતા હરનીશની જરુર હતી.

આજે અમેરીકામાં મારા ફેમીલી રુમમાં બેસી વીચારું છું કે, કાશ! મારી પાસે પણ મારો કોઈક હરનીશ હોત!

–હરનીશ જાની

લેખકસમ્પર્ક :

Harnish Jani, 4, Pleasant Drive, Yardville, NJ 08620-USA

ઈ.મેલ : harnishjani5@gmail.com

ફોન : 1-609-585-0861

♦●♦

322 : 17-05-2015

## ગઝલ

–પંકજ વખારીયા

અનુક્રમણીકા

.1.

સપનું ઉડી ગયા પછી બાકીમાં કંઈ નથી,
અડધી પથારી ખાલી છે, અડધીમાં કંઈ નથી.

આપી જશે આ ભીંતને વધુ એક ચોકડી,
આજેય બીજું સુર્યની ઝોળીમાં કંઈ નથી.

જન્મારો વેઠે છે અહીં નોંધારો ખાલીપો,
લુંટી શકે તો લુંટ, હવેલીમાં કંઈ નથી.

બસ, બે'ક બુંદ જેટલો સંસાર એનો છે,
શબ્દો કે સુર જેવું ઉદાસીમાં કંઈ નથી.

હા, પહેલાં જેવું બળ નથી પાણી કે આગમાં,
એવું નથી કે આંખ કે છાતીમાં કંઈ નથી.

.2.

મળી છે પાંખ, પરંતુ ગગન નથી એથી,

ખરી રહ્યાં છે પીંછાં, ઉડ્ડયન નથી એથી.

તમન્ના હોય, છતાં કંઈ જ થઈ નથી શકતું,
પડી રહ્યા છે પતંગો, પવન નથી એથી.

પડી છે સંપદા ભીતરમાં, પણ ધરા ઉજ્જડ,
નથી ખનકતા ખજાના, ખનન નથી એથી.

ઉડાઉ હાથે વ્યથા કેમ ખર્ચી નાંખે છે?
પસીનો પાડીને કમાયેલું ધન નથી એથી?

હજીયે ધસમસી આવે છે આંખમાં પાણી–
હજી આ દર્દનું અમને વ્યસન નથી એથી.

.3.

શીખવી ગઈ કૈંક પરદાની કળા,
દૃશ્યથી પર થઈને જોવાની કળા.

દ્વારથી પાછા જવાનું મન થતું,
એવી એની 'આવ' કહેવાની કળા!

ક્યાં હવે એ બાજુથી થઈએ પસાર?!
યાદ ક્યાં છે રસ્તો ભુલવાની કળા.

કેટલા દીવસે મળી બારીમાં સાંજ,
તાજી થઈ પાછી ઝુરાપાની કળા.

દોસ્ત! તું પણ લખ ગઝલ, અઘરી નથી,
આમ જો કે શ્વાસ લેવાની કળા.

શબ્દની કરતાલમાં રણકી ઉઠી–
જીન્દગી નામે ભરોસાની કળા.

એક–બે વાતો અધુરી રાખીએ,
બીજી તો શી પાછા મળવાની કળા?

.4.

આવે જ છે તો આવ, પણ એ બેલ યાદ કર,
જાણી–બુઝીને જે નહીં વાગેલ, યાદ કર.

દર્શાવી સહાનુભુતી, વ્યથા ઓર ના વધાર,
પહેલાના તારા આવા બધા ખેલ યાદ કર.

આ હાથ પાછો ઝાલતાં પહેલાં જરાક થોભ,
પહેલાંય તેં કરી હતી એ પહેલ યાદ કર.

આ બાધ્ધા છોકરાની ઝુકેલી ડફોળ આંખ,
સપનાની બાબતે હતી કાબેલ, યાદ કર.

દુર્ભાગ્ય પહાણાં મારતું ટોળે વળ્યું હતું,
ને તારાં પગલાં પણ હતાં સામેલ, યાદ કર.

.5.

પાણી વીનાનાં વાદળો જેવું નગર મળે,
આંખો તો સેંકડો મળે, પણ નજર ક્યાં મળે?

કંઈ ઓર માપદંડ છે માણસની ભુખના,
કુદરત તરફથી બાકી બધું માપસર મળે.

વરસાદના હજી કોઈ વાવડ નથી, અને–
અણધારી બીજ ફુટવા જેવી ખબર મળે.

મસ્તી તો બાજુએ રહી, માયુસી વધશે ઓર,
માદક–મધુર વસંત જો તારા વગર મળે.

સાચે જ સાવ ફીક્કી છે રજુઆત મારી; પણ–
આપો જો આપ દાદ તો રંગે–અસર મળે.

.6.

આંખોનું ખાલી ઘર ભરી દઈએ જરા–તરા,
કીલ્લોલ સ્વપ્નનો સ્મરી લઈએ જરા–તરા.

ક્યાં છે હવે એ લ્હેરતાં ઘેધુર રાત–દીન,
ખખડાટ સુકાં પાનનો છઈએ જરા–તરા.

જીવનના નામે બસ, હવે ખુલ્લી છે માત્ર આંખ,
દુષ્કાળે જાણે રોજ પર જઈએ જરા–તરા.

બાકી તો શ્વાસ એટલે ઘટમાળ યંત્રવત્,
બસ, કોઈવાર વાંસળી થઈએ જરા–તરા.

સાચું કે આંખ વાળી લીધી ઈંતઝારથી,
પણ છુટ આંસુને હજી દઈએ જરા–તરા.

.7.

જીન્દગી સાથે કોઈ ઝઘડો નથી,

બસ, હું ઉઠી જાઉં છું, રમતો નથી.

કોઈ આશા, કોઈ આશ્વાસન લઈ,
'તું નથી'ની ધારને ઘસતો નથી.

સાચ્ચેસાચ્ચાં આંસુ સાચવવાં છે, દોસ્ત!
ખોટેખોટું એટલે હસતો નથી.

થાકી, કંટાળીને પાછળ જોયું તો....
પાછા ફરવાને કોઈ રસ્તો નથી.

આખરે પણ હાલત એની એ જ, લે!
હું કફનમાં ને તને પરદો નથી!

.8.

વાત દીલની સૌને સમજાતી નથી,
માત્ર શબ્દોમાં એ કહેવાતી નથી.

જીરવી પળ પ્રાણઘાતક, પણ પછી,
જીન્દગી વીતે છે, જીવાતી નથી.
આંખમાં આંસુ નથી, એવું નથી;
છે છલોછલ, એથી છલકાતી નથી.

www.gujaratilexicon.com

મુકવાની છે હથેળી પર સુગમ,
ભાગ્ય પર કંઈ મહેંદી મુકાતી નથી.

એ નથી કંઈ શંખપુષ્પીનો કમાલ,
વસ્તુ હો સારી તો વીસરાતી નથી.

એવો સત્કારે સુરજને કે થતું–
ઓસથી ભીનાશ જીરવાતી નથી?

બસ, ગમું છું એને હું, ને એ મને,
વાત કંઈ આગળ ધપાવાતી નથી.

.9.

કુદરતી તજવીજ લઈ જન્મ્યો હતો,
આમ બસ, વાણી જ લઈ જન્મ્યો હતો.

રફતે–રફતે એ જ ઘરમાં ગોઠવી,
જુની જે ચીજ લઈ જન્મ્યો હતો.
વાંસ જેવો વસવસો ઉગ્યો છે, દોસ્ત!
ઝંખનાનું બીજ લઈ જન્મ્યો હતો.

મોતી સમ છટક્યું ખરા વખતે જ મન,
એક ક્ષણની વીજ લઈને જન્મ્યો હતો.

ના ગવાહી થઈ તે વાદળને લીધે,
ચાંદ બાકી બીજ લઈને જન્મ્યો હતો.

થઈ હીફાઝત હરવખત એથી જ તો,
પ્રેમનું તાવીજ લઈ જન્મ્યો હતો.

.10.

હોવાની ઘટના બાબતે કોઈ કડી વગર,
ચાલી રહી તપાસ કશી થીયરી વગર.

કંઈ તો હશે આ શ્વાસનો આધાર આખરે
ચાલે ન ચક્રવત્ કોઈ વસ્તુ ધરી વગર.

બારુદ કે ચીરાગ કે ઈંધણ, ગમે તે હો,
સળગે ન છેવટે કોઈ દીવાસળી વગર.
ખુશબુ ખરીદનારને હોતો નથી ખયાલ,
ફોરમ ના શોભે ફુલની મોજુદગી વગર.

એકાદ પંથી પુરતી એ પણ દઈ શકે,
વૃક્ષો ખજુરનાંય નથી છાંયડી વગર.

હા, થોડો વાંકો–ચુકો ને ખાબડ–ઉબડ છું; પણ–
જાણી લે કોતરો નથી બનતા નદી વગર.

પાગલ મને કહી રહ્યાં આ ડાહ્યાં લોક, દોસ્ત!
દાવો કરે, જે પ્રેમનો દીવાનગી વગર.

.11.

પહેલા અઘરો છું, પછી આસાન છું,
પહાડની ઉંચાઈ પર મેદાન છું.

પુણ્ય તારાં હોય તો તું પામશે,
પૃથ્વી પર હું સ્વર્ગનું સંસ્થાન છું.

કોઈને પરીચય ન મારી ધારનો,
મસ્ત મારામાં જ રહીને મ્યાન છું.
મુલ્ય અંકાશે નહીં કંઈ મારું આમ,
સળગું તો પરખાય કે લોબાન છું.

કંઈ સતત જન્મે અને મરતું રહે,
છું પ્રસુતીગૃહ કે કબ્રસ્તાન છું.

થઈ ગયો ખુલ્લો ને ખાલીખમ પછી,
ભીડની આ ભીંતે રોશનદાન છું.

પંકજ વખારીયા

કવી–સમ્પર્ક:

પંકજ વખારીયા,

એલ/૪, જી.પી.પાર્ક, ઉધના મગદલ્લા રોડ, વાયા ભટાર રોડ,

સુરત–395 001 મોબાઈલ: 98241 43951

ઈ.મેલ : pankajvakharia@yahoo.com

કવી સર્જન: ‘ૐ અથ શ્રીમદ્ ગઝલ’ ગઝલસંગ્રહ, પ્રકાશક : પોતે, પાનાં : ૮૦, કિંમત : રૂ.૧૦૮,

પ્રાપ્તીસ્થાન: ‘સાહીત્ય સંકુલ’, ચૌટાબજાર, સુરત–3 ૯૫003 તથા ‘સાહીત્યચીંતન’, કટારીયા પોળ, બાલા હનુમાન સામે, ગાંધી રોડ, અમદાવાદ–3 ८000१

♦●♦

323 : 31-05-2015

# મારે મરવું નથી કારણ કે..

– સોનલ પરીખ

અનુક્રમણીકા

આજથી આ 'સન્ડે ઈ.મહેફીલ' દસ વર્ષ પુરાં કરી,

'અગીયાર'મા વર્ષમાં પ્રવેશ કરે છે..

અમે, સૌ સર્જકોના, સમ્પાદનનાં કાર્યમાં સદાયના સહાયક સ્વજનોના અને દેશવીદેશે પથરાયેલા સૌ ગુજરાતીના રસીયા વાચકોના ઋણી છીએ..

એક જ અફસોસ કે રતીકાકા હવે આપણી વચ્ચે નથી..

'સ.મ.'ના સમ્પાદકો તરફથી સૌનો ખુબ ખુબ આભાર.. આભાર.. આભાર..

અને હવે વાંચો આજની આ અદ્ભુત વાર્તા...

***

'મારે મરવું નથી. મને બચાવી લો. કંઈ પણ કરો – મને જીવાડો.'

એ વૃદ્ધ સજ્જનનું ગળું ભરાઈ આવ્યું. ઉપસેલી નસોવાળા સુકા બરછટ હાથે તેમણે ખુરશીના હાથા એવી રીતે પકડી રાખ્યા હતા કે જો છોડી દેશે તો મૃત્યુ ઉંચકીને તેને લઈ જશે! ફીક્કી ચામડી બેબાકળા ચહેરા પર કંપતી હતી. આંખોમાં ડર અને

સ્તબ્ધતા થીજી ગયાં હતાં. તેઓ ખુબ અસહાય અને હતાશ લાગતા હતા. હવા પણ જાણે તેમની પીડાના વજનથી ભારે ભારે થઈ ગઈ હતી.

‘કેન્સર ઘણું વધી ગયું છે.’ હું શબ્દો ચોર્યા વગર બોલી. તેમ કર્યા વગર બીજો રસ્તો નહોતો.

‘એટલે કે કોઈ આશા નથી? પ્લીઝ, એવું ન કહો. કહો કે આશા છે. રીપોર્ટ ફરી વાર જુઓ. તમારા સીનીયરની સલાહ લો. નીદાનમાં કદાચ ભુલ હોય. તમે તો ડૉક્ટર છો. છેવટે એટલું કહો કે કૅન્સર જીવલેણ નથી.’

‘હું તમને લાંબો સમય વ્યવસ્થીત રાખવાની અને પીડા વગર જીવાડવાની કોશીશ કરીશ.’

‘પણ મારે મરવું જ નથી.’ તેમણે પોતાના ધ્રુજતા હાથમાં મારી હથેળી જકડી લીધી. તેમના હાથ ઠંડા હતા; મૃત શરીરના હોય તેવા. પણ તેમની હથેળીનો કંપ હું મારી હથેળીમાં અનુભવી રહી. થોડી વારે મેં મારો હાથ હળવેથી સેરવી લીધો.

નીચું જોઈ તેઓ માથું ધુણાવતાં બબડતા હતા : ‘મારે મરવું નથી. મારે મરવું નથી..’

*

દર વખતે આ જ દૃશ્ય ભજવાય. કોઈના માથા પર મૃત્યુ તોળાતું હોય, તેને મરવું ન હોય, તે બચવા માટે એવા કાલાવાલા કરે; જાણે અમે ડૉક્ટરો તેમને જીન્દગી આપવા સમર્થ હોઈએ! આ

બધાની અસર હું ડૉક્ટર છું તો પણ; મને થાય તો ખરી. રોગ અને મૃત્યુ પાસે આખરે માણસ અસહાય છે એ સ્વીકારવું કંઈ સહેલું નથી. તે છતાં અમે છેક સુધી લડયે જતા હોઈએ છીએ. આવી રીતે વર્તીને તેઓ મારો આત્મવીશ્વાસ તોડી નાખતા.

હવે વાતો પુરી થઈ ગઈ હતી. તેઓ આવતા ને આવતાંની સાથે રડવા માંડતા. હું પણ ચુપચાપ રહેતી. તેમને રડવા દેતી, જોતી રહેતી. મને કરુણા પણ ઉપજતી અને ધીક્કાર પણ જાગતો. એવું વાતાવરણ ઉભું થયું, જાણે આ સ્થીતીમાં મેં એમને મુક્યા હોય. અસાધ્ય કૅન્સરના મરણોન્મુખ રોગીઓની સારવાર ‘પેલીએટીવ કૅર’ની ખાસ તાલીમ મેં લીધી છે. અંત સમયની પીડા અને મૃત્યુને સહ્ય બનાવવામાં દર્દીઓને મદદ કરવી તે મારું કાર્યક્ષેત્ર છે. એટલે હું છેવટે તેમને આશ્વાસન આપતી, શાંત પાડવાની પુરેપુરી કોશીશ કરતી, થોડી આધ્યાત્મીક વાતો પણ કરતી; છતાં તેમનું રડવાનું કેમેય અટકતું નહીં. મારી ધીરજની કસોટી થવા લાગી ને અન્તે ક્ષોભ અને ત્રાસ પામીને હું તેમનો હાથ પકડી હળવેથી ઉભા કરતી અને બહાર મુકી આવતી. એક રડતો વૃદ્ધ બીમાર પુરુષ અને તેને બહાર મુકી જતી યુવાન ડૉક્ટર! એવું દૃશ્ય રચાતું કે બહાર બેઠેલાં દર્દીઓ, મારી રીસેપ્શાનીસ્ટ અને વૉર્ડબૉય સુધ્ધાં તેમના તરફ સહાનુભુતીથી અને મારા તરફ તીરસ્કારથી જોતાં. ક્યાંય સુધી મને કળ ન વળતી.

*

'તમે અત્યન્ત નીરાશ થઈ ગયા છો' એક દીવસ મેં કહ્યું.

'હા.' તેમની આંખો છલકતી હતી.

'તમને તકલીફ થાય છે. દુઃખાવો કે બળતરા?'

'હા... ના... કદાચ. ખબર નથી પડતી.' અને આંસુ સરવા માંડ્યાં.

ફરી વાર તેઓ હતાશાની અતળ ખાઈમાં ગરક થતા જતા હતા અને મને પણ ખેંચી જતા હતા. હું ખેંચાઈ રહી હતી. મને ગુસ્સો આવતો હતો. આખરે આયુષ્યના નેવુંમા વર્ષે મૃત્યુનો આટલો ડર શા માટે? સુખોદુઃખોથી ભરેલી એક લાંબી જીન્દગી તેમણે જીવી લીધી હતી, પછી આટલી વીહ્વળતા શા માટે? મને તેમના ખભા પકડી હલાવી નાખવાનું ને બુમ પાડીને પુછી લેવાનું મન થતું હતું :

'આખરે, દીકરીથીય નાની ઉંમરની ડૉક્ટર પાસેથી કેવા પ્રકારનું આશ્વાસન ઈચ્છો છો તમે?'

ખરેખર તો આ ક્ષણે એમની શાન્તી અને ધૈર્યમાં તમામ અસહાયતા ઓગળી જવી જોઈએ. મૃત્યુને ગરીમાથી સ્વીકારી લેતાં અનેક યુવાનો અને બાળકો પણ મેં જોયાં છે. આ પુરુષ આ ઉંમરે આટલો બધો નીર્બળ કેમ બને છે? આટલો બધો કેમ પડી ભાંગે છે કે કેમેય કરીને તેને ઉભો કરી શકાતો નથી?

મારી અકળામણ વધતી હતી. કદાચ બહાર દેખાતી પણ હશે. તેઓ ધ્રુજતા ધ્રુજતા ચુપચાપ બેઠા હતા. આંસુથી ખરડાયેલા ગાલ પર ફરી ફરી આંસુ વહેતાં હતાં.

મેં કહ્યું, 'કદાચ બીજા કોઈ ડૉક્ટર તમને વધુ મદદ કરી શકશે. હું...'

'ના, ના, મારે બીજા કોઈ પાસે જવું નથી. તમે મને છોડી ન દેશો.'

'ભલે, નહીં છોડું.'

'હું મરવા નથી માગતો મારે જીવવું છે કારણ કે... કારણ કે હું પ્રેમમાં છું.'

હું સ્તબ્ધ! પ્રેમમાં? આ ઉંમરે? કાન પર અથડાયેલા શબ્દો જાણે મનમાં પચતા નહોતા!

તેઓ તો જાણે ક્યાંક બીજે, બીજી દુનીયામાં ચાલ્યા ગયા હતા. મનમાં જાત સાથે વાત કરતા હોય એમ તેઓ બોલવા લાગ્યા, 'અમારાં લગ્ન થયાં ત્યારે તે સોળ વર્ષની હતી.' આટલાં ડર, પીડા અને કંપન વચ્ચે પણ તેમના ચહેરા પર એક કોમળ તેજ પથરાયું. થોડા ન સમજાય તેવા શબ્દો... પછી તેઓ ક્યાંય સુધી મૌન રહ્યા. મારા મનમાં ચીત્ર આવ્યું – સાગરના તળીયે એક મરજીવો છીપ ભેગી કરી રહ્યો છે. મનમાં ઉછળતી ઉત્સુકતા દબાવી હું ધીરજથી તેમને જોતી રહી.

અંતે મૌન તુટ્યું : 'મેં વચન આપ્યું હતું કે જીવનભર તેને સંભાળીશ.'

હું પારાવાર ક્ષુદ્રતા અનુભવતી હતી. 'મને કહ્યું કેમ નહીં?'

'તમે પુછ્યું નહોતું.'

'હવે પુછું છું. તમારાં પત્ની વીશે મને કહો.'

'કહું?' તેમના ચહેરા પર મેઘધનુષ ખીલી ઉઠ્યું.

'હા. બધું કહો.'

અને તેઓ કહેવા લાગ્યા – ભાગલા વખતે સર્વસ્વ ગુમાવીને થાકેલાં શરીર, વીચ્છીન્ન આત્મા અને ચાર નાનાં બાળકો સાથે આ દેશમાં આવેલાં પતી–પત્ની વીશે, દીવસે નાનીમોટી નોકરીઓ કરી રોટલો રળતા ને રાત્રે નાઈટ સ્કુલમાં ભણતા યુવાન વીશે, કરકસરથી ઘર ચલાવતી, બાળકોને કેળવતી ને સંઘર્ષરત પતીના હૃદય પર શાન્તીનો હાથ ફેરવતી પ્રીયતમા વીશે, યુવાનીનાં વીતતાં ગયેલાં વર્ષો, સંઘર્ષનાં ધીરે ધીરે મળતાં ગયેલાં ફળ અને આયુષ્યની સરતી જતી રફતાર વીશે. 'રોજ રાત્રે અમે છયે જણ ઢુંબો વળીને જે મળ્યું હોય તે પ્રેમથી ખાઈ લેતાં, એકબીજાને ખવડાવી દેતાં. થાકથી તુટી પડ્યો હોઉં ત્યારે એ ખભે હાથ મુકીને કહેતી – 'આપણે સાથે છીએ તો નવી જીન્દગી જરુર મળશે ને હું ભાંગેલી કમર સીધી કરી વીશ્વાસપુર્વક કામે લાગતો.'

આ બધું કહેતી વખતે તેમના અવાજમાં જરાય કંપ ન હતો. તેમણે કહ્યું, 'તમને કદાચ મારી વાત જુના જમાનાની, ચીલાચાલુ લાગશે. પણ સાચું તો એ જ છે કે, અમારા પ્રેમે જ અમને શક્તી આપી હતી. તેનું મોં જોઈને મારા પગમાં નવું જોમ આવતું ને મને જોઈને તેનામાં પ્રાણ પુરાતો. આમ જ જીવન વીત્યું, બાળકો મોટાં થયાં, દુઃખો પણ પુરાં થયાં અને હવે...'

ફરી તેમનો અવાજ તુટી ગયો. આંખો વહેવા માંડી. પણ હવે હું આ આંસુનું મુલ્ય જાણવા પામી હતી. પ્રેમનું આ કેવું સ્વરુપ હતું! જે પ્રેમ ગમે તેવી વીકટ પરીસ્થીતીમાં તેમને સ્થીર રાખતો હતો, તે જ પ્રેમ આ વયોવૃદ્ધ અવસ્થાએ તેમને બાળકની જેમ રડાવી રહ્યો છે! હું આમને ડહાપણના, સાંત્વનાના શબ્દો કેવી રીતે કહું? મને સમજાય છે, તેઓ સાચા છે. જેનો થરથરતો હાથ, હાથમાં લઈને જીવનભર સાથ આપવાનો કોલ દીધો હતો, જેને ગર્વથી, પ્રેમથી, અધીકારથી આજ સુધી રક્ષી હતી; તેને આ વૃદ્ધ અવસ્થાએ એકલી મુકીને જઈ શકાતું નથી. પણ જવું તો પડશે. આ મૃત્યુનો ડર નથી, વીયોગનો પણ નથી; બસ એક જર્જરીત વૃદ્ધ નારીમુર્તી સામે આવે છે ને ધૈર્યના બધા બંધ તુટી જાય છે.

'ના, તમે ચીલાચાલુ નથી. જુના જમાનાના નથી. આ પ્રેમ, આ સ્વપ્નો જ તો દરેક પુત્રનું જીવનબળ છે.'

તેમના હાથ પર હાથ મુકીને હું બોલી, 'તમારી વાત ખુબ જ સુંદર અને અત્યંત અદ્ભુત છે.'

તેમણે બે હાથમાં મારી હથેળી પકડી, 'એવું નથી. તમે આંખ ખોલીને જુઓ તો આવો પ્રેમ ઘણી જગ્યાએ દેખાશે.'

અને પહેલી વાર તેઓ શાન્તીપુર્વક ગયા. મને શાન્તી આપીને ગયા. હવે છેક મને સમજાયું કે તેઓ મારી પાસેથી શું ઈચ્છતા હતા. મારે તેમના હૃદય સુધી પહોંચવાનું હતું. તેમની પીડા સમજવાની હતી. દવા કે ઈલાજમાં નહીં; તેમની શાન્તી પોતાના મનની વાત વહેંચવામાં હતી.

મને મારી અધીરાઈ માટે શરમ આવતી હતી. કેટલી ઉપરછલ્લી હતી મારી યુવાની અને જીવન તો કેટલું ગહન, કેટલું શાન્ત! ધીમા, ડગમગતા, સરખું સાંભળી કે બોલી ન શકતા જીર્ણ શરીરવાળા વૃદ્ધોને જોઈ તેમને નીરુપયોગી, નકામા, અકારણ જીવ્યા કરતા અને સંવેદનવીહોણા ધારી લેતા વાર નથી લાગતી; પણ યુવાનીનો ચળકાટ એક દીવસ ખલાસ થઈ જાય છે. ત્યાર પછી પણ પ્રેમ જીવતો હોય છે; જીન્દગીનો અર્થ જીવતો હોય છે. જો જોવા માગીએ તો દેખાય; અનુભવવા માગીએ તો જોઈ શકાય.

એ મારું છેલ્લું મીલન હતું. ત્યાર પછી તેઓ કદી ન આવ્યા. એક દીવસ સમાચાર મળ્યા કે તેઓ મૃત્યુ પામ્યા છે. મેં ઑફીસમાં કહેવડાવ્યું કે તેમને ત્યાંથી કોઈ પેપર્સ લેવા આવે તો મને મળે.

અઠવાડીયા પછી તેમના પુત્રને મળવાનું થયું. ચાલીસેક વર્ષનો ગંભીર સમજદાર પુરુષ. મેં પુછ્યું, 'તેમની છેલ્લી પળો કેવી વીતી?'

'શારીરીક કષ્ટની ફરીયાદ નહોતા કરતા. પણ જીવ જતા વાર લાગી. વારે વારે મા સામે જોયા કરતા હતા.'

'અને તમારાં મા?'

'મારી મા છેલ્લાં વીસ વર્ષથી અંધ છે. તેની સારસંભાળનો બધો જ ભાર છેક સુધી પીતાજીએ ઉપાડ્યો. અમે ઘણું કહ્યું કે નર્સ રાખીએ, કૅરટેકર રાખીએ; પણ ન માન્યા. કહે, મારે બીજું કામેય શું છે? અત્યાર સુધી એણે મારી કેટલી સેવા કરી છે. થોડું હુંયે કરું ને નાનુંમોટું બધું પોતે જ કરતા. રોજ બહાર લઈ જાય. ઝીણું ઝીણું વર્ણન સતત કરતા જાય ને મા તેમનો હાથ પકડી ચાલતી હોય, રસથી સાંભળતી હોય. વચ્ચે પુછતી જાય, 'આ ઘંટડી શાની વાગી?' 'બાજુમાંથી શું દોડી ગયું?' 'આજે પાંદડાં કેમ બહુ ખખડે છે?' ઘરમાં પણ બન્ને સાથે ને સાથે જ-' પછી ગળું ખંખેરી કહે, 'જોડી તુટી, ડૉક્ટર.'

'તમારાં મા બહુ દુઃખી થયાં હશે?'

એ ભાઈ નીચું જોઈ ગયા. થોડી વારે કહે,

'શાન્ત હતી. આમ તો એક વાર બોલી હતી – 'સારું થયું, મારા પહેલા તેઓ ગયા. મારે પહેલા જવાનું થાત તો એમને એકલા છોડી કેમેય જઈ ન શકત. તેમની જેમ વલખતી રહેત.'

મેં પુછ્યું, 'તને કોણે કહ્યું તેઓ વલખતા હતા? તો બોલી નહીં. છલકતી આંખે નીચું જોઈ ગઈ.'

'તમે કહ્યું, શાન્ત હતી – 'હતી' શબ્દ વાપરેલો ને?'

'હા.'

'એટલે – એટલે કે...'

'પીતાજી ગયા પછી ચાર દીવસે મા પણ મૃત્યુ પામી. ઉંઘમાં જ ચાલી ગઈ. પેલે દીવસે બોલી હતી કે હવે જીવીને શું કામ છે? ભગવાનની માળા કર્યા કરતી હતી આખો દીવસ.'

દર્દીના મૃત્યુ પછી સગાવહાલાને મળવાનો પ્રસંગ આવી રીતે ક્યારેક આવે. તેવે વખતે તેઓ વાતો કરવા આતુર હોય છે. તેમની લાગણીઓ ઘવાય નહીં, તેવી રીતે વાત ટુંકાવવાની અમને તાલીમ અપાય છે. હું પણ આ શીખી છું. સૌજન્ય જાળવીને થોડામાં પતાવવું એ નીયમને અનુસરું છું. પણ તે દીવસે એ નીયમ મેં તોડ્યો. એ ભાઈએ તેમના પીતા વીશે ઘણી બધી વાતો કરી, કે દાદા કેવા ગરમ સ્વભાવના પણ અત્યન્ત પ્રેમાળ હતા. રેફ્યુજીઓને કેટલી મદદ કરતા, પરીવારને કેટલો ચાહતા. અનેક પ્રસંગો. આ બધી વાતો મેં પુરી સાંભળી. પણ મારી આંખો સામે એક જ દૃશ્ય રચાતું રહ્યું – ઝુકી આવેલું આકાશ, સાંકડો રસ્તો, એકબીજાંનો હાથ પકડી ચાલ્યું જતું દમ્પતી અને તેમના પર મંજરીઓ ખેરવતાં ઘટાદાર વૃક્ષો!

*

દર્દીઓ તરફ જોવાની એક નવી દૃષ્ટી મને મળી છે. વ્હીલચૅરમાં બેઠેલા, અધ્ધર જીવ અને ખોવાયેલી દૃષ્ટીવાળા, જીર્ણ-કંપતા શરીરવાળા વૃદ્ધોને જોઈને હું મારી જાત સાથે એક કમીટમેન્ટ કરું છું કે, તેમના અન્તની ઘોષણા કરવાની ઉતાવળ કરવાના બદલે હું તેમની સફરના મુકામોને, તેમની સાથે માણીશ. તેમની સ્મૃતીની અને મારી સમજની ગ્રંથીઓને ઓગાળીશ.

આખરે, આપણે શું જોઈએ – મુક્તી, વીમોચન. ખરું ને?

– સોનલ પરીખ

(પ્રસીદ્ધ ‘કુમાર’ માસીકના 2011 એપ્રીલના ‘એક હજાર’મા ‘વાર્તા–વીશેષાંક’ના પાન 479 પરથી સાભાર..)

સર્જક–સમ્પર્ક :

SONAL PARIKH (sonalparikh1000@gmail.com);

Mobile : 092214 00688

સમ્પર્ક : ‘જન્મભુમી ભવન’, જન્મભુમી માર્ગ, ફોર્ટ, મુંબઈ – 400 001 (લેખીકા ‘જન્મભુમી'ના તંત્રીવીભાગમાં કાર્યરત છે)

324 : 14-06-2015

# જીવતરનો નીચોડ

–આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

ડૉ. પ્રકાશસીંહ એટલે સૌને વહાલા દાદાજી. કુટુમ્બીજનો હોય કે મીત્રો, સગાં-સ્નેહી હોય કે એમના દર્દીઓ – દરેકને એમને માટે ભારોભાર સ્નેહ અને આદર. ડૉકટરસાહેબ આયુષ્યનાં 75 વર્ષ પુરાં કરીને 76માં પ્રવેશવાના હતા. આખા પરીવારે મળીને આ પ્રસંગ યાદગાર બની રહે એ રીતે ઉજવવાનું નક્કી કર્યું હતું. પૌત્ર આકાશ અને એની પત્ની રુચી, બેઉ ડૉક્ટરસાહેબ માટે જાણે ડાબી-જમણી આંખ. તેથી જ દાદાજી માટે કંઈક અનોખી ભેટ લાવવાની જવાબદારી એ બન્નેને સોંપાઈ હતી.

‘ના, ના, શર્ટ-પેન્ટ નથી લેવાં. એ તો સાવ ઓર્ડીનરી લાગે. દાદાજી માટે કંઈક ‘યુનીક’ ગીફ્ટ લેવી જોઈએ.’ રુચીએ કહ્યું.

‘શાલ, શર્ટ-પેન્ટ બધી વસ્તુની ના પાડે છે તો લઈશું શું?’ આકાશ અકળાયો હતો. અચાનક રુચીની નજર સામેની ગીફ્ટશૉપ તરફ ગઈ. દરેક ચીજ આકર્ષક રીતે સજાવીને મુકેલી હતી. દુકાનદાર પણ હસમુખો અને ગ્રાહકની વાત તરત સમજી લે એવો હતો. એણે એક એકથી ચડીયાતી પેન બતાવવા માંડી.

રુચીએ જોયું કે કઈ પેનથી વધુ સારું લખાય છે. એ જોવા માટે રફ પેપર પર લખતી વખતે આકાશ R.Y.P એમ ત્રણ અક્ષરો જ દર વખતે લખતો હતો. અન્તે બન્નેએ ‘ક્રોસ’ની એક પેન અને સુન્દર કોતરણીવાળી એક ફોટોફ્રેમ પસંદ કર્યાં.

‘જુઓ સાહેબ, ફ્રેમમાં તમે કોઈનો ફોટો કે કશુંક લખાણ મુકવા માગતા હો તો કહો. બે દીવસમાં તૈયાર કરી આપીશ.’

રુચીનું સુચન હતું, ‘દાદાજીનો ફોટો મુકાવીને નીચે ‘75’નો આંકડો લખાવીએ.’

‘હા, પણ ફ્રેમમાં સૌથી ઉપર R.Y.P. અક્ષરો સોનેરી રંગમાં લખજો. અને હા, આ પેન પર પણ R.Y.P. લખી શકાય ને?’ આકાશે દુકાનદારને પુછ્યું.

‘હા હા, ચોક્કસ લખી શકાય, સર! બન્ને વસ્તુ બે દીવસ પછી આપું તો ચાલશે?’

રસ્તામાં રુચીએ પુછ્યું : ‘આકાશ, આ R.Y.P. અક્ષરોનો અર્થ શો છે?’

આકાશે માથું ખંજવાળતાં કહ્યું : ‘રુચી, સાચું કહું તો એની પાછળનું રહસ્ય મને પણ ખબર નથી. દાદાજીએ એમનાં બધાં પુસ્તકોના પહેલા પાને R.Y.P. લખ્યું છે. પપ્પા પણ કહેતા હતા કે, આ અક્ષરો પાછળનો ભેદ શો છે એ દાદાજીએ હજી સુધી કોઈને કહ્યું નથી.’

ડૉક્ટરસાહેબની વર્ષગાંઠની પાર્ટી બરાબર જામી હતી. આવનારા મહેમાનો ડૉક્ટરને મુબારકબાદી આપવામાં, એકમેકને મળવામાં અને વાતો કરવામાં મશગુલ હતા ત્યારે મોકો જોઈને રુચીએ ધડાકો કર્યો :

‘હવે દાદાજી આપણને એમના જીવન વીશે, એમના અનુભવો વીશે, થોડી પ્રેરણાદાયી વાતો તો કરશે જ; પણ સાથે સાથે R.Y.P. અક્ષરો સાથે એમનો શો સમ્બન્ધ છે એની વાત પણ કરશે.’

પ્રકાશસીંહના પ્રભાવશાળી ચહેરા પર એક ભરપુર અને અર્થસભર જીન્દગી જીવ્યાનો સંતોષ છલકાતો હતો. કંઈક સંકોચ સાથે એમણે શરુઆત કરી :

‘આજે જીન્દગીમાં હું જે મુકામ પર પહોંચ્યો છું એનું મોટા ભાગનું શ્રેય આ R.Y.P. અક્ષરોને આપી શકું. જો કે, આ વીશે કાંઈ કહેતાં પહેલાં મારે 1948ની સાલના યાતનાભર્યા અને લોહીયાળ દીવસોમાંથી પસાર થવું પડશે જ્યારે ચારે બાજુ મારો, કાપો અને આ હીન્દુ, આ મુસ્લીમ એવા આગ ઝરતા શબ્દો સંભળાતા હતા. ભાગલાના એ કપરા સમયમાં પાકીસ્તાનના પંજાબમાં ઘર-બાર, માલ-મીલકત સઘળુંય છોડીને અમારો પરીવાર ચાલી નીકળ્યો હતો. ભાગીને હીંદુસ્તાન આવ્યા પછી, નીરાશ્રીતોની છાવણીમાં કાઢેલા દીવસો ખુબ કપરા હતા; પણ ફક્ત ને ફક્ત મારા પીતાજીની હીમ્મત અને ધીરજને સહારે જ

www.gujaratilexicon.com

અમે ટકી ગયા. આ પ્રસંગે હું એમને યાદ કરીને નમન કરું છું. દાદાજીનું ગળું રુંધાઈ ગયું. રુચી દોડીને પાણીનો ગ્લાસ લઈ આવી.

'જેમ તેમ કરતાં અમે નવા વાતાવરણમાં ગોઠવાયા તો ખરાં; પણ હું બરાબર સમજતો હતો કે, પીતાજી પર અસહ્ય બોજો આવી પડ્યો છે. ત્રણ ત્રણ સંતાનોને ભણાવવાં-ગણાવવાં અને હમ્મેશાં બીમાર રહેતી પત્નીની કાળજી રાખવી એ તો ખરું જ; ઉપરાંત તદ્દન અજાણી જગ્યામાં નવેસરથી જીન્દગી શરુ કરવી. તોય હમ્મેશાં હસતાં હસતાં માને કહેતા, આજે ભલે મુસીબત વેઠવી પડે; પણ કાલે આપણા છોકરાઓ હીરાની માફક ઝળકી ઉઠશે.

'મને અમૃતસરની મેડીકલ કૉલેજમાં એડમીશન મળ્યું. મેં રાત-દીવસ જોયા વીના સખત મહેનત કરવા માંડી. મીત્રો હૉટેલમાં જમવા કે આઈસ્ક્રીમ ખાવા બહાર જતા હોય કે સીનેમાની મજા માણવાના હોય, હું સતત મારા મનને સમજાવતો કે, 'તને આ બધું ન પોષાય' – 'રીમેમ્બર યુ આર પુઅર – R.Y.P.' મેસનું બેસ્વાદ ભોજન ખાઈ ખાઈને કંટાળેલા અને થાકેલા મનને હું કાગળ પર R.Y.P લખી લખીને સમજાવતો. હું વીચારતો કે, પીતાના અથાક પરીશ્રમથી કમાયેલી એક પાઈ પણ વ્યર્થ ખર્ચવાનો મને અધીકાર નથી. એવા સંજોગોમાં મનને સમજાવવાનું અઘરું જરુર હતું; પણ અશક્ય તો નહોતું જ.'

સૌ આમંત્રીતો પ્રશંસાભરી નજરે પ્રકાશસીંહ સામે જોઈ રહ્યા હતા અને એમનો એક એક શબ્દ ધ્યાનથી સાંભળી રહ્યા હતા. 'ડૉક્ટર થયા પછી ભલે મેં મારી પોતાની હૉસ્પીટલ બનાવી અને ખુબ ખ્યાતી પ્રાપ્ત કરી; પણ પેલા R.Y.P. ને હું એક દીવસ માટે પણ ભુલ્યો નહીં. એ અક્ષરોએ જ મને નમ્ર, દયાળુ અને સંવેદનશીલ બનાવ્યો અને મારા સાથીઓ અને દર્દીઓએ આ અક્ષરોને કારણે જ મને અઢળક પ્રેમ આપ્યો. એમણે જ હમ્મેશાં મને મારા મુળ સાથે જોડેલો રાખ્યો છે. હું તો માનું છું કે આ અક્ષરો જાણે મારા જીવતરનો નીચોડ છે.'

પ્રકાશસીંહે પોતાની વાત પુરી કરી ત્યારે ત્યાં બેઠેલા બધા સ્તબ્ધ થઈ ગયાં હતાં. આકાશ અને રુચીએ દાદાજીને પગે લાગીને એમના હાથમાં પેન અને ફોટોફ્રેમ મુક્યાં ત્યારે ડૉક્ટર સાહેબ ભાવવીભોર થઈ ગયા. એમની આંગળીઓ મમતાપુર્વક R.Y.P. અક્ષરોને એક એક કરીને સ્પર્શી રહી.

(રણજીતસીંહ સહેગલની અંગ્રેજી વાર્તાને આધારે.. 'ભુમીપુત્ર' પાક્ષીકના સપ્ટેમ્બર-2011ના અંકમાંથી સાભાર..ઉત્તમ ગજ્જર..)

–આશા વીરેન્દ્ર

સર્જક–સમ્પર્ક : બી–401, 'દેવદર્શન', પાણીની ટાંકી પાસે, હાલર, વલસાડ– 396 001 ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137 ઈ–મેઈલ : avs_50@yahoo.com

♦●♦

325 : 28-06-2015

## ગઝલ

–પારુલ ખખ્ખર

અનુક્રમણીકા

.1.

ભીતરે રમખાણ જેવું છે કશું,
યુદ્ધનાં એંધાણ જેવું છે કશું.

ખોખલાં છે આમ તો આ પુતળાં,
આમ તો પાષાણ જેવું છે કશું.

કાં હજુ ચચરાટ આ મટતો નથી!
પીઠ પાછળ બાણ જેવું છે કશું?

ચોકડી મુક્યા પછી તો હોય શું?
તે છતાં ખેંચાણ જેવું છે કશું.

ના ચણો ઉંચા મીનારા ત્યાં હવે,
એ સ્થળે પોલાણ જેવું છે કશું.

સૌ તને હારી ગયા છે જંગમાં,
છે તને, કંઈ જાણ જેવું છે કશું?

લઈ શકું બદલો છતાં લેવો નથી,
મીત્રતાની આણ જેવું છે કશું.

.2.

જીત્યો પ્રથમ સ્વભાવ પછી કામ થઈ ગયું,
છોડ્યાં બધા લગાવ પછી કામ થઈ ગયું.

બહુ બોલકા થયા તો સમાચાર થઈ ગયા,
છુપાવ્યા હાવભાવ પછી કામ થઈ ગયું.

લઈ શ્રાપ ગત જનમનાં ફરી અવતરી તરસ,
ખોદાવી એક વાવ પછી કામ થઈ ગયું.

ઉભા રહી જતે તો વીસામા ઘણા હતા,
ઠેકી ગયા પડાવ પછી કામ થઈ ગયું.

આ તખ્ત જીતવામાં હણાયું નથી કશું,
માર્યા સતત અભાવ પછી કામ થઈ ગયું.

ત્યાં દેર પણ નથી અને અંધેર પણ નથી,
પહોંચાડી ફક્ત રાવ પછી કામ થઈ ગયું.

જ્યાં નમ્રતા ચલણમાં નથી એ જગા ઉપર,
છાંટ્યો જરી પ્રભાવ પછી કામ થઈ ગયું.

.3.

છે શર્ત એટલી બસ થાકી શકો નહીં,
પણ અર્થ એ નથી કે હાંફી શકો નહીં.

આ લાગણીનું વસ્તર લ્યો જર્જરીત થયું,
બે-ચાર થીગડાં દઈ સાંધી શકો નહીં.

લઈને અડગ ઈરાદા આગળ જનારની,
પાછળ પડી શકો; પણ આંબી શકો નહીં.

ધારી શકો તો બેશક ધાર્યું કરી શકો,
તેથી જનાબ, કંઈ પણ ધારી શકો નહીં.

જો કાંચળી ગણો તો ફેંકી શકાય છે,
પણ ચામડી ગણો તો ત્યાગી શકો નહીં.

ચાલ્યા જવું સરળ છે; પણ ધ્યાનમાં રહે,
પાછા વળી શકો છો, આવી શકો નહીં.

.4.

કેટલું ભોંમાં ભરી બેઠાં છીએ,
ને તમે માન્યું ઠરી બેઠાં છીએ!

એકપણ છેડો મળે ના ગુંચનો,
એટલું અઘરૂં કરી બેઠાં છીએ.

જીન્દગીભર જે કમાયા એ બધું,
એક ક્ષણમાં વાપરી બેઠાં છીએ.

છે હરણ જેવી તરસની તીવ્રતા,
ને ચરણમાં રણ ભરી બેઠાં છીએ.

સાબદાં રહેજો હવે કંઈ પણ થશે,
સત્ય જેવું આચરી બેઠાં છીએ.

કાશ કે ચકડોળ આ અટકે હવે,
સેંકડો ફેરા ફરી બેઠાં છીએ.

લ્યો હવે 'પારુલ' ફરી જીવ્યા કરો,
જીવ થઈને અવતરી બેઠાં છીએ.

**.5.**

અવાજ થાય નહીં સાવ આમ ભીતરથી,
થઈ રહી છે કશી ધુમધામ ભીતરથી.

શું કામ રોજ પડે આખડે છે આ રસ્તે!
મળી જશે જ તને નામ-ઠામ ભીતરથી.

સજાગ હોય છતાં આખરે તો માણસ છે,
મળે છે ખાનગીમાં ક્રોધ-કામ ભીતરથી.

ત્વચા ઉપર જે હતો ડાઘ; સહેજ ઢાંક્યો છે,
પરંતુ તોય કળે છે રોજ ડામ ભીતરથી.

નહીં કળાય કદી બહાર કોઈને 'પારુલ'
શ્વસી રહ્યું છે હૃદય એક નામ ભીતરથી.

**.6.**

ધારણાની પાર છું તું ધારવાનું બંધ કર,
કોઈ પણ રીતે મને આકારવાનું બંધ કર.

www.gujaratilexicon.com

હું જ શીલ્પી, હું જ પથ્થર, ટાંકણું હું થઈ ગઈ,
મહેરબાની કર હવે, કંડારવાનું બંધ કર.

શબ્દના તોખારને સરહદ નડે ના ચોકઠું,
તું સુંવાળા ઘાસ પર હંકારવાનું બંધ કર.

તાવણીમાં જાત મુકી છે, ભલે તપ્યા કરે,
ફુંક મારી આગને તું ઠારવાનું બંધ કર.

આંગળાની છાપ જેવાં કાવ્ય મારાં છે અસલ,
તું બીલોરી કાચ લઈ પડકારવાનું બંધ કર

.7.

ફરી હાંસીયામાં ધકેલાઈ જાશું,
અગર હાથ છુટ્યો, વીખેરાઈ જાશું.

મળી ભેજવાળી હવા જેવી કીસ્મત,
હથેળીમાં ચુપચાપ ઘેરાઈ જાશું.

નથી કાંઈ અઘરા, નથી ગુંચ જેવા,
જો હળવેથી છેડો, ઉકેલાઈ જાશું.

બધા દાખલાનો મળી જાય તાળો,
કરી બાદબાકી ઉમેરાઈ જાશું.

પછી લાખ મથવાથી જડશું નહીં કૈં,
પ્રથમ આડે હાથે જો મેલાઈ જાશું.

અમે માનતાઓનાં શ્રીફળ સરીખાં,
તમે જ્યાં કહો ત્યાં વધેરાઈ જાશું.

.8.

અમે હેત–હેલી, અમે સાવ આળા,
મળ્યા તે છતાં બારમાસી ઉનાળા.

પ્રથમ દીલ ગજા બા'રનું ખેલી નાંખે,
પછી શાખ વેચી ને કાઢે દીવાળા.

હતી તો ડગર જાણે ફુલોની જાજમ,
મેં માંગીને લીધા છે કાતીલ શીયાળા.

જરા ઢીલ આપે, ચગાવે, કપાવે,
સમય, ખેલ તારા બધાથી નીરાળા.

લગાવી મલમ ‘હાશ’ બોલીને બેઠાં,
ખુલ્યા ત્યાં તો ધસમસ પીડાઓનાં તાળાં.

પ્રગટ થઈ જશે તો તો શું શું ન થાશે!
ગનીમત કે મનનાં છે છુપાં છીનાળાં.

હવે જાતરાને વીસામો મળે બસ,
નથી ભેદવા લાખ જન્મોનાં જાળાં.

.9.

નવેસરથી બધું આલેખવા તૈયાર છું હું,
ગમાડી ના શકો તે છેકવા તૈયાર છું હું.

ખજુરી જેટલાં છાંયાની આપો ખાતરી તો,
ફરીથી એ જ રણને વેઠવા તૈયાર છું હું.

ભલે આંબા નહીં; બે ચાર તરણાં તો ઉગેને?
લઈ જોખમ, ખરાબો ખેડવા તૈયાર છું હું.

અગર એ પ્રેમ હો, કે જંગ હો, લજ્જત મળે તો,
નીયમ નેવે મુકીને ખેલવા તૈયાર છું હું.

સભામાં આપના સીક્કા પડે એ પુરતું છે,
અહમ્ છોડી ખુણામાં બેસવા તૈયાર છું હું.

ઉછાળીને, ઉખેળીને, વીખેરીને ગયા છો,
પથારા એ બધા સંકેલવા તૈયાર છું હું .

નમો જો આંગળી, તો વેંત નમવાની પ્રથા છે,
મીલાવો હાથ તો, તો ભેટવા તૈયાર છું હું.

.10.

ચુપચાપ આંખોમાં તરસ લઈને સતત વાંછ્યા ન કર,
છું મેઘ સાંગોપાંગ, જા.. પલળી, ફકત તાક્યા ન કર.

પાછોતરો વરસાદ હું; ને તેં ચરણમાં રણ ભર્યાં,
ધસમસ વહી જા દ્વાર, ભોગળ, સાંકળો વાસ્યા ન કર.

અણઘડ નદી છું; તોય કાંઠે કાંપની લ્હાણી કરું,
ફણગી જશે, તું થોર કે એવું કશું વાવ્યા ન કર.

સ્થળ-કાળને પણ અવગણી આવી શકું તારા સુધી,
કાં આપ સરનામું, અને કાં તો ઈજન આપ્યા ન કર.

એંધાણ તો દે! કઈ ગલીમાં કાફલો અટકી ગયો,
બે-ચાર ડગ છેટું રહ્યું ત્યારે હવે થાક્યા ન કર.

મનફાવતા અર્થો સુધી લઈ જઈ શકે એ શબ્દ હું,
મારા ફલકને સાવ તારા ગજ વડે માપ્યા ન કર.

તું પત્ર કોરો દઈ હજી ઠાલાં કબુતર મોકલે,
સંકેત દઈને આમ તું મોઘમ મને ચાહ્યા ન કર.

.11.

ઈચ્છાઓનાં રણમાં ખુલ્લા પગ લઈને દોડ્યા કરવાને જીવવું કહે છે?
કે મધમીઠાં સપનાંઓની ગોળીને ચુસ્યા કરવાને જીવવું કહે છે?

મોઢે તાળાં મારીને આ દ્યુતસભાનાં ચીરહરણ જોયા કરવાનાં!
જાણી જોઈ આંખે પાટા બાંધીને દેખ્યા કરવાને જીવવું કહે છે?

જડબાં દુઃખે, સ્વાદ વછુટે તોયે ના આ ચીંગમ જેવા દીવસો ખુટે,
રબ્બર જેવી રાતોને ખેંચી ખેંચી છોડ્યા કરવાને જીવવું કહે છે?

એક ડણકમાં પથ્થર પથ્થર, પાને પાને રાજા થઈ પડઘાઈ તો જો!
નીરુદ્દેશે, ઘેટાં ચાલે, ટોળું થઈ ચાલ્યા કરવાને જીવવું કહે છે?

શીશ ઉઠાવી, છાતી કાઢી, યમની સામે ઉભા રહેવું એ જીવતર છે,
માંગણ થઈને શ્વાસે શ્વાસે રોજ હવા માંગ્યા કરવાને જીવવું કહે છે?

પારુલ ખખ્ખર

કવીસંપર્ક: 'તીર્થ' ૧૫૩– ગુરૂકૃપા નગર, ચીતલ રોડ, અમરેલી,
મોબાઈલ–94298 89366
ઈ–મેઈલ: parul.khakhar@gmail.com
કવીસર્જન: 'લઈને અગીયારમી દીશામાં' અગીયાર કવીઓનો સંયુક્ત ગઝલસંગ્રહ

@@@

'સન્ડે ઈ–મહેફીલ'માં રજુ થઈ ચુકેલી રચનાઓની આવી તેર ઈ–બુક્સ બનાવી છે. ભાગ ૧ થી ૧૩. દરેકમાં પચીસ–પચીસ કૃતીઓ છે. આ ભાગ પછીના કે પહેલાંના ભાગ જો તમને ન મળ્યા હોય તો તે મેળવવા લખો : ..ઉત્તમ.મધુ ગજ્જર.. – uttamgajjar@gmail.com – સુરત

♦●♦